Shri K. N. JADAV

પરમ શ્રધ્ધેય પૂજયપાદ

સંત શ્રી આશારામજી બાપુ

સાબરમતી - અમદાવાદ.

B.SHAH

VISTARTHI VIRAM
By : Sant Shri Asharamji Bapu

પ્રકાશક
શ્રી યોગ વેદાન્ત સેવા સમિતિ
સંત શ્રી આશારામ આશ્રમ
સંત આશ્રમ રોડ, સાબરમતી, અમદાવાદ-૫.
ફોન : ૬૫૧૧૦

પ્રથમ આવૃત્તિ : ડીસેમ્બર '૮૩ પ્રત : ૬૦૦૦

મૂલ્ય : **સાડા ચાર રૂપિયા**

મુદ્રક :
બેલા ટાઈપ સેટિંગ વર્ક્સ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

આવરણ :
નટવરસ્મૃતિ પ્રિન્ટર્સ
રાયપુર, અમદાવાદ.

સાધક હલેસાં માર રે,
તારે જાવું છે ભવની પાર...

પ. પૂ. સંત શ્રી આશારામજી બાપુ

કરોડો લોકો જે સત્સંગ નથી સાંભળતા, કરોડો લોકો જ્યાં નથી આવતા, કરોડો લોકો જે આત્મજ્ઞાનની ચર્ચા નથી પામતા, કરોડો લોકો જે સત્શાસ્ત્રો નથી વાંચતા, કરોડો લોકોમાં જે શ્રદ્ધા નથી જાગતી એ બધી જ બાબતો પુણ્ય-સંચયના પ્રતાપે તમારી અંદર છે. તમારા પર પ્રભુની કૃપા છે કે તમને સત્સંગ અને સંતોનો સંગ સુલભ છે, તમારામાં સંતો પ્રત્યે, સત્શાસ્ત્રો પ્રત્યે પ્રેમ છે, શ્રદ્ધા જાગૃત છે, આત્મ-જ્ઞાનની ચર્ચા સાંભળવામાં રુચિ છે. ત્યારે તો વારંવાર શહેરથી આટલે દૂર જંગલમાં, ટાઢ, તાપ કે વરસાદને ગણ-કાર્યા સિવાય, કાચા રસ્તે ચાલતા આવો છો. તમારામાં તિતિક્ષા છે. આટલા બધા સુંદર સંજોગો છે, તો હવે સાધના માટે જે કંઈ કરો, જપ, તપ, ધ્યાન, ત્યાગ, સેવા, ઈત્યાદિ કરો તે સાવધાન થઈને કરો, કર્તૃત્વનો બાધ થાય એ લક્ષ્ય દૃષ્ટિ સમક્ષ રાખીને કરો. માત્ર મનથી માનીને નહિ પણ વાસ્ત-વિકતા જાણીને કરો, જ્ઞાનમાં જાગીને કરો. અસાવધાનીના અંધકારમાં સાધના કરશો તો ફાંફાં મારવામાં સમય વીતી જશે, જીવન બોજો બનશે. સાવધાની, સજગતા અને જ્ઞાનના પ્રકાશમાં સાધના કરશો તો તરત જ અવિનાશી આરામના ઓવારે પહોંચી જશો, સમય બચી જશે, જીવન મધુર સહેલગાહ બની જશે, આત્માનંદનો પ્રસાદ જલ્દી મળી જશે.

ꕥ આ ગજરાનાં પુષ્પો ꕥ

卐

વિસ્તારથી વિરામ

પ. પૂ. સંતશ્રી આશારામજી બાપુ

[આશ્રમમાં ધ્યાનયોગ શિબિરમાં તા. ૧-૫-૮૩ ને રવિવારે વિશાળ સાધક સમુદાયને જ્ઞાનસરિતામાં સ્નાન કરાવી રહેલ પૂજ્યશ્રીની અમૃતવાણી :]

કબીરજી કહે છે :

बहुत पसारा मत करो कर थोड़े की आश ।
बहुत पसारा जिन किया वे भी गये निराश॥

જેમણે સંસારનો ખૂબ વિસ્તાર કરી દીધો છે, જેમને ઘણી જગ્યાએ આસક્તિ થઇ ગઇ છે એવા લોકો માટે કબીરજીના આ સુવર્ણ અક્ષર છે. बहुत पसारा मत करो....

આ નોંધવા જેવું, ગોખવા જેવું, રાખવા જેવું, પચાવવા જેવું લાગે છે કે નથી લાગતું?

વિસ્તાર શા માટે નહિ?

સંસારનો વધારે વિસ્તાર કરવાથી શું થાય છે? વધારે વિસ્તાર કરવાથી આપણી ચેતના બહુગામિની થઇ જાય છે, વિખરાઈ જાય છે. વિખરાયલી ચેતના આપણને આપણા ઘરથી દૂર લઇ જાય છે. આટલા માટે જ શ્રીકૃષ્ણનાં વચન છે કે:

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥

"હે પાર્થ ! પરમાત્માના ધ્યાનના અભ્યાસ રૂપી યોગથી યુક્ત, બીજે ક્યાંય ન જનારા ચિત્તથી નિરન્તર ચિંતન કરનાર મનુષ્ય પરમ પ્રકાશરૂપ દિવ્ય પુરુષને અર્થાત્ પરમાત્માને જ પ્રાપ્ત થાય છે."

(ગીતા : ૮.૮)

જીવન શા માટે છે ?

આપણે વિખરાઇ ગયા, વહેંચાઈ ગયા, વિકેન્દ્રિત થઇ ગયા. આપણને ખબર જ નથી કે ભણીએ છીએ શા માટે ? ભણીએ છીએ પાસ થવા માટે. પાસ થઇએ છીએ કમાવા માટે. કમાઇએ છીએ ખાવા માટે. ખાઇએ છીએ જીવવા માટે. જીવીએ છીએ શા માટે એ કોઈને ખબર જ નથી. ધ્યાન આપજો જરા. જીવીએ છીએ શા માટે ?

કોઇ જવાબ નથી. બસ, જીવીએ છીએ.

કોઈ વધારે ડાહ્યો હશે એ કહેશે કે જીવીએ છીએ મરવા માટે. પરંતુ જરા વધારે ઊંડાણથી જોશો તો ખ્યાલ આવશે કે મોત કોઇને પસંદ નથી. ૬૦ વર્ષની ઉંમર વાળો ૭૦ વર્ષ જીવવા માગે છે, ૭૦ વર્ષની ઉંમરવાળો ૧૦૦ વર્ષ જીવવા માગે છે, ૧૦૦ વર્ષવાળો ૧૦૮ ની માળા પૂરી કરવા માગે છે. ૧૦૮ વર્ષ પૂરાં કરી લેનાર પણ અંદરથી મોત નથી ઇચ્છતો.

મુક્તિ : અંતરની આકાંક્ષા

આપણે જીવીએ છીએ મુક્ત થવા માટે. આ વાસ્તવિકતા છે. નાનાં ભુલકાંઓને પૂછો કે રવિવાર આવે છે ત્યારે કેવી આનંદની લહેર આવી જાય છે ? જેલના કેદીઓને જ્યારે પેરલ પર છુટ્ટી મળે છે અથવા એકદમ મુક્ત થવાનો આદેશ આવે છે ત્યારે કેવા ખુશ થાય છે ? તમે સત્સંગ સાંભળો છો. એ ત્રણ કલાક પછી રિસેસ કરીએ છીએ ત્યારે કેવી તાજગી આવી જાય છે ? અલબત, સત્સંગ એક ઉત્તમ પ્રવૃત્તિ છે છતાં સ્વતંત્રતા એટલી પસંદ છે કે રગેરગમાં એની ચાહના ભરી પડી છે.

આકાશમાં એક પોપટ ઊડી રહ્યો છે. એને પકડીને સોનાના પાંજરામાં પૂરી દીધો. તેને ખાવા માટે સારામાં સારાં ફળો મૂકી દો, પીવા માટે સોનાની વાટકીમાં પાણી મૂકી દો. પરંતુ હાલમાં જ મુક્તપણે ગગનગામી ઉડ્ડયન કરી આવેલ એ પોપટને આ બધું ક્યાંથી ભાવે ? જ્યાં સુધી એની અંદર લઘુતાગ્રંથિ બંધાઇ ન જાય ત્યાં સુધી એનું ખાવુંપીવું હરામ થઇ જાય છે.

મેં જોયું છે કે ભૂખ્યાં પ્રાણી, ચકલી, કબૂતર, ખિસકોલી તડપી રહ્યાં છે રોટલીના ટુકડા માટે. એમને રોટલીનો ટુકડો બતાવીને ઓરડામાં લઇ ગયો ને દરવાજો બંધ કરી દીધો. પછી એમની આગળ મીઠાઈઓ રાખી તો તેમને માટે વિષ સમાન બની ગઇ. બસ, તડપવા માંડયાં બહાર નીકળવા માટે.

દરેક જીવ જીવે છે મુક્ત થવાને માટે પરંતુ એને ખબર નથી. આપણે કમાઈએ છીએ ખાવા માટે, ખાઈએ છીએ

જીવવા માટે અને જીવીએ છીએ મુક્ત થવા માટે. મુક્ત થવા માટે જીવીએ છીએ છતાં આશ્ચર્યની વાત છે કે આજ સુધી મુક્ત થવાને માર્ગે ડગ નથી માંડી શકયા.

ગયા મંદિરમાં, ગયા મસ્જિદમાં, ગયા દેવળમાં, ગયા તીર્થોમાં. એક ઇચ્છા પૂરી કરવા માટે એની આસપાસ બીજી દશ ઇચ્છાઓ ગુંથી લીધી. શુભ કર્મ કરીએ છીએ પરંતુ એવી રીતે કરીએ છીએ કે મુક્તિના બદલે બંધન જ વધી જાય. સમેટી લેવાના બદલે આપણે આપણી જાતને વિખેરી નાખીએ છીએ.

જેમની પાસે શ્રદ્ધા છે, સમજ છે એવા લોકો માટે કબીરજીનો આ દોહો છે. આપણા હૃદય પર સોનાના અક્ષરે એ લખી લેવો જોઈએ :

बहुत पसारा मत करो...

જગતનો કેટલોય ફેલાવો કરશો, સંસારનો કેટલોય વિસ્તાર કરશો પણ તેમાં આશા તૃપ્ત નહીં થાય. આશા નિરાશામાં જ પરિણમશે.

દાનવીર રાજા જનશ્રુતિ

જનશ્રુતિ રાજાએ ખૂબ વિસ્તાર કર્યો. એમ કરતાં ધન ભેગું થઈ ગયું તો રાજા દાની બની ગયો. દાન કરતાં કરતાં એને એવો શોખ લાગ્યો કે: "હું વાવ, કુવા, તળાવ ખોદાવું, ધર્મશાળાઓ બંધાવું, સદાવ્રત–અન્નક્ષેત્ર ચલાવું કે જેથી કોઈ સાધુ, સંત, ફકીર, ભિખારી મારા નગરમાં આવે તો તેમને કોઈની પાસે હાથ લાંબો કરવો ન પડે. મારા અન્નક્ષેત્રમાં ભોજન કરે અને મારી ધર્મશાળામાં આરામ કરે."

ઠેર ઠેર રાજાનાં સદાવ્રતો ખુલી ગયાં. નગરના આળસુ લોકો પણ એમાં જમતા. આગંતુક સંત સજ્જન પણ આવીને જમી લેતા. રહી જતા એની ધર્મશાળામાં. રાજાનું આ પુણ્યકાર્ય તો છે જ. દાન પણ એની જગ્યાએ ઉત્તમ જ છે.

પરમહંસોનું આગમન

એકવાર બે ફકીર ફરતા ફરતા એ રાજાના નગરમાં આવી ચડયા. ધ્યાન આપજો. હું 'બે ફકીર' કહું છું, 'બે બાબાજી' નહિ. બે ફકીરોનો વેશ તો બાબાજીનો હતો પરંતુ સાચા ફકીર હતા. ફકીરનો અર્થ છે : પોતાના સ્વરૂપ (આત્મા) વિષે જે સંશય છે એની જેણે ફાકી કરી નાખી છે, એટલે કે બ્રહ્મજ્ઞાની, પરમહંસ. આવા બે પરમહંસ ફરતા ફરતા રાજા જનશ્રુતિના નગરમાં આવી ચડયા. એના અન્નક્ષેત્રમાં ભોજન કર્યું. એની જ ધર્મશાળામાં આરામ કર્યો.

રાજાના કલ્યાણનો સંકલ્પ

આ પરમહંસોએ જોયું કે રાજા આવો દાની છે, આવી સુવ્યવસ્થા એણે કરી છે! એનું કલ્યાણ થવું જોઈએ. આ દાની રાજાને દાનનો અહં છોડાવવો જોઈએ.

પહેલાં પાપીપણાનો અહં હોય છે, પછી પુણ્યાત્માપણાનો અહં આવે છે. બંનેમાં કર્તા જીવતો રહે છે. પહેલાં વિલાસી છે, નિર્ધન છે, મૂર્ખ છે. હવે સંયમી છે, ધનવાન છે, ભણેલો છે. પહેલાં કંજૂસ હતો, હવે દાની થયો. પહેલાં અપ્રસિદ્ધ હતો, હવે પ્રસિદ્ધ થયો.

આ બધી પરિચ્છિન્ન માન્યતાઓ છે. એ સંસારમાંથી મુક્ત નથી કરતી.

જનશ્રુતિ રાજાનાં પુણ્યો પરિપક્વ થયાં હશે, એના ભોજનાલયનું અન્ન ગ્રહણ કર્યા પછી પેલા પરમહંસોના મનમાં થયું કે આ રાજાને કર્મોની જાળમાંથી બહાર કાઢવો જોઈએ. રાજા પુણ્ય તો ભલે કરે પરંતુ એની અંદર છુપાયલો જે ઈશ્વરીય ખજાનો છે, આત્મજ્ઞાનનો ખજાનો છે તે જ્યાં સુધી તેને નહિ મળે ત્યાં સુધી પુણ્યના બળે સ્વર્ગમાં જશે, સુખ ભોગવશે, પછી પાછો નીચે આવશે. क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । પુણ્ય ખલાસ થાય એટલે પાછા પૃથ્વીલોકમાં.

જીવન ખર્ચાય છે

સુખ ભોગવવા માટે પણ ભોગ આપવો પડે છે, સમય આપવો પડે છે. દુઃખ ભોગવવા માટે પણ સમય આપવો પડે છે, પોતાને ખર્ચવો પડે છે. કોઈ પોતાને દુઃખમાં ખર્ચે છે, કોઈ સુખમાં ખર્ચે છે, પરંતુ ખર્ચે છે જરૂર.

પોતાની જાતનો ખર્ચ થઈ જવો એ એક વાત છે અને પોતાની જાતની ખબર પડી જવી, આત્મસ્વરૂપની ઓળખાણ થઈ જવી એ નિરાળી જ વાત છે.

કોઈ પોતાની જાતને સારા કર્મમાં ખર્ચે છે તો કોઈ ખરાબ કર્મમાં ખર્ચે છે. જાતને ખરાબ કર્મમાં ખર્ચનારને જ્ઞાનમાં, સાધનામાં, સાક્ષાત્કારમાં, મુક્ત અવસ્થામાં અધિકાર નથી. સારા કર્મમાં પોતાને ખર્ચનારને આ અધિકાર છે. ગીતા કહે છે :

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

"યોગમાં આરૂઢ થવાની ઇચ્છાવાળા મનનશીલ પુરુષ માટે યોગની પ્રાપ્તિમાં નિષ્કામ ભાવથી કર્મ કરવું એ જ કારણ કહેવાયું છે અને યોગારૂઢ થયા પછી એ યોગારૂઢ પુરુષનો જે સર્વ સંકલ્પોનો અભાવ છે તે જ કલ્યાણનું કારણ કહેવાયું છે."

(ગીતા : ૬-૩)

નિષ્કામ કર્મથી અંતઃકરણની શુદ્ધિ

યોગમાં આરૂઢ થવા ઇચ્છતો હોય એના માટે કર્મ કારણ છે. જ્યાં સુધી નિષ્કામ ભાવે કર્મ કરવામાં નથી આવતાં, પુણ્યકર્મ કરવામાં નથી આવતાં ત્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નથી થતું. અશુદ્ધ અંતઃકરણમાં જિજ્ઞાસા ઉત્પન્ન નથી થતી. અશુદ્ધ અંતઃકરણમાં જ્ઞાનનાં વચનો ટકતાં નથી, પચતાં નથી. અશુદ્ધ અંતઃકરણમાં અંદરની શોધ કરવાની યોગ્યતા નથી હોતી. અશુદ્ધ અંતઃકરણમાં વિશ્રાંતિ નથી હોતી અને તેમાં વિશ્રાંતિ પામેલાઓની વાત પણ નથી પ્રવેશતી.

અશુદ્ધ અંતઃકરણને શુદ્ધ કરવા માટે સેવા પરાયણ થવું ઠીક છે, સત્કર્મપરાયણ થવું ઠીક છે પરંતુ અંતઃકરણને શુદ્ધ બનાવનારે અંતઃકરણને શાંત બનાવવા તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

બુદ્ધનું મૌન

બુદ્ધ એકવાર પોતાના ભિક્ષુઓ આગળ ગૂઢ વિષયનું

પ્રતિપાદન કરી રહ્યા હતા. વિષય ખૂબ રહસ્યમય અને ગંભીર હતો. મોટા ભાગના ભિક્ષુઓ એક ધ્યાન થઈ સાંભળી રહ્યા હતા. એવામાં બુદ્ધ એકાએક મૌન થઈ ગયા. તથાગતનું વક્તવ્ય બંધ પડ્યું. પૂછવા માટે કોઇની હિંમત ન ચાલી.

એ દિવસે સભા વિખેરાઇ ગઇ. બધા લોકો ધીરે ધીરે ચાલ્યા ગયા. બીજે દિવસે બુદ્ધે પ્રવચન કર્યું. લોકોએ ખૂબ આદરથી સાંભળ્યું. પછી પ્રશ્નોત્તરી થઇ ત્યારે કોઈ ભિક્ષુએ વિનયથી પૂછ્યું :

"ભગવન્ ! ગઇ કાલે વિષયને અધૂરો છોડીને આપ એકદમ મૌન થઇ ગયા, તુષ્ણી થઈ ગયા, નિતાન્ત તુષ્ણી.... શું કારણ હતું ? અમને સંદેહ થતો હતો. કાલે રાત્રે અમે આપસમાં ચર્ચા કરતા હતા આ બાબત વિષે. આપને પૂછવાની અમારી હિંમત ન ચાલી."

તથાગતે કહ્યું : "હું જ્યારે પ્રવચન કરી રહ્યો હતો ત્યારે ત્રણ ભિક્ષુઓ હાથ-પગ હલાવી રહ્યા હતા. મેં વિચાર્યું : હું આટલા ઊંડાણથી બોલી રહ્યો છું અને આ લોકો આટલા બહિર્મુખ છે ? હું આટલો અંદર છું અને આ લોકો આટલા બહાર છે તો સોદો થશે નહિ. જ્યાં સોદો જ ન થવાનો હોય ત્યાં માલ બતાવવો અને આપવો નકામો છે."

અંતર્મુખતાથી શક્તિ-સંચય

મનુષ્ય એટલો ચંચળ છે કે એની ચંચળતા એના સ્થૂળ શરીરમાં દેખાઈ આવે છે. તે પોતાના કેન્દ્રમાં સ્થિર નથી પણ

વિખરાયલો છે. માણસ જેટલો વિખરાયલો હોય છે તેટલી તેની શક્તિઓ ક્ષીણ થાય છે. એ જેટલો અંતર્મુખ હોય છે એટલી એની યોગ્યતા, ક્ષમતા, શક્તિઓ વિકસિત થાય છે.

બુદ્ધે કહ્યું : "હું ન જાણવાના કારણે મૌન થઇ ગયો એમ નથી. મેં જોયું કે ક્ષમતા વિનાના લોકો આગળ હું બોલી રહ્યો છું. મારું બોલવું વ્યર્થ છે. મારી વાણીનો વ્યર્થ વ્યય થતો મેં અટકાવી દીધો.

બેઠાં બેઠાં હાથ-પગ હાલે છે એ માણસના મનની અશાંતિનું સૂચક છે. જ્યારે ક્ષુદ્ર પદાર્થોનું ચિંતન થાય છે ત્યારે અશાંતિ થાય છે. ક્ષુદ્ર દેહમાં અહંતા અને દેહના સંબંધોમાં મમતા હોય છે ત્યારે અશાંતિ હોય છે. આવા લોકો માટે પણ જનશ્રુતિ રાજાની વાત યાદ રાખવા જેવી છે.

રાજાનાં પુણ્ય ફળ્યાં ત્યારે

ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના માહાત્મ્યમાં જનશ્રુતિ રાજા અને રૈક્વ મુનિનો પ્રસંગ આવે છે.

જનશ્રુતિ રાજા બુદ્ધ પણ ન હતો અને બુદ્ધુ પણ ન હતો, વચલી અવસ્થામાં હિલોળા ખાઈ રહ્યો હતો. બે પરમહંસો એના રાજ્યમાં રહ્યા. એની ધર્મશાળામાં તેમણે આરામ કર્યો, એના અન્નક્ષેત્રનું અન્ન તેમણે ગ્રહણ કર્યું. ત્યારે એ મહાપુરુષોના મનમાં વિચાર આવ્યો કે આ રાજાને કંઇક સદુપદેશ મળે એ એ માટે કશુંક કરવું જોઇએ.

પરમહંસ મહાપુરુષના ચિત્તમાં જરાક સંકલ્પ ઉઠવો પૂરતો છે.

સ્વપ્ન દ્વારા સંદેશ

એ જ રાત્રે રાજાએ એક સ્વપ્ન જોયું :

આકાશ માર્ગે બે હંસ ઊડી રહ્યા છે. નીચે ઉડનાર હંસે ઉપરવાળા હંસને કહ્યું : 'વધારે ઉપર ન જા. આ જનશ્રુતિ રાજાનો પ્રદેશ છે. વધારે ઉપર જઇશ તો જનશ્રુતિ રાજાના તેજથી તું ભસ્મ થઈ જઈશ.' ત્યારે બીજો હંસ કહે છે :

'અરે પાગલ ! ઉપર જનશ્રુતિ રાજાનું તેજ નથી, ખુલ્લું આકાશ છે. જાણે શાંત બ્રહ્મ ! ઉપર તો બ્રહ્મ પરમાત્માનું તેજ છે. એ તેજ આપણને નથી બાળતું પણ આપણાં પાપોને બાળે છે. એ તેજ અશાંત નથી કરતું પણ શાંતિદાયક છે. એ જ્ઞાનીઓનું તેજ છે. જ્ઞાનીઓની વૃત્તિ જ્યારે બ્રહ્માકાર હોય ત્યારે બ્રહ્મલોક સુધી ફેલાઈ જાય છે. આ બુદ્ધ પુરુષોના તેજનો પ્રદેશ છે, બુધ્ધુના તેજનો પ્રદેશ નથી.

બુધ્ધુનું તેજ હોય તો તેનો અહંકાર વધે છે અને બીજાને પીડે છે. બુદ્ધનું તેજ બીજાને આત્મીયતાથી ઉપર ઉઠાવે છે અને બુદ્ધત્વ તરફ લઈ જાય છે. આ તેજ બુધ્ધુનું નથી પણ બુદ્ધ પુરુષોનું છે.

રાજા જનશ્રુતિનું દાન શું વિસાતમાં છે? એનું રાજ્ય તો નાનકડું છે. એનાથી પણ મોટા મોટા રાજાઓ, સમ્રાટો 'મારું રાજ્ય....મારી પૃથ્વી....' કરતા આવી આવીને ચાલ્યા ગયા."

કબીરજી ઠીક જ કહે છે :

बहुत पसारा मत करो कर थोड़े की आश ।
बहुत पसारा जिन किया वे भी गये निराश ॥

"જનશ્રુતિનું તેજ તો નિરાશામાં બદલનારું છે. હું જ્યાં ઊડી રહ્યો છું એ તેજ નિરાશામાં બદલનારું નથી કેમકે ત્યાં આશા જ નથી. જ્યાં આશા હોય ત્યાં જ નિરાશા હોય છે. અહીં તો કેવળ રામ જ રામ છે."

आशा तो केवल राम की ओर आश निराश ।

સંતોની શોધ

રાજા જનશ્રુતિ સ્વપ્ન જોઈ રહ્યો છે અને હંસોનો આ સંવાદ સાંભળી રહ્યો છે. સવારે ઊઠીને તપાસ કરાવી કે આપણા રાજ્યમાં કોઈ બ્રહ્મવેત્તા સંત છે? જાણવા મળ્યું કે રાત્રે બે પરમહંસ મહાપુરુષો આવ્યા હતા અને સવાર પડતાં ક્યાંક ચાલ્યા ગયા. રાજાએ પોતાના વજીરોને દોડાવ્યા કે આપણા રાજ્યમાં જે કોઈ પરમહંસ હોય તેની તપાસ કરો.

રૈકવમુનિ

શોધખોળ કરતાં કરતાં વજીરો સમાચાર લાવ્યા કે : "રૈકવમુનિ નામના એક બુદ્ધ પુરુષ છે. પરંતુ મહારાજ ! એમની હાલત એવી છે કે એમની સામે આપ ઊભા ન રહી શકો. બળદગાડું ચલાવવાનો ધંધો કરે છે. ઘરબાર નથી. રાત્રે બળદગાડાં નીચે પડ્યા રહે છે. શરીરે ખૂજલી થઈ છે તેને સતત ખજવાળ્યા કરે છે."

જનશ્રુતિ રાજાએ આ પરમહંસ પાસે જવાનું સ્વીકાર્યું. ૬૦૦ સોનામહોરો ખચ્ચર પર ભરાવીને રાજા રૈકવમુનિ પાસે ગયો. સોનામહોરો તેમનાં ચરણે ધરીને કહ્યું :

"મહારાજ ! મને બ્રહ્મજ્ઞાનીઓનું તેજ બતાવો. મને બ્રહ્મજ્ઞાનનું તેજ મળી જાય એવી કૃપા કરો. હું આપનાં ચરણે ૬૦૦ સોનામહોરો મૂકું છું."

રૈકવમુનિએ સંભળાવી દીધું : "જા રે જા ભિખારી ! ૬૦૦ સોનામહોરો આપીને બ્રહ્મવિદ્યા લેવા આવ્યો છે ?"

નરસિંહ મહેતા તો કહે છે :

ભોંય સુવાડું ભૂખે મારું ઉપરથી મારું માર,
એટલું કરતાં જો હરિ ભજે તો કરી નાખું નિહાલ.

"તું ૬૦૦ સોનામહોરોથી બ્રહ્મને જાણવા આવ્યો છે ? અમારું બ્રહ્મ આટલું સસ્તું નથી."

प्रेम न खेतों उपजे प्रेम न हाट बिकाय ।
राजा चहो प्रजा चहो सिस दिये ले जाय ॥

બ્રહ્મજ્ઞાન મેળવવા માટે, બ્રહ્મતેજ પ્રાપ્ત કરવા માટે ૬૦૦ સોનામહોરો નહિ પણ પોતાની જાત આપી દેવી પડે છે, પોતાનો અહં આપી દેવો પડે છે.

શુકદેવજી અને દેવતાઓ

શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ થઇ રહ્યો હતો. શુકદેવજી મહારાજ રાજા પરીક્ષિતની તીવ્ર જિજ્ઞાસાથી આકર્ષાઇને પ્રારબ્ધ વેગથી આવી રહ્યા હતા. તેમણે કથા સંભળાવવાનો સંકલ્પ

કર્યો ત્યારે સૂક્ષ્મરૂપે દેવતાઓ આવ્યા અને શુકદેવજીને પ્રાર્થના કરવા લાગ્યા :

"બ્રહ્મન્ ! આપના શિષ્ય પરીક્ષિતને અમે સ્વર્ગનું અમૃત પીવડાવી દઇએ છીએ. એના બદલામાં અમને બ્રહ્મવિદ્યાનું અમૃતપાન કરાવો."

શુકદેવજીએ કહ્યું : "તમે દેવતા કોલો ખૂબ ચાલાક છો. સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્ય નષ્ટ થાય છે. જ્યારે બ્રહ્મવિદ્યાનું અમૃત પીવાથી પાપ અને જન્મ–મરણનું ચક્કર નષ્ટ થાય છે. સ્વર્ગનું અમૃત પીવાથી માણસ બહિર્મુખ અને વિલાસી થાય છે જ્યારે સાધનાનું અમૃત પીવાથી અંતર્મુખ અને સંયમી થાય છે. સ્વર્ગનું અમૃત પીવાથી માણસ વિષયગામી થાય છે જ્યારે સત્સંગનું અમૃત પીવાથી માણસ પરમાત્મગામી થાય છે. તમે કાચનો ટુકડો આપીને કોહીનૂર લેવા આવ્યા છો ? આ સોદાબાજી નહીં ચાલે. તમે અહીંથી ચાલ્યા જાઓ."

શુકદેવજીએ દેવતાઓને પાછા મોકલી દીધા.

સંતો : આત્મિક પ્રેમના સાગર

જનશ્રુતિ રાજાએ ૬૦૦ સોનામહોરો આપીને બદલામાં બ્રહ્મજ્ઞાનની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ આ વિદ્યાનો બદલો–બદલો નથી થતો. વાસ્તવમાં તો સાધક અને સંત વચ્ચે, શિષ્ય અને ગુરુ વચ્ચે એક નિર્દોષ પ્રેમ જ્યારે ઉછળે છે ત્યારે એક દિલમાંથી ઊભરાઇને બીજા દિલમાં ભરપૂર ભરાઈ જાય છે. મજાની વાત એ છે કે જે દિલમાંથી એ પ્રેમ ઊભરાય છે

તે દિલ કદી ખાલી નથી થતું અને એ ઊભરાતા નિર્દોષ પ્રેમથી બીજાં હજારો હજારો દિલડાંરૂપી ઘડાઓ છલકાઈ જાય છે.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ॐ शांतिः शांतिः शांतिः

એક પ્રકાશિત દીવાથી બીજા હજારો હજારો દીવા પ્રગટે તોય એ પ્રકાશિત દીવાની જ્યોત ઝાંખી નથી પડતી. સંભવ છે કે દીવાની જ્યોત કદાચ ઝાંખી થઈ જાય, કેમકે એ તેલ પર આધારિત છે અને તેલ પરિચ્છિન્ન છે, પરંતુ પરમાત્મા પરિચ્છિન્ન નથી. ત્યાં કશું જ ખૂટતું નથી. સદા સર્વત્ર પરિપૂર્ણ છે.

નિષ્કામ હોવાનો ભ્રમ

અંતઃકરણની શુદ્ધિ માટે સાધનારૂપે કર્મ કરો પરંતુ ફળની ઇચ્છા ન રાખો. આગેવાનો, સુધારકો, નેતાઓ કહે છે કે અમે તો નિષ્કામભાવથી કર્મ કરીએ છીએ, દેશની સેવા કરીએ છીએ. એ લોકો એમ માને છે કે ભગવાને દેશને બનાવ્યો છે એમાં કંઈને કંઈ ખામી રાખી છે. સેવા દ્વારા એ ખામી દૂર કરીને અમે લોકોને સુખી કરીએ.

દેશની સેવા, કુટુંબની સેવા, આ બધી સેવા કરતાં પહેલાં ગીતાને બરાબર સમજ્યા નહિ હો, બુદ્ધ પુરુષોનું સાંનિધ્ય બરાબર લીધું નહિ હોય તો મન સેવાના બહાને પોતાની ઇચ્છાતૃપ્ત કરાવવા માટે તમને વિભાજિત કરતું રહેશે, તમારી ચેતનાને વિખેરતું રહેશે, વ્યર્થની વાસના અને

વિસ્તાર વધારતું રહેશે. આ પ્રમાણે વિખરાતાં વિખરાતાં લોકોની નજરે આપણે ધનવાન હોઇએ, શેઠ હોઇએ, શાહુકાર હોઇએ, સંત હોઇએ, પ્રસિદ્ધ હોઇએ પરંતુ આપણી અંદર ડોકિયું કરીએ તો કંઇ ને કંઇ ઉણપ ખટકતી જ જણાશે. જ્યાં સુધી આપણે ઉણપવાળી પ્રકૃતિમાં બેસીશું ત્યાં સુધી ઉણપ દેખાતી જ રહેશે. જ્યારે પૂર્ણમાં બેસીશું ત્યારે બધું પૂર્ણ દેખાશે.

પડછાયાનો પીછો

અંતઃકરણ, શરીર અને સંસાર એ પ્રકૃતિની ચીજો છે. પ્રકૃતિ કદી પૂર્ણ નથી હોતી. જ્યાં સુધી આપણે સંસારમાં, શરીરમાં અને અંતઃકરણમાં બેઠા છીએ ત્યાં સુધી આપણને પૂર્ણ તૃપ્તિ નહિ થાય. અત્યારે તો કહી દઇએ કે : "બસ ! એસ. એસ. સી. પાસ થઈ જાઉં. પરીક્ષા આવે છે. બાપુ ! આ પેનને હાથ લગાડી આપો. બીજું કંઈ નથી માગતો."

ભલે ભાઇલા ! ગંગામાઇની કૃપાથી, વડદાદાની દયાથી કે તારી મહેનતથી, જેમ ગણે તેમ, તું એસ. એસ. સી. પાસ થઈ ગયો. હવે ?

"લો બાપુ પેંડા ખાઓ. હવે બીજું કંઈ નથી જોઇતું. માત્ર કોલેજમાં 'એડમીશન' મળી જાય."

ચાલો, લાગવગ કરતાં કરતાં કોલેજમાં દાખલ થઈ ગયા. મેડીકલ કોર્સ લઇને એમ. બી. બી. એસ. થઇ ગયા. હવે શું હાલ છે?

"બાપુ ! ટ્રેનિંગ માટે કોઈ સારા મોટા શહેરમાં નિમણુક થાય તો મજા આવે."

ચાલો, મોટા શહેરમાં નોકરી ગોઠવાઈ. પછી ?

"બાપુ ! નોકરી નહિ, પોતાનું દવાખાનું ખુલે તો ઠીક રહે."

પોતાનું દવાખાનું ખોલ્યું. હવે ? તમે તૃપ્ત થઈ ગયા ? જેમણે પોતાનાં દવાખાનાં ખોલ્યાં છે, છરી ફેરવતા રહે છે, સેવાના બહાને વી. એસ. હોસ્પીટલમાં જાય છે, સીવીલ હોસ્પીટલમાં જાય છે અને ત્યાંથી બકરા વીણી વીણીને પોતાનાં દવાખાનામાં ભરતી કરે છે ને પછી કાપાકાપી કરે છે, મકાનના માળ પર માળ બનાવે છે, કાર પર કાર વસાવે છે જેમનું પોતાનું વિમાન હોય એવા ડૉકટરોને પણ હું જાણું છું. છતાં એમના અંતરના ઊંડાણમાં જુઓ તો હાય....હાય.... હૈયામાં હોળી જ છે.

ત્યારે કબીરજીનું વચન યાદ આવે છે :

बहुत पसारा मत करो कर थोड़े की आश ।
बहुत पसारा जिन किया वे भी गये निराश ॥

રાત્રે આપણે ઊંઘી જઈએ છીએ. કોઈ ઇચ્છા નથી હોતી, કોઈ વાસના નથી હોતી, કોઈ વિચારોનો વિસ્તાર નથી હોતો, ત્યારે કેવો આનંદ હોય છે ! શેઠ અને નોકર, રાય અને રંક બધા જ એક અવસ્થામાં આવી જાય છે. ફૂટપાથ પર ઊંઘેલો ભિખારી અને એરકન્ડીશન્ડ બંગલામાં ઊંઘેલો શેઠ નિદ્રાનું એક સરખું સુખ માણે છે. ભલે પ્રારંભમાં

ફૂટપાથવાળો પોતાને દુઃખી માને અને એરકન્ડીશન્ડવાળો પોતાને સુખી માને. આ માન્યતા પોતાની વૃત્તિની હોય છે. સંભવ છે કે ફૂટપાથવાળો વિચારે : 'આ શેઠિયાઓ બિચારા ! એરકન્ડીશન્ડમાં સુએ છે. થોડી ગરમી લાગે, થોડી ઠંડી લાગે તો માંદા પડી જાય. આપણે ફૂટપાથ પર પણ મજામાં છીએ.' પોતાની આ માન્યતાથી એ સુખી પણ થઈ જાય.

શેઠિયો વિચારે : 'હાય....હાય....! કેટલી ગરમી પડે છે ? એરકન્ડીશન્ડનું મશીન બગડયું છે. આવી બન્યું. હવે મારું શું થશે ?' આ પ્રકારની વૃત્તિથી શેઠિયો એરકન્ડીશન્ડમાં હોવા છતાં 'હોટ' કન્ડીશન્ડમાં હોઈ શકે, દુઃખી હોઈ શકે.

વેદાન્ત કહે છે કે

વાસ્તવમાં ફૂટપાથ કે એરકન્ડીશન્ડ સુખ કે દુઃખનું કારણ નથી. વેદાન્ત તમને એરકન્ડીશન્ડ છોડાવતું નથી, વેદાન્ત તમને ફૂટપાથ પર મોકલવા ઇચ્છતું નથી. વેદાન્ત કહે છે કે જે સમયે જે અવસ્થા આવે તે અવસ્થા સંસારની છે, શરીરની છે, અંતઃકરણની છે. તમે આ બધાંને સત્તા આપનારા છો. તમે સ્વામી હોવા છતાં સેવક ન બનશો. તમે પોતાના મહિમામાં રહો. તમે જે ચીજ પર જેવી મહોર મારો છો તે ચીજ તેવી બની જાય છે.

ભય જગ્યા બદલે છે

એક માણસ સ્મશાન પાસે રહેતો હતો. વડિલોની મિલ્કત હતી. મકાન એવી જગ્યાએ હતું કે સ્મશાન પાસેથી જ પસાર થવું પડે. તેણે સાંભળ્યું હતું કે ભૂત-પ્રેત હોય

છે. સવારે ૧૦ વાગ્યે ઘેરથી તે જતો અને સાંજે જલ્દી જલ્દી ઘેર પાછો આવી જતો, કેમકે વચ્ચે સ્મશાન આવતું. કોઈ ભૂત પકડી ન લે, કોઈ પ્રેત આવી ન જાય, કોઇ હૌવા બૌવા ખાઇ ન જાય! એ માણસ ખૂબ ડરતો. સમય વીતતો રહ્યો, દિલની ધડકન ચાલુ રહી.

એકવાર કોઈ મહાત્મા ફરતા ફરતા એ તરફ આવી ચડચા. એ માણસ મહાત્માના પગે પડચો ને કહ્યું :

"મહારાજ! મશાણમાંથી પસાર થવું પડે છે. લોહી સૂકાઈ જાય છે ભયથી. ખાધેલું પીધેલું બધું સાફ થઇ જાય છે."

મહાત્માએ જોયું કે આના મનમાં ભૂત ઘૂસી ગયું છે કે મને કોઈ પકડી ન લે. તેમણે કહ્યું :

"તું ચિંતા ન કર. હું એની દવા કરી આપું છું."

એમ કહીને એમણે એક કાગળ લીધો. તેમાં કશુંક લખ્યું. પછી 'આકાશ બાંધું....પાતાળ બાંધું....પૃથ્વી બાંધું.... જળ બાંધું....તેજ બાંધું....ભૂત બાંધું....પ્રેત બાંધું....ડાકણ બાંધું....શાકણ બાંધું....ફૂ....' એમ મંત્ર ભણીને કાગળને ફૂંક મારી. લાંબી પહોળી વિધિ કરી કે જેથી પેલા માણસના મનમાં અસર થઈ જાય. પછી એ મંત્રેલા કાગળને તાવીજમાં નાખીને કહ્યું :

"લે આ તાવીજ. આને ચંદન લગાડજે, અગરબત્તી કરજે, ફલાણું કરજે, ઢીકડું કરજે ને પછી ગળામાં બાંધી રાખજે. દિવસે તો શું રાત્રે ૧૨ વાગ્યે સ્મશાનમાં જઈશ તોય વાંધો નથી. તારી સામે ભૂત આવશે તો બળીને ભસ્મ થઇ જશે. હું કંઇ જેવો તેવો મહાત્મા નથી."

આમ કહીને મહાત્માએ તાવીજ માટે લાંબું વિધિ વિધાન બતાવ્યું. પેલા માણસને લાગ્યું કે હાં, આ કંઇક છે. તે પ્રભાવિત થઈ ગયો. વિધિ કરીને તાવીજ ગળામાં બાંધી દીધું. હવે તે નિડર થઈને સવારે સ્મશાનમાંથી પસાર થવા લાગ્યો, બપોરે પસાર થવા લાગ્યો અને ક્યારેક ક્યારેક રાત્રે પણ અચકાયા વગર ત્યાંથી જવા લાગ્યો. તેને મનમાં પાકું ઠસી ગયું કે આ તાવીજ ખૂબ શક્તિશાળી છે. ભૂત એની સામે ન આવી શકે.

પરંતુ મહારાજ! એ માણસ નહાતો ત્યારે ચિંતિત રહેતો કે તાવીજ ક્યાંક ખોવાઈ ન જાય. સૂતો ત્યારે ચિંતા થતી કે તાવીજ કોઇ કાઢી ન લે. કોઈ જોડે વાત કરતો ત્યારે ભય રહેતો કે કોઈ આ તાવીજ ઝૂંટવી ન લે. એક ભય કાઢચો ત્યાં બીજો ભય ઘૂસી ગયો. નિર્ભય ન થયો. એણે સંશયની ફાકી ન કરી.

આપણે મંદિરમાં એટલા માટે જઈએ છીએ કે ક્યાંક નરકમાં ન પડીએ, ક્યાંક નોકરી ન છૂટી જાય. આપણે કોઇ વિશેષ વ્યક્તિ સાથે સ્નેહ સંબંધ રાખીએ છીએ કે જેથી આપણા પર કદી 'રેડ' ન પડે. આપણે કોઇ જોડે મીઠો સંબંધ રાખીએ છીએ કે જેથી અમુક વ્યક્તિ નારાજ થઇ જાય તો આનો સહકાર કામમાં આવે. આપણામાં ભય ઘૂસેલો છે. અમારામાં, તમારામાં અને તેમનામાં જે **અસ્તિત્વ છે તે અસ્તિત્વનું જ્ઞાન નથી તેથી આપણો ભય જગ્યા બદલતો રહે છે પણ નિર્મૂળ થતો નથી.** બોજો એક ખભેથી બીજા ખભે અને બીજા ખભેથી પહેલા ખભે બદલાતો રહે છે પણ બોજો મટતો નથી, ભય જતો નથી.

'સ્વ'માં 'સેટ' થયા વિના બધું 'અપસેટ'

'પાસ થઈ જાઉં તો શાંતિ....પ્રમોશન મળી જાય તો શાંતિ....લાડી મળી જાય તો શાંતિ...છોકરાં થાય તો શાંતિ.... છોકરાને સારી વહુ મળે તો શાંતિ.' વહુ બધી સારી મળતી નથી, બધાના સ્વભાવ 'સેટ' થતા નથી. કદાચ બધાના સ્વભાવ 'સેટ' થઇ જાય તો દાદાનો સ્વભાવ 'અપસેટ' થઇ જાય છે. સ્વભાવથી બધાં હળી મળી જાય તો આસક્તિ થઈ જાય. પછી મોત આવીને બધાં 'સેટ' થયેલાંને 'અપસેટ' કરી નાખે છે.

છોકરાઓને ભણાવ્યા ગણાવ્યા ને નોકરી ધંધામાં વ્યવસ્થિત કરી દીધા. છોકરાઓને ઘેર છોકરા છે એમને પણ સારી સ્કૂલ કોલેજોમાં ગોઠવી દીધા. બધું 'સેટ' થઇ ગયું. પણ ભાઇલા! તમારે 'સેટ' થવાનું હજી બાકી છે. તમે સ્વરૂપમાં 'સેટ' નહિ થાઓ તો બાકીનું 'સેટ' થયેલું બધું 'અપસેટ' થઇ જશે.

કબીરજી કહે છે: "તમે પોતે પોતાના સ્વમાં 'સેટ' થઈ જાઓ. પછી તમારા અસ્તિત્વ માત્રથી બીજું બધું 'સેટ' થવા લાગશે. તમે આત્મસ્વરૂપમાં 'સેટ' નહિ થયા હો તો બીજું 'અપસેટ' તો 'અપસેટ' છે પરંતુ 'સેટ' થયેલું પણ 'અપસેટ' જ છે."

જગતનાં કામ કોનાં પૂર્ણ થયાં?

જગતનું કોઈ પણ કામ કરી લો પણ તે અધૂરું જ છે. અધૂરું કામ તો અધૂરું છે પરંતુ જેને આપણે પૂરું માનીએ છીએ તે પણ અધૂરું જ છે.

વહુ આખો દહાડો ઘરમાં કામ કરે. રાત્રે પરવારીને સાસુજીના પગ દબાવે ત્યારે સાસુ પૂછે: "બેટા! બધું કામ પતી ગયું?"

"હા બા! બધું પતી ગયું. રોટલા કર્યા, બધાંને જમાડયાં, વાસણ ઊટક્યાં, છોકરાંને સૂવડાવ્યાં, પતિને દવા આપી. બધું પતી ગયું."

રાત વીતી. સવાર પડી.

"કેમ બધું કામ પતી ગયું?"

"ના. બધું બાકી છે. ચા કરવાની બાકી છે, કપ ધોવાના બાકી છે, છોકરાંને નવડાવવાનાં બાકી છે, કપડાં ધોવાનાં બાકી છે, રસોઇ કરવાની બાકી છે, ઓ હો હો....બધું જ બાકી છે."

રોજ રાત્રે દિવસ ભરનાં બધાં કામ પૂરાં કરીને માણસ સૂએ છે પણ સવારે ઊઠીને જુએ છે તો બધાં કામ બાકી હોય છે. જીવનભર કામ પૂરાં કરતાં કરતાં મરી જાઓ ત્યારે કંઈને કંઇ અધૂરું રહી જ જાય છે.

અનેકની આશા આપણને નિરાશામાં ગબડાવી દે છે. અનેક છે નહિ, એક જ છે. જ્યાં સુધી આ એકનું જ્ઞાન નથી થતું ત્યાં સુધી અનેક ઇન્દ્રિયોના અનેક વિષયોની આશા થતી જ રહે છે.

વિષયો અનેક વિષયી એક

શ્રવણ ઇન્દ્રિય એક છે અને એના વિષય શબ્દો અનેક છે. નાક એક છે, ગંધ અનેક છે. જીભ એક છે, રસ અનેક છે. વિષયો અનેક છે પરંતુ એમને પ્રકાશનાર મન એક જ છે.

જેણે રૂપ જોયું એણે જ રસ ચાખ્યો, જેણે રસ ચાખ્યો એણે જ ગંધને સૂંઘી, જેણે ગંધને સૂંઘી એણે જ શબ્દને સાંભળ્યો. જેણે સુખ ભોગવ્યું એણે જ દુઃખ ભોગવ્યું. અનુભવ કરનાર એક જ છે. જેણે મિત્રતાની વૃત્તિને જોઈ એણે જ શત્રુતાની વૃત્તિને જોઈ, શત્રુ અને મિત્ર એ તમારી વૃત્તિઓનો ખેલ છે. માટે તમે સ્વરૂપનું અનુસંધાન કરો.

યોગમાં આરૂઢ થવા માગતા હો તો તમારા માટે કર્મ કારણ છે, નિષ્કામ કર્મ કરતાં કરતાં અંતઃકરણ શુદ્ધ થાય છે.

કર્મ માત્ર એવું નહિ કે કોઈને મકાન અપાવ્યું, કોઈને દુકાન અપાવી. ભક્તિ કરવી એ પણ એક કર્મ છે, ધ્યાન કરવું એ પણ એક કર્મ છે, જપ કરવો એ પણ એક કર્મ છે, બીજાનાં આંસૂ લૂછવાં એ પણ એક કર્મ છે.

ઋષિ દયાનંદની નિષ્કામ સેવા

ઋષિ દયાનંદ જઈ રહ્યા હતા. વરસાદના દિવસો હતા. રસ્તામાં એક બળદગાડી કાદવમાં ફસાઈ ગઇ હતી. વટેમાર્ગુઓ બધા એને ઘેરીને ઊભા રહી ગયા હતા. બધા સૂચનો આપતા હતા કે આમ કરો, તેમ કરો, પરંતુ કોઈ પરિશ્રમ કરવા તૈયાર ન હતું. બળદો જેમ જેમ જોર કરતા તેમ બળદગાડીનાં પૈડાં કાદવમાં વધારે ઉતરતાં જતાં હતાં. બળદોના મોંમાં ફીણ આવી ગયાં હતાં. ઋષિ દયાનંદે જોયું કે બધા શાણી સલાહ આપી રહ્યા છે ને કામ બગડી રહ્યું છે. એમણે કમરે કછોટો વાળ્યો. બળદોને છોડી નાખ્યા ને ગાડાંને એકલા હાથે ખેંચીને બહાર મૂકી દીધું. પછી પોતાના રસ્તે પડયા, જાણે કંઈ થયું જ ન હોય.

લોકો ઋષિ દયાનંદની પ્રશંસા કરવા લાગ્યા કે, "મહારાજ! આપે જબરું કામ કર્યું."

દયાનંદ બોલ્યા : "શું કર્યું ? કોણે કર્યું ? આવી ગઇ લહેર ને થઈ ગયું કામ. જેનું હતું તેણે કર્યું. એમાં હું ને તમે વળી કોણ છીએ ?"

સંત અકર્તા હોય છે

બુદ્ધ પુરુષો દ્વારા મોટાં મોટાં કાર્યો થઇ જાય, સંત પુરુષો દ્વારા ભવ્ય કાર્યો થઇ જાય પરંતુ તમે એમને પૂછશો તો કહેશે : બસ, કાર્ય થયું. કરનાર તમે અમે વળી કોણ ?

જો તેઓ કર્તા હોય તો સંત નથી. જો સંત હોય તો કર્તા નથી. આપણે તો ગુલામ નબીરના ભાઈ છીએ.

ગુલામ નબીર : આગેવાનોનો પ્રતિનિધિ

એકવાર ગુલામ નબીર જઇ રહ્યો હતો. પૂનમની રાત હતી. કોઇ કૂવામાં નજર પડી. પાણીમાં આકાશના ચાંદાનું પ્રતિબિંબ પડતું હતું. ગુલામ નબીર કહે :

"અરે ! રમજાનના દિવસો છે અને આજે ચાંદો કૂવામાં ફસાઇ ગયો ? અરે ચાંદા ! તું બહાર આવી જા. તારા વગર અમારી જાતિવાળા ભૂખે મરશે. યાર ! બહાર આવી જા."

છતાં ચાંદો બહાર ન આવ્યો. પછી ગુલામ નબીરનો મિજાજ ગયો. ચાંદાને ખૂબ ધમકાવ્યો. 'બહાર નીકળ નહિ તો મારીશ'– એમ કહીને પથરા માર્યા પરંતુ ચાંદો બિચારો કૂવામાંથી નીકળે પણ કેવી રીતે ?

આખરે ગુલામ નબીરે કહ્યું : "તું બહાર નહિ નીકળે પરંતુ હું તને બહાર કાઢયા વિના અહીંથી જઈશ પણ નહિ.

રોજ હું પણ નહિ છોડું ને લોકો પણ નહિ છોડે. હું કંઈ જેવો તેવો નથી કે તને છોડી દઉં. હું મોટો કાર્યકર્તા છું, આગેવાન છું. તને બહાર કાઢીને જ જંપીશ."

ગુલામ નબીરે દોરડું, લોખંડની આંકડીવાળો ફાંસો વગેરે તૈયાર કરીને નાખ્યાં કૂવામાં.

દષ્ટિરેવ સૃષ્ટિ:

દરેકની પોતાની દુનિયાં નિરાળી હોય છે. જગત કેવું છે ? ન કહો. કોઇ વર્ણન ન કરો. જગતને જોનારો કેવો છે? જેવો જોનારો છે તે વખતે જગત તેવું છે. કીડીની નજરે જગત એક પ્રકારનું, કાગડાની નજરે જગત બીજા પ્રકારનું, હાથીની નજરે જગત ત્રીજા પ્રકારનું, માછલીની નજરે જગત ચોથા પ્રકારનું, અને ઉંદરની નજરે જગત એ બધાથી જુદું જ હોય છે.

સંસારીઓનું જગત હોય છે એના કરતાં સાધકનું જગત કંઇક નિરાળું જ હોય છે.

કોઈ જૈન ભગવાં વસ્ત્રધારી સાધુને જુએ તો તેની દૃષ્ટિએ તે સાધુ નથી. કબીર પાસે પોતાનો બોધનો અનુભવ છે પરંતુ જૈન એમને સાધુ નહિ કહે. જૈનની દૃષ્ટિમાં સાધુ એ છે કે જે મુમતી બાંધે, ઉકાળેલું પાણી પીએ, જેણે ઘર છોડેલું હોય અને ઉઘાડા પગે ફરતા હોય. કબીર નથી ઉઘાડા પગે ફરતા, નથી ઉકાળેલું પાણી પીતા કે નથી તેમણે ઘર છોડયું. જૈનની દૃષ્ટિએ કબીર કોઈ સંત નથી, નાનક કોઈ સંત નથી.

આજ પ્રમાણે વાઘરી પાસેથી કોઇ જૈન ફકીર, સાચા સંત પસાર થાય તો વાઘરી કહેશે :

"આ તો ઉઘાડા પગે હેંડે છે તોય ખાઇ પીને ઢોલ જેવા થયા છે ને અમે તો મરી હેંડયા માઈ બાપ ! હેંડો, બાવા થવામાં મજા છે."

વાઘરીની દૃષ્ટિએ સાધુ થવું એટલે લાડુ ખાવા માટે સાધુ થવાનું છે. સાધુ થવા માટે બીજું કોઈ લક્ષ્ય નથી. વાઘરીને પોતાની દૃષ્ટિ છે, જૈનને પોતાની દૃષ્ટિ છે, હિન્દુને પોતાની દૃષ્ટિ છે, મુસલમાનને પોતાની દૃષ્ટિ છે. હિન્દુમાં પણ દરેકને પોતપોતાની આગવી દૃષ્ટિ છે. એક કુટુંબમાં પાંચ માણસ છે. પાંચેય પોતપોતાની દૃષ્ટિથી સંતને જોશે, પોતાની દૃષ્ટિથી ભગવાનને માનશે. दृष्टिरेव सृष्टिः । જેવી દૃષ્ટિ હોય છે તેવી સૃષ્ટિ દેખાય છે. જે સમયે જેવી દૃષ્ટિ હોય છે તે સમયે તેવી સૃષ્ટિ દેખાય છે.

માન્યતાઓ બદલાય છે

આશ્રમના સાધક ભૂતપૂર્વ મિનિસ્ટર કરસનભાઈ ચૌધરી છે. તમે એમને જાણો છોને ? એકવાર એમણે મને કહ્યું :

"બાપુ ! આ તો ઠીક છે કે પ. પૂ. લીલાશાહ બાપુનાં દર્શન થયાં ને આપ મળ્યા છો. એ પહેલાં તો મારી દૃષ્ટિ કંઈક જુદી જ હતી. હું સાધુઓને જોતો ને મારું લોહી ઉકળવા માંડતું. મને થતું કે દેશનું જો સત્યાનાશ કર્યું હોય તો આ સાધુઓએ જ કર્યું છે. હવે ખબર પડી કે આપણા દેશમાં આ સાધુઓ ન હોત, મહાપુરુષો ન હોત તો....

'संत न होते जगतमें तो जल मरता संसार....'

હું મિનિસ્ટર હતો ત્યારે દરરોજ હજારો વીંછીઓ કરડતા. વિરોધીઓ કંઇ ચળવળ કરે, છાપામાં કંઈ આવે,

બીજું કંઇ થાય તો વીંછીના ડંખ જેવું લાગતું. હવે બાપુનું સાંનિધ્ય મળ્યું, બાપુનો સત્સંગ સાંભળ્યો ત્યારે લાગ્યું કે સંત ન હોય તો ખરેખર જીવવાનીય મજા નથી ને મરવાનીય મજા નથી. આવો મારો અનુભવ છે."

હવે કયો અનુભવ સાચો ? પહેલાં સાધુઓ કેવા લાગતા ? જૂની દૃષ્ટિ પર વિચારતાં લાગે કે આપણી એ દૃષ્ટિ સંકુચિત હતી, સીમિત હતી, નાની હતી. અત્યારની દૃષ્ટિ એનાથી વિશાળ છે. વિવેક અને વિચારમાં હજી વધારે ઊંચે જશો ત્યારે આજની માન્યતા પણ ક્ષુદ્ર દેખાશે.

જેમ જેમ તમારી યોગ્યતા વધતી જાય છે, જેટલી વાસનાઓ ઓછી થતી જાય છે, ઇચ્છાઓ ઓછી થતી જાય છે, પોતાના આત્મા રૂપી ઘરમાં આવતા જાઓ છો એટલો એટલો ખ્યાલ આવતો જાય છે કે જીવન કેટલું મૂલ્યવાન છે, સત્સંગ કેટલો મૂલ્યવાન છે, પરમહંસના શબ્દો કેટલા મૂલ્યવાન છે!

કૂવામાંથી ચાંદો બહાર કાઢયો

ગુલામ નબીરે કૂવામાં ફાંસો નાખ્યો. દોરડું આમ તેમ હલાવ્યું તો ફાંસો કોઇ પથ્થરમાં ફસાઇ ગયો.

"યાર ! તને ફસાવ્યો તો છે. હવે તને કાઢીને જ છોડીશ." ગુલામ નબીરે ખૂબ જોર કર્યું, દોરડું ખેંચ્યું, પરંતુ પથ્થર ક્યાંથી હાલે ? ગુલામ નબીરે કમર કસી. પથ્થર પણ ભારે મોટો હતો. ગુલામ નબીર પસીનાથી રેબઝેબ થઇ ગયો, છતાં હિમ્મત ન હાર્યો. મૂછ પર તાવ દઇને કહે: "હું મરદની ઔલાદ છું. માનું ધાવણ ધાવ્યો છું...."

'તું કોણ છે ? માનું ધાવણ શું છે?' એ નથી જાણતો પણ ગૌરવ લે છે. બધું લોકો પાસેથી સાંભળેલું છે. આ બધા અહંકારના ખેલ છે.

ગુલામ નબીરે પાંચ સાત ઝાટકા માર્યા ત્યાં દોરડું તૂટયું અને એ જઈ પડયો દૂર. થઇ ગયો ચત્તો પાટ. શાન ભાન ખોઇ બેઠો. થોડીવારે કળ વળી. આંખ ખૂલી તો નજર પડી આકાશમાં. ત્યાં ચાંદાને ચમકતો જોયો. કહ્યું : "ઠીક છે. થોડું વાગ્યું, પરંતુ તને તો કૂવામાંથી કાઢીને ઠેકાણે મૂકી દીધો. હું કંઇ જેવો તેવો માણસ નથી."

જે પોતાના આત્મ-કેન્દ્રમાં સ્થિત નથી એને મન કેવી કેવી રીતે દગો દે છે! પછી તે ગુલામ નબીર હોય કે ગોવિંદભાઈ હોય. આ કોઇ એક વ્યક્તિ કે એક જાતિની વાત નથી. જ્યાં સુધી આપણે અંતર્મુખ નથી થયા, કાર્ય અને કારણ ભાવને જાણ્યાં નથી ત્યાં સુધી ઘટના બનશે પ્રકૃતિમાં અને થોપી દઇશું આપણા ઉપર કે 'મેં કર્યું.' ઘટના જો પ્રતિકૂળ હોય તો કહી દઇએ છીએ કે 'પેલાએ કર્યું.'

સાપ અને કીડીઓ

મહાત્મા બુદ્ધનો કોઇ શિષ્ય પોતાના શિષ્ય સાથે જઇ રહ્યો હતો. રસ્તામાં એક વૃક્ષ નીચે એક સાપ તડપી રહ્યો હતો. બાજુમાં એક તળાવ હતું. સાપ બિચારો ન સુખેથી મરી શકતો હતો કે ન સુખેથી જીવી શકતો હતો. અસંખ્ય કીડીઓ એને વીંટળાઈ વળી હતી, ચટકા ભરતી હતી. સાપની આવી દયાજનક હાલત જોઈ તો શિષ્યે કહ્યું :

"ભગવન્ ! આ સાપે શું બૂરાં કર્મ કર્યાં છે ? કીડીઓ

કરડે છે ને તડપી રહ્યો છે. અધમૂંઓ થઈ ગયો છે. એને જોઈને કરુણા ઉપજે છે."

ગુરુએ કહ્યું : "કેટલાક મહિના પહેલાં આપણે અહીંથી પસાર થયા હતા. તને યાદ હશે. સામેના તળાવમાં જાળ નાખીને એક માછીમાર માછલીઓ પકડી રહ્યો હતો. તેં એને સમજાવ્યો પણ હતો કે હિંસા ન કર, કર્મની જાળ ન ગૂંથ. પરંતુ એણે તારી વાત હસીને ઉડાડી દીધી હતી. એ જ માછીમાર આ સાપ થયો છે. એના હાથે મરેલી બધી માછલીઓ અત્યારે કીડીઓ થઇને એને સતાવે છે. બંને વારાફરતી એક બીજાને સતાવે છે ને કર્મોની ગતિ ચાલુ છે. કર્મનો નાશ નથી થયો. માછીમાર માછલીઓને લોટ ખવડાવત તો માછલીઓ પણ કંઇક બનીને બદલામાં એને ખવડાવી દેત. ખાનાર અને ખવડાવનાર એ બંનેની મુસાફરી ચાલુ રહેત. જન્મ મરણના ચક્રનો અંત ન આવત.

કર્તૃત્વમાં બંધન

અશુભ તો બાંધે છે પરંતુ શુભનું કર્તૃત્વ પણ બાંધે છે. કર્મ કર્યા વગર રહી શકાતું નથી. કર્મ તો કરજો પણ ખ્યાલ રાખજો કે કર્મનું કર્તૃત્વ તમારામાં ન પ્રવેશે.

જુએ છે આંખ ને આરોપ કરી લો છો કે મેં જોયું. સાંભળે છે કાન, વૃત્તિ દ્વારા, અને આરોપ કરી લો છો કે મેં સાંભળ્યું. વિચારે છે મન, તમે માની લો છો કે મેં વિચાર્યું. નિર્ણય બુદ્ધિ કરે છે અને તમે કહો છો કે આ મારો નિર્ણય છે.

તમે અનાજ ખાધું. એમાં આવેલો જીવ જનનેન્દ્રિયમાંથી

પસાર થઈને માતાના ગર્ભમાં રહ્યો, પુષ્ટ થયો ને જન્મ્યો. તમે કહી દીધું કે 'આ મારો દીકરો.'

પૈસો મારો પરમેશ્વર ને બૈરી મારી ગુરુ,
છોકરાં છૈયાં શાલીગ્રામ તો પૂજા કોની કરું?

જીવન એટલું અલ્પ થઈ જાય છે, એટલું ક્ષુદ્ર થઈ જાય છે કે આપણને ખબર જ નથી રહેતી કે આપણે શા માટે જીવીએ છીએ. વાસ્તવમાં જોઈએ તો દરેક જીવ જીવે છે મુક્ત થવા માટે. બાળક ભણે છે શા માટે? પાસ થવા માટે. પાસ શા માટે થાય છે? કમાવા માટે. કમાય શા માટે છે? ખાવા માટે. ખાય શા માટે છે? જીવવા માટે. જીવે શા માટે છે? મરવા માટે? ના. મરવા કોઈ નથી ઇચ્છતું. ચકલી પણ મરવા નથી ઇચ્છતી. ઉંદર પણ મરવા નથી ઇચ્છતો.

જીવન મુકિત માટે છે

આપણે જીવીએ છીએ મુક્ત થવા માટે. મુક્ત શી રીતે થવાય? આપણને કોઈએ બંધનમાં નાખ્યા નથી. **આપણી જ માન્યતાઓએ, આપણી જ પકડોએ આપણને બંધનમાં નાખી દીધા છે.** આપણી માન્યતા બની ગઈ છે કે આકાશ–પાતાળમાં કોઈ દેવી–દેવતા બેઠાં છે તે આપણને મુક્ત કરશે. ભૂતના ભયને ભગાડવા તાવીજ બાંધી દીધું. હવે તાવીજ ખોવાઈ ન જાય તેનો ભય પેસી ગયો.

સંશયનો કીડો

એક માણસ મરવા પડયો. એણે પોતાના ધર્મગુરુ મુલ્લાંજીને બોલાવ્યા. પ્રાર્થના કરી કે :

"અય ખુદાતાલા ! મને માફ કરશો, કૃપા કરીને મને ક્ષમા આપશો."

થોડીવાર પછી તેણે શેતાનને પ્રાર્થના કરી કે : "હે શેતાન ! તું મને માફ કરજે."

મુલ્લાંજીએ જોયું કે આ શું ? ઘડીમાં ખુદાની માફી માગે છે ને ઘડીમાં શેતાનની માફી માગે છે. મુલ્લાંજીએ પૂછ્યું તો પેલા માણસે જણાવ્યું :

"નથી હું પૂરો ઈન્સાન કે નથી પૂરો શેતાન. પૂરી શેતાની પણ નથી કરી અને પૂરી ઈમાનદારીથી પણ નથી જીવી શક્યો. મૃત્યુ પછી ખુદા પાસે જવાનું થશે કે શેતાન પાસે તે જાણતો નથી તેથી બંનેની પ્રાર્થના કરી રાખું."

કર્તા અપૂર્ણ છે

હું ખરેખર કહું છું કે માણસ ગમે તેટલો ધાર્મિક હોય, ગમે તેટલો સાચો હોય, ગમે તેટલો પવિત્ર હોય પરંતુ અંતરના ઊંડાણમાં પૂર્ણ પવિત્રતાનો અનુભવ નથી થતો. કેમકે **પૂર્ણ એક પરમાત્મા છે. કર્તા કદી પૂર્ણ નથી હોઈ શકતો.**

બ્રહ્મતેજનો મહિમા

જનશ્રુતિ રાજાએ સ્વપ્નમાં જોયું કે હંસ કહી રહ્યો છે :

"જનશ્રુતિનું તેજ શું છે ? હું તો રૈકવમુનિના એ તેજમાં ઊડી રહ્યો છું કે જે તેજ બીજાને શાંતિ અને શીતળતા આપે છે, અહંકારને પરમાત્મામાં વિલીન કરે છે, બીજાનાં સત્તા અને સામર્થ્યને પરમાત્મામાં વિસર્જિત કરાવે છે. આવા

બ્રહ્મવેત્તા રૈકવ મુનિના તેજમાં હું વિચરી રહ્યો છું, જનશ્રુતિ રાજાના તેજમાં નહિ."

જનશ્રુતિ રાજાએ આ સાંભળ્યું. ૬૦૦ સોનામહોરો લઈને પહોંચી ગયો રૈકવ મુનિ પાસે. રૈકવમુનિએ સોનામહોરો પાછી આપી દીધી. મુનિ નારાજ થઈ ગયા. હવે શું કરવું ? મુનિ પ્રસન્ન થાય એ માટે કોઈ ઉપાય શોધવો જોઈએ.

રાજાની નમ્રતા

રાજાએ ખૂબ વિચાર કર્યો. છેવટે તેણે એક ગામ મુનિને ભેટ આપ્યું અને તેનું નામ રૈકવપર્ણ રાખ્યું. પછી મુનિનાં શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં રાજાએ કહ્યું :

"ભગવન્ ! આ ગામ આપનાં ચરણોમાં સમર્પિત છે. મારું રાજ્ય પણ આપનાં ચરણોમાં સમર્પિત છે, મારું માથું પણ આપનાં ચરણોમાં સમર્પિત છે. આપની બ્રહ્મવિદ્યા આગળ હું અને મારું રાજ્ય કંઈ વિસાતમાં નથી."

ત્યારે રૈકવ મુનિ પ્રસન્ન થયા કે હવે રાજા પોતાની માન્યતા છોડવા તૈયાર થયો છે. નહિ તો બ્રહ્મનિષ્ઠ મહાપુરુષને ગામની શી જરૂર છે ?

રૈકવ મુનિનો ઉપદેશ

રૈકવ મુનિએ કહ્યું : "રાજન્ ! તું અન્ન-ધનને પોતાનાં માનીને બીજાને ખવડાવવા ઇચ્છે છે. 'બધાને હું ખવડાવું છું" એવું કર્તાપણું સેવે છે પરંતુ બધાની અંદર જે પરમાત્મા બેઠા છે એમાં જો તું સ્થિર થઈ જાય તો તને અનુભવ થશે કે **બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિ અને પાલન તું જ કરે છે. તું એટલો મહાન છે એવું તને જ્ઞાન થઈ જશે.**

બહારનાં સાધનોથી દાતા બનીને તું અસીમતાને ઉપલબ્ધ નહિ થઈ શકે. બહારના ધનથી તું પૂર્ણ ધનવાન નહિ થઇ શકે. બહારની સત્તાથી તારી પૂર્ણ સત્તા નહિ થાય. બહારના રાજ્યથી તારું પૂર્ણ રાજ્ય નહિ થાય."

કબીરજી યથાર્થ જ કહે છે :

दास कबीर चढ्यो गढ उपर राज मिल्यो अविनाशी ।

"તું એ અચલને જાણી લે કે જે અચલની સત્તાથી બ્રહ્મા ચાલી રહ્યા છે, વિષ્ણુ ચાલી રહ્યા છે, શિવ ચાલી રહ્યા છે. એ અચલ ચૈતન્યનો અનુભવ કરી લઇશ તો તારું આ જન, ધન, સુખ, સંપત્તિ સસીમ છે તે અસીમ થઈ જશે. તારું શરીર ન રહેવા છતાં તું શાશ્વત રહીશ. બધા તારી અંદર રહે છે, તારું ખાય છે, તારી અંદર જીવે છે ને તારી અંદર મરે છે, એવો તું વ્યાપક છે, અખૂટ છે એવું જ્ઞાન થઇ જશે."

બ્રહ્મવેત્તાનો અનુભવ

સાક્ષાત્કાર થાય છે ત્યારે બુદ્ધ પુરુષોને એવો અનુભવ નથી થતો કે 'મારો આટલો મોટો આશ્રમ છે, મારા બે લાખ શિષ્યો છે, બે લાખ શિષ્યોનો હું ગુરુ છું.' ના....ના. જ્યાં સુધી યાદ છે કે 'હું બે લાખ શિષ્યોનો ગુરુ છું' ત્યાં સુધી તે મહાત્મા નથી, નેતા છે. ધર્મનો નેતા તે હોઇ શકે પરંતુ મહાત્મા ન હોઇ શકે. મહાત્માને બે લાખની સીમા નથી હોતી, ૫૦ લાખની સીમા નથી હોતી.

આ વિશ્વ જ નહિ પરંતુ અનંત અનંત બ્રહ્માંડોનો જે આધાર છે, અધિષ્ઠાન છે એ મારું આત્મસ્વરૂપ છે એવો

મહાત્માનો અનુભવ હોય છે. તેઓ સતત અનુભવતા હોય છે કે તમામ તમામ આકાશગંગાઓ મારામાં છે. તમામ બ્રહ્માંડો મારામાં છે, હું તેમનામાં છું. બ્રહ્માંડો બદલી જાય છે, નષ્ટ થઈ જાય છે પરંતુ મારો નાશ નથી થતો. લોકો જેને આશારામ કહે છે તે નષ્ટ થઇ શકે પણ મારો નાશ ન થાય.

મહાત્માઓનો અનુભવ ખૂબ નિરાળો હોય છે.

બુદ્ધ પુરુષ અને બુદ્ધુ

તમારું મકાન પડી જાય તો તમે ઉદાસ થઈ જાઓ છો. બુદ્ધનું મકાન પડી જાય તો તેઓ કંઈ નાચવા નહિ લાગે. બુદ્ધ પણ મકાનને સંભાળશે. તમારા ઘરમાં આગ લાગે તો તમે ભાગશો. જ્ઞાનીના ઘરમાં આગ લાગે તો તેઓ બેસી નહિ રહે. ભાગતા તો તેઓ પણ દેખાશે. પરંતુ તમે કહેશો કે 'હું ભાગુ છું' અને જ્ઞાની કહેશે કે 'આ (શરીર) ભાગે છે.' આટલો ફરક થઇ ગયો.

તમને કાંટો વાગશે તો તમે પણ કાઢશો ને બુદ્ધને કાંટો વાગશે તો તેઓ પણ કાઢશે. કાંટાની પીડા બુદ્ધુને અને બુદ્ધને બંનેને થશે. છતાં બુદ્ધુ કહેશે કે : 'હાય! મને કાંટો વાગ્યો. કાંટો કાઢી નાખ્યો, હું બચી ગયો.' બુદ્ધ કહેશે : 'જેને કાંટો વાગ્યો હતો એને મેં બચાવી લીધો.'

બુદ્ધુ અન્ન ખાશે અને બુદ્ધ પણ અન્ન ખાશે. બુદ્ધુ કહેશે કે 'અન્ન જ મારું જીવન છે.' બુદ્ધ કહેશે કે 'અન્ન આનું (શરીરનું) જીવન છે. મારું જીવન અને મરણ અન્ન

પર આધારિત નથી. હું અમર છું.' આમ બંનેની દૃષ્ટિમાં, બંનેના અનુભવમાં આસમાન જમીનનો તફાવત છે.

જ્ઞાનીઓની ગોષ્ઠિ

ઘાટવાલા બાબાનું નામ તો તમે ઘણીવાર સાંભળ્યું છે. એકવાર પ્રાઇમ મિનિસ્ટરનું હેલીકોપ્ટર હરિદ્વાર ઉપરથી જઈ રહ્યું હતું. મેં વિનોદ કર્યો :

"જુઓ, જઇ રહ્યાં છે. અત્યારે અમુક જગ્યાએ એમની સભા છે. સમાચારપત્રોમાં આવ્યું હતું. લોકો તેમના વિરોધમાં કાળા ઝંડા લઈને ઊભા રહેવાના છે એવું પણ સાંભળ્યું છે. આપણે એવા કોઈ સાધકને, સંતને તૈયાર કરીએ કે જે રાષ્ટ્રની લગામ હાથમાં લે."

બાબાએ કહ્યું : "અરે ભાઈ! જે સંત છે તે શા માટે આવી ગુંચવણમાં પડે ? જે જ્ઞાની છે તે શા માટે આમાં ફસાય ? આ લોકો તો દેશ અને કાળમાં ફસાયા છે. જ્ઞાની પોતાના જ્ઞાનના રાજ્યને છોડીને 'મારું....તારું' કરીને ખુરશીના રાજ્યમાં શા માટે આવે ?"

મેં કહ્યું : "તો આપણે શું કરવું ?"

બાબા કહે : "આપણે એવું કરવું કે બસ ! સાધકો ઊંચામાં ઊંચી અવસ્થાએ પહોંચે."

મેં કહ્યું : "ઊંચામાં ઊંચા કઈ રીતે જવાય ?"

બાબાએ કહ્યું : "ઊંચા વિચારોથી ઊંચે પહોંચી શકાય, કંઈ હેલીકોપ્ટરમાં બેસીને થોડા જ ઊંચે જઇ શકાય."

જેની સમજણ મોટી તે મોટો

ઊંચા મહેલોમાં રહેવાથી માણસ ઊંચો નથી બનતો, હેલીકોપ્ટર કે હવાઇ જહાજમાં બેસીને ફરવાથી માણસ ઊંચો નથી બનતો. વિચાર જેટલા ઊંચા હોય માણસ તેટલો ઊંચો બનતો જાય. વિચાર જેટલા હલકા હોય માણસ તેટલો નાનો બનતો જાય.

માણસ લાંબો હોવાથી મોટો નથી બનતો, ઉંમર વધવાથી મોટો નથી બનતો. તેની સમજણ જેટલી મોટી હોય છે તેટલો તે મોટો ગણાય છે. સમજણ જેટલી નાની હોય છે તેટલો તે નાનો ગણાય છે.

નિજ ઘરમાં પ્રવેશવા પરિશ્રમ શાને ?

ધન તમને જે ન આપી શકે, સત્તા તમને જે ન આપી શકે, કુટુંબીજનો અને પડોશીઓ તમને જે ન આપી શકે, જીવનભર જેમને સાથે લઇને ફર્યા તે મિત્રો તમને જે ન આપી શકે તે સુખ, તે સામર્થ્ય, તે જ્ઞાન, તમારા નિજ ઘરનો ખજાનો ખોલવાની ચાવી યોગ તમને આપે છે.

પરંતુ આપણને ફુરસદ નથી મળતી, કારણ કે આપણે એટલા બધા વિખરાયલા છીએ, આપણી આશાઓને આપણે એટલી બધી ફેલાવી દીધી છે કે હવે આપણા પોતાના ઘરમાં (આત્મામાં) પાછા ફરવા માટે પણ પરિશ્રમ કરવો પડે છે. ખરું પુછો તો આપણા આત્મસ્વરૂપને જાણવામાં કોઈ પરિશ્રમને અવકાશ જ નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવામાં કોઇ પરિશ્રમ કરવાની જરૂર જ નથી. આપણે એટલો ઉલટો પરિશ્રમ કરી નાખ્યો છે કે બસ ! ઈશ્વરની પ્રાપ્તિ કરવી એ મજૂરીનો

વિષય બની ગયો. સાધના માટે ગોરખનાથ કહે છે :

हसिबा खेलिबा धरीबा ध्यानं
अहर्निश कथिबा ब्रह्मज्ञानं ।
खावे पीवे न करे मन भंगा
कहे नाथ मैं तिसके संगा ॥

પરંતુ આપણા ચિત્તમાં એવા ઉલટા સંસ્કાર, એવું કલુષિત વાતાવરણ પ્રવેશી ગયું છે કે આ રહસ્યનો સ્વાદ નથી આવતો.

વસિષ્ઠજીનું મંતવ્ય

શ્રી વસિષ્ઠજી કહે છે : "હે રામજી ! જીવને બાલ્યકાળથી જ મૂર્ખતાના સંસ્કાર ન મળે, બાળપણથી જ એનામાં મૂઢતાના સંસ્કાર ન સીંચવામાં આવે તો મુક્ત થવા માટે કોઈ વિશેષ પરિશ્રમની જરૂર નથી."

બાળપણથી જ બાળકોમાં ખોટા સંસ્કાર સીંચવામાં આવે છે. મા બાળકને કહે : "જો જો બેટા ! તું નાહ્યો તો કેટલો સરસ લાગે છે ? તું મોટો થઈશ, ભણીશ, ડોકટર થઈશ, લોકોનું લોહી ચૂસીશ, બંગલો બનાવીશ, સુખી થઈશ." બીજા બધા ડોકટરો સુખી થઈ ગયા કે આ પણ ડોકટર બનીને સુખી થશે ?

તમે સુખ સ્વરૂપ છો

લોકો સમજાવે છે કે આ બધું કર્યા પછી, આ બધું મેળવ્યા પછી સુખી થવાય. ના....ના. આ બધું કર્યા પછી નહિ, આ બધું મેળવ્યા પછી નહિ, તમે અત્યારે જ સુખ સ્વરૂપ

છો. જેટલી ઇચ્છાઓ ઓછી તેટલું સુખ વધારે. જો કોઈ ઇચ્છા જ ન હોય તો તમે સુખના ભંડાર છો.

बहुत पसारा मत करो कर थोड़े की आश ।
बहुत पसारा जिन किया वे भी गये निराश ॥

આખરે શું ?

નશ્વરનો વિસ્તાર કરી કરીને સિકંદર ચાલ્યો ગયો, સીઝર ચાલ્યો ગયો, હિટલર ચાલ્યો ગયો, કારૂન બાદશાહ ચાલ્યો ગયો. આખરે નિરાશા સિવાય એમને બીજું શું હાથ લાગ્યું ?

અબ્રાહમ લિંકન

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન જ્યારે નાના હતા ત્યારે આખો દિવસ ખૂબ પરિશ્રમ કરતા અને રાત્રે કોઈ વિદ્યાર્થી પાસેથી પુસ્તક લાવીને ભણતા હતા. પુસ્તક ખરીદવાની પણ ત્રેવડ નહોતી એવી ગરીબી હતી.

એક સાંજે લિંકને જોયું કે એક કઠિયારો બપોરથી માંડીને સાંજ સુધી તાપમાં લાકડાં કાપી રહ્યો છે, પરંતુ લાકડાં કપાતાં નથી. શરીર પસીનાથી રેબઝેબ થઈ ગયું છે. લિંકનનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. એની પાસેથી કુહાડો લઈને બધાં લાકડાં કાપી આપ્યાં. કઠિયારાએ લાકડાં વેચ્યાં તો બમણા પૈસા મળ્યા. તેના હૃદયમાંથી આશીર્વાદ વહી રહ્યા.

ઉત્સાહથી થનગનતી વ્યક્તિમાં એક તો પોતાનો ઉત્સાહ હોય છે અને ઉપરથી કોઇના આશીર્વાદ મળી જાય તો પૂછવું જ શું ?

લિંકનમાં પોતાની શક્તિ હતી. અજાણતાં જ થોડું વેદાન્ત હતું. અને એ કિશોર અબ્રાહમ લિંકન આગળ જતાં અમેરિકાનો પ્રેસિડેન્ટ બની ગયો.

બ્રહ્મવેત્તાનું સાંનિધ્ય મળે તો ?

આ જ બાળક લિંકનને જો કબીર મળી ગયા હોત તો ? નાનક મળી ગયા હોત તો ? સમર્થ રામદાસ મળી ગયા હોત તો ? આદ્ય શંકરાચાર્ય મળી ગયા હોત તો ? અથવા એ બાળકની મા મદાલસા હોત તો ? આ બાળક ક્યાં પહોંચત ? એ માત્ર અમેરિકાનો પ્રેસિડેન્ટ જ નહિ, સમગ્ર બ્રહ્માંડનો પ્રેસિડેન્ટ થાત. લોકો કદાચ એને ન જાણત તો પણ થઇ જાત.

એવા કેટલાય મહાપુરુષો થયા છે કે જેમના સંકલ્પ માત્રથી જગતમાં ઉથલ પાથલ થઇ જાય. એવા મહાત્માઓને લોકો જાણતા નથી. એવી વિભૂતિઓ આજે પણ છે.

બધાં બાળકો પાસે શક્તિ છે, energy છે. જેવો જેવો સંયોગ એ શક્તિને મળે છે તેવી તે વિકસિત થાય છે. પૃથ્વીમાં રસ છે. જેવું બીજ વાવો તેવો એ રસ બની જાય છે. પૃથ્વીના રસને જેવો સંયોગ આપો તેવો સ્વાદ અને ગુણ એ ગ્રહણ કરે છે. એક જ ખેતરમાં એક જ પાણી આપો. ત્યાં શેરડી અને મરચાં વાવો તો પૃથ્વીનો તે જ રસ એક જગ્યાએ મીઠી શેરડી બની જાય છે અને બીજી જગ્યાએ તીખાં મરચાં બની જાય છે. આમ કેમ ? પૃથ્વીના રસને જેવો સંયોગ મળે છે તેવું સ્વરૂપ ધારણ કરે છે.

આ જ પ્રમાણે તમારી પાસે રસ સ્વરૂપ પરમાત્મા છે, ચૈતન્ય છે, ચેતનાને જેવો સંયોગ મળે છે તેવી તે થઇ જાય

છે. 'હું હિન્દુ, હું સિંધી, હું ગુજરાતી, હું વિદ્યાર્થી, હું ભણીને પાસ થાઉં તો જ સુખી.' આ બધી ભ્રાંતિઓ ચેતનામાં ઘૂસી ગઈ છે. રસ સ્વરૂપ ચેતનાને આપણે આ ભ્રાંતિઓમાં લગાડી દીધી.

ઈશ્વરનો નિષેધ પણ ઈશ્વરની સત્તાથી શક્ય

'ઇશ્વર ક્યાંક આકાશ પાતાળમાં છે, આપણાથી દૂર છે' એમ પણ ઈશ્વરની સત્તાથી જ આપણે માની રહ્યા છીએ. 'ચૈતન્ય પરમાત્મા જેવું કંઈ આ જગતમાં છે જ નહિ' એમ માનનાર નાસ્તિક પણ એ ચૈતન્યની સત્તાથી બોલી રહ્યો છે, પરમાત્માની સત્તાનો આધાર લઇને પરમાત્માનો જ નિષેધ કરી રહ્યો છે.

આપણા ઇષ્ટદેવ ક્યાં છે ?

बंदगी का था कसूर बंदा मुझे बना दिया ।
मैं खुदसे था बेखबर तभी तो सिर झुका दिया ॥

અંતઃકરણ શુદ્ધ થઈ જાય અને મહાપુરુષનો ઉપદેશ સમજમાં આવી જાય તો ખબર પડી જાય કે મારું સુખ કોઈ આકાશ પાતાળમાં ન હતું. મારો ઇષ્ટદેવ ક્યાંય બીજે ન હતો.

बिछड़े हैं जो प्यारे से दरबदर भटकते फिरते हैं ।
हमारा यार है हममें हमन को बेकरारी क्या ?

'આટલું મળી જાય તો સુખી થાઉં, આટલું પ્રાપ્ત કરી લઉં તો સુખી થાઉં, આટલું બનાવી લઉં તો સુખી થાઉં, આટલો બની જાઉં તો સુખી થાઉં....' અરે એ બધું થયા પછી પણ નિરાશા થશે.

જન્મ મરણનું કારણ શું છે?

કબીરજી લાલબત્તી બતાવે છે કે 'આટલું કર્યા પછી સુખ મળશે' એમ નહિ. કંઇ કર્યા પછી સુખી નહિ પણ માત્ર જાણી લો કે દુઃખનું કારણ શું છે. તમે શા માટે દુઃખી છો? તમારાં જન્મ મરણ શા માટે છે? જગતનું જ્ઞાન નથી તેથી જન્મ મરણ થાય છે કે બ્રહ્મજ્ઞાન નથી, સ્વરૂપનું જ્ઞાન નથી તેથી જન્મ મરણ થાય છે?

ઈશ્વર અને આપણી વચ્ચે કેટલું અંતર છે એ ખબર નથી, આપણા સ્વરૂપનું જ્ઞાન નથી, ઈશ્વરની વ્યાપકતાનું જ્ઞાન નથી તેથી જન્મ મરણ થાય છે. બહારની સત્તા અને સાધન સામગ્રીઓથી આપણે ભલે ગમે તેટલા સુખી દેખાતા હોઈએ પરંતુ જ્યાં સુધી આપણને જ્ઞાનમાં રુચિ નથી, જ્ઞાનીઓનું સાંનિધ્ય મેળવીને પોતાના સ્વરૂપમાં ગયા નથી ત્યાં સુધી આપણે ખરેખર નાદાન બાળકો છીએ. આવાં બાળકો માટે ગીતા કહે છે:

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते॥

પોતાના ઘરમાં પાછા આવો

યોગમાં આરૂઢ થવા માટે કર્મ કરો. કર્મ કરતાં કરતાં હૃદય શુદ્ધ થાય એટલે કર્મોમાંથી સમય બચાવીને તમે પોતાના ઘરમાં (આત્મામાં) પાછા આવો, અંતર્મુખ થઇ જાઓ.

પોતાની જાતને જ પૂછો, શોધો, ઊંડા ઊતરો. અમુક થઇ ગયું પછી શું? અમુક મેળવી લીધું પછી શું? અમુક

ખાઈ લીધું પછી શું? અમુક જોઈ લીધું પછી શું? અમુક પદે પહોંચી ગયા પછી શું? જનશ્રુતિ રાજાના રાજ્ય જેવડું રાજ્ય મળી ગયું પછી શું? જનશ્રુતિ રાજાના જેટલી ધર્મશાળાઓ ને સદાવ્રતો ખોલી દીધાં પછી શું?

જનશ્રુતિ રાજા પણ નામ માત્ર રહી ગયો. ક્યારેક ક્યારેક કથામાં નામ આવે છે. જનશ્રુતિથી પણ મોટા કેટલાય રાજા–મહારાજાઓ, સમ્રાટો ચાલ્યા ગયા તો તમે ને હું કોણ વળી? માટે સમયનો પૂરેપૂરો સદુપયોગ કરો આત્મખોજ કરવામાં, જેથી ભવબંધનથી છૂટાય.

જીવો છો શા માટે? મુક્ત થવા માટે.

પાપ અને પુણ્ય

જે કર્મ કરવાથી પોતાની મુક્તતાનો અનુભવ થતો હોય તે બધાં કર્મ પુણ્યકર્મ છે અને જે કર્મથી તમને બંધન જણાય, જે કર્મ કરવાથી તમારો અંતર્યામી ડંખે તે કર્મ પાપ છે, મહાપાપ છે.

સોક્રેટીસનો મિત્ર

સોક્રેટીસને કોઈએ પૂછ્યું: "આપ આટલા મહાન કેવી રીતે બન્યા?"

સોક્રેટીસ કહે: "મારો એક મિત્ર હંમેશાં મારી સાથે રહે છે. જે કામ સારું સારું હોય તે કરવાનું મને કહેતો રહે છે અને જે કામ સારું ન હોય તે કરવાની ના પાડતો રહે છે. હું જો ભૂલથી એ ન કરવાનું કામ કરી બેસું તો તે

મિત્ર મને ખૂબ લડે છે, મને અંદરથી ફટકારીને સીધો દોર કરી નાખે છે."

"આપનો મિત્ર આપની સાથે? હંમેશાં?"

"હા, બાળપણથી એ મારી સાથે છે. અત્યારે પણ છે. એના કારણે જ હું આટલો સારો બની શક્યો છું."

"એ મિત્ર કોણ છે?"

"એ મિત્ર છે મારો અંતર્યામી. હું જે કંઇ કરું એ પહેલાં મારા અંદરના એ મિત્રને શાંતિથી પૂછી લઉં છું કે : 'હું અજ્ઞાની છું, કંઇ જાણતો નથી. તું જેમ કહીશ એમ હું કરીશ.' આવા મિત્રને મેં સાથે રાખ્યો છે. એ મિત્ર બધાની પાસે છે. બધાને એ કહેતો રહે છે. કોઈક એનું સાંભળે છે, કોઈક નથી સાંભળતા. સાંભળે છે તો અમલ નથી કરતા. આવા લોકોના હાલ એવા થાય છે કે જે બધાના હાલ થાય છે."

એ મિત્ર, મોટામાં મોટો ગુરુ બધાની સાથે છે. આ વાત આપણે સાંભળતા નથી હોતા, સ્વીકારવા તત્પર નથી હોતા તો બહારના ગુરુ દ્વારા આ સત્ય સંભળાવવા માટે પણ એ મિત્ર તત્પર થઈ જાય છે. બહારના ગુરુ દ્વારા પણ સંભળાવે છે એ જ અંતર્યામી.

અંતઃકરણ શુદ્ધ હશે તો એ મિત્રનો અવાજ સાંભળવા માટે કાન ખુલશે. અંતઃકરણ અશુદ્ધ હોય તો વાસના એ મિત્રનો અવાજ સાંભળવા દેતી નથી.

સિકંદર અને ડાયોજિનિસ

સિકંદર સેના સાથે જઇ રહ્યો હતો. ગુરુ ડાયોજિનિસે પૂછ્યું :

"ક્યાં જાય છે?"

"રાજ્ય જીતવા."

"રાજ્ય જીતીને પછી શું કરીશ?"

"બીજા રાજ્ય પર ચડાઈ કરીશ."

"બીજું રાજ્ય પણ ધારો કે મળી જશે. પછી?"

"પછી એશિયા માઈનોર પર વિજય મેળવીશ."

"પછી?"

"પછી ભારત પર આક્રમણ કરીશ."

"ભારત પણ હાથમાં આવી જશે. પછી?"

"પછી શાંતિથી રહીશ. આરામ કરીશ."

ડાયોજિનિસ હસ્યા. કહે : "પાગલ ! આટલી ધમાલ કર્યા પછી શાંતિથી જ જીવવું છે ને? આ નદી વહી રહી છે, સંગીતમય ધ્વનિ કરી રહી છે, પક્ષીઓ ગીત ગાઇ રહ્યાં છે, ઠંડો મીઠો પવન વાઇ રહ્યો છે, ખાવા માટે વર્ષભરનો ભંડાર ભરેલો છે, રેતીનો આ વિશાળ પટ આમંત્રણ આપી રહ્યો છે શાંતિથી જીવવા માટે. આટલું બધું બખડજંતર કર્યા પછી શાંતિથી જ જીવવું છે તો એ બધી ઉપાધિ શા માટે વહોરે છે? અત્યારે જ શાંતિથી રહેને? બધું કરીને છેવટે આનંદ જ લેવો છે તો અત્યારે જ બેસી જાને ભાઇલા!"

સિકંદર પળભર વિચારમાં પડી ગયો. પછી બોલ્યો :

"આપની વાત તો સાચી છે પરંતુ હવે દિગ્વિજય કરવા નીકળી જ પડ્યો છું તો મને જવા દો."

"નીકળી પડ્યો છે તો પાછો બેસી પણ શકે છે. ત્યાં જઇને પણ પાછા જ આવવું છે. પરંતુ ત્યાં જઇને પાછા અવાશે જ એ કંઇ નિશ્ચિત થોડું છે! વિશ્વના વિજેતા થઈને પછી સુખી થઇશ જ એ કંઇ નિશ્ચિત નથી, શાંતિથી રહી શકીશ એ નક્કી નથી."

ગહના કર્મણો ગતિ :

'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે....'

મોટા મોટા મહાત્માઓ ચાલ્યા ગયા. જેમણે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું એવાઓને જવાનીમાં જ રોગોએ ઘેરી લીધા. કાલની કોઇને ખબર છે ? અંગૂઠાછાપ વ્યક્તિઓ કરોડપતિ છે અને ડબલ ગ્રેજ્યુએટ એમને ત્યાં ૫૦૦ રૂપિયાની નોકરી માટે અરજીઓ પર અરજીઓ લખે છે. આ પ્રારબ્ધ-વેગનો ખેલ છે. કર્મોની ગતિ કોણે જોઈ છે ? અંગૂઠાછાપ વ્યક્તિ પાસે એલ. એલ. બી. ભણેલા લોકો નોકરી કરે છે એવા લોકોને હું ઓળખું છું. ડબલ ગ્રેજ્યુએટ યુવકો પોસ્ટ ઓફિસમાં ૫૦૦ રૂપિયાની નોકરી માટે મથી રહ્યા છે અને પોસ્ટ ઓફિસવાળા એને રાખતા નથી, કારણ કે તે વધારે ભણેલો છે તેથી જલ્દી જતો રહેશે. એના બદલે એનાથી ઓછું ભણેલાને રાખે છે.

ઘરડો ડોસો છે. જમીન પર ઘસડાતો ચાલે છે. ઘરવાળાં વિચારે છે કે આ ક્યારે મરે. રાતે 'ખોં....ખોં....' કરીને

બધાંની ઊંઘ બગાડે છે. ૮૦ વર્ષ પૂરાં થઇ ગયાં છે. આંખે દેખાતું નથી, કાને સંભળાતું નથી, મોંએ ખવાતું નથી. ક્યાંય ચેન પડતું નથી. તોય એ મરતો નથી. અને એક નવ-જવાન યુવક, હમણાં જ લગ્ન થયાં છે, છ માસ પણ નથી થયા ને મરી ગયો. કાલની કોઈને ખબર છે ?

'जडड़ा जीव जियारे पियो मलकंदड़ मर्द मारे पियो....!'

કાળ રોગી, નિર્બળ, જીવોને જીવાડી રહ્યો છે અને તંદુરસ્ત, હસતા, મલકાતા, ફૂલની જેમ ખીલેલા જીવોને મારે છે.

ડાયોજિનિસ કહે છે : "સિકંદર ! તું એમ ન વિચાર કે હું વિશ્વવિજય કરીશ ને પછી યૂનાન પાછો ફરીશ અને સુખેથી જીવીશ. સંભવ છે કે તું યૂનાન પાછો ન પણ પહોંચી શકે. ભાવિની કોને ખબર છે ?"

સિકંદર : "વાત આપની સાચી લાગે છે, ગળે ઊતરે છે. પરંતુ ગુરુજી ! હવે નીકળી જ પડ્યો છું તો મને જવા દો."

"જા ત્યારે...."

સિકંદર ગયો પરંતુ યૂનાન પાછો ન ફરી શક્યો. રસ્તામાં જ મરી ગયો.

क्या करिये क्या जोड़िये थोड़े जीवन काज ।
छोड़ी छोड़ी सब जात हैं देह गेह धन राज ॥

(કબીર)

દેહ, દેહ જેમાં રહે છે એ ગેહ (ઘર), ધન અને રાજ્ય

એ બધું છોડીને બધાને જવું જ પડે છે. માટે–

हाड बड़ा हरिभजन कर द्रव्य बढ़ा कछु दे ।
अक्कल बड़ी उपकार कर जीवन का फल एह ॥

આત્મકૃપાની અનિવાર્યતા

બીજા ઉપર ઉપકાર ન કરો તો ખાસ કંઈ ચિંતા જેવું નથી પરંતુ તમે પોતાના ઉપર તો ઉપકાર કરો ! જે માણસ પોતાના ઉપર ઉપકાર નથી કરી શકતો, આત્મકૃપા નથી કરી શકતો તે જો બીજા ઉપર ઉપકાર કરવાની ચેષ્ટા કરતો હોય તો સમજી લો કે તે ખતરનાક માણસ છે.

બુદ્ધનું રૂદન

તથાગત બુદ્ધ પાસે એક શેઠિયો આવ્યો ને કહ્યું : "ભગવન્ ! હું આપના શરણે આવ્યો છું. આજથી મારું સમગ્ર જીવન વિશ્વના કલ્યાણ માટે ખર્ચી નાખીશ. મારી પાસે એક નાનું સરખું રજવાડું થાય એટલી માલ-મિલ્કત છે તે બધી લોકકલ્યાણમાં વાપરી દઈશ."

બુદ્ધની આંખોમાંથી દડદડ આંસુ ટપકવા લાગ્યાં. આ જોઇ ભિક્ષુ આનંદે શેઠને પૂછ્યું :

"અરે તેં અમારા ગુરુદેવને શું કહી દીધું ? એમના કોમળ હૃદયને આઘાત લાગી ગયો, આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં ? અમે અમારા ગુરુદેવની આંખોમાં આંસુ નથી જોઇ શકતા. બોલ, તેં એમને શું કહ્યું છે ?"

પેલો શેઠ ગભરાયો. તેણે હાથ જોડીને કહ્યું : "ભિક્ષુ ! મેં તથાગતને એવા કોઇ શબ્દો નથી કહ્યા કે જેથી તેમને દુઃખ થાય. મેં તો એમને એવી વાત કહી છે કે જેથી તેઓ મારા પર પ્રસન્ન થઇ જાય. મેં કહ્યું કે હું મારી સઘળી સંપત્તિ, ધન, વૈભવ લોકકલ્યાણમાં વાપરી નાખીશ. આજથી મારું આખું જીવન લોક-સેવામાં વીતાવીશ. બસ, મેં આ જ વાત ભગવંતને કહી છે."

બુદ્ધે કહ્યું : "મિત્ર ! એટલા માટે જ મને રડવું આવી ગયું. મને તારા પર કરુણા ઉપજી આવી કે તું બીજાના કલ્યાણમાં લાગી ગયો છે, હવે તારું કલ્યાણ કોણ કરશે ? જ્યાં સુધી તારું કલ્યાણ તું નહિ કરે ત્યાં સુધી તેત્રીસ કરોડ દેવતા આવી જાય, મારા જેવા બુદ્ધ આવી જાય તો પણ તારું કલ્યાણ ન કરી શકે."

કર્તા નહિ પણ નિમિત્ત બનો

બીજાનું કલ્યાણ તમે કરો કે ન કરો પરંતુ પોતાનું કલ્યાણ તમે અવશ્ય કરો જ. પોતાનું કલ્યાણ એ છે કે તમે સત્કર્મ કરો પણ તેમાં પોતાનું કર્તૃત્વ ન આવવા દો.

લોકો આવીને કહે છે: "સ્વામીજીના જન્મદિવસે અમને સત્કર્મ કરવાની તક મળશે. અમારા ઠક્કરનગરમાં અમે બે ત્રણ હજાર બાળકોને ભોજન કરાવીશું, વાડજમાં ભોજન કરાવીશું, કુબેરનગરમાં ભોજન કરાવીશું."

કહેવા માટે ભલે કહી દો કે અમે ભોજન કરાવીશું. પરંતુ અંદરથી સમજી લેજો કે આ બધું અસ્તિત્વ કરાવી રહેલ છે. તમે કંઇ નથી. કરાવનાર કરાવી રહેલ છે. બધું

થઇ રહ્યું છે. તમે સાક્ષી બનીને જોતા રહો, નિમિત્ત માત્ર બનતા રહો.

निमित्तमात्रं भव सव्यसाचिन् ।

'હે અર્જુન ! તું કેવળ નિમિત્ત બન.' (ગીતા)

ખરું પૂછો તો નિમિત્ત પણ કોણ બને છે ? એકલા હાથ નિમિત્ત બની શકે છે? ના. પગ નિમિત્ત બની શકે છે ? ના. એકલી આંખ નિમિત્ત બની શકે છે? ના. હાથની પોતાની સત્તા નથી, પગની પોતાની સત્તા નથી, જીભની પોતાની સત્તા નથી, અને તમે ઓઢી લો છો કે, 'હું નિમિત્ત બન્યો છું. મેં આ બધું કર્યું.'

અરે ભાઇ ! તેં શું કર્યું ? અસ્તિત્વની સત્તાથી પાંચ ભૂતનાં પૂતળાં (શરીર) દ્વારા થયું છે. અસ્તિત્વની સત્તા દ્વારા જમનારાઓ જમ્યા છે, જમાડનારાઓએ જમાડયા છે. અસ્તિત્વે પોતે પોતાની સત્તા દ્વારા ભોજન કર્યું છે. તું વચ્ચે કેમ કૂદી પડે છે ? તું માત્ર દૃષ્ટા બનીને મજા લે. खानेवाला राम खिलानेवाला राम । એમાં વળી 'હું' ને 'મારું' ક્યાંથી ટપકી પડે છે ?

रामजी की चिड़िया और रामजी का खेत ।
खा ले मेरी चिड़िया तू भर भर पेट ॥

સંત તુકારામ

સંત તુકારામે ભાગીદારીમાં કોઈનું ખેતર વાવ્યું હતું. જ્યારે છોડ ઉપર અનાજના દાણા બેસવા લાગ્યા ત્યારે પક્ષીઓ ખાવા લાગ્યાં. તુકારામે વિચાર્યું કે આમને ક્યાં ભગાડું

વળી ? જેને ભગાડવાની છે એ મમતાને જ ભગાડું. 'મારું ખેતર.... મારું અનાજ.... મારાં બાળકો.... મારું ઘર....' આમ સદીઓથી 'મારું....મારું' કરતા આવ્યા છીએ. હવે આ મમતાને જ ગોફણ મારો.

તુકારામ બેસી ગયા ભજનમાં.

रामजी की चिड़िया और रामजी का खेत ।
खा ले मेरी चिड़िया तू भर भर पेट ॥

ખેતરના પડોશીએ ખેતરના માલિકને જઇને કહ્યું : "આ ભગતડાને ખેતર આપ્યું છે, એ બધું ઊંધું વાળશે. તમારે ભાગે શું આવશે ?"

માલિક દોડતો દોડતો ખેતરે પહોંચ્યો. વાત ખરી નીકળી. પક્ષીઓ લહેર કરી રહ્યાં છે ને ભગતજી પોતાની ધૂનમાં મસ્ત છે. ખળામાં કંઈ આવશે જ નહિ તો અડધો ભાગ લેશે કઇ રીતે ? માલિકે તુકારામને કહ્યું :

"દર વર્ષે મારા ભાગે ૩૦ મણ અનાજ આવતું હતું. આ વર્ષે ખેતર તમને આપ્યું છે. ૩૦ મણ નહીં તો ઓછામાં ઓછા ૨૫ મણ તો મને મળવા જોઇએ ? તમે 'रामजी की चिड़िया और रामजी का खेत' કરી રહ્યા છો તેથી મને શું મળશે ?"

માલિકે ગામના આગેવાનોને ભેગા કર્યા. પંચો વચ્ચે પોતાની વાત રજૂ કરી.

તુકારામ કહે : "ઠીક છે. તમારા ભાગના ૨૫–૩૦ મણ

દાણા તમે લઈ લેજો. પાછળ જે વધે તેટલા મારા. ચિંતા ન કરો."

માલિક : "માલ પાકશે નહિ ને ખળામાં આવશે નહિ તો હું લઇશ શું? તમારો ભાગ તો તમે જાણો પરંતુ મારો ભાગ જાય છે એનું શું ?"

તુકારામ : "ધીરજ રાખો. માલ પાકવા દો."

સમય વીત્યો. અનાજ ખળામાં આવ્યું. ઢગલો દેખાતો હતો નાનો પરંતુ ખેતરના માલિકના ભાગના ૩૦ મણ તોળાયા બાદ પણ ૩૦–૩૫ મણ અનાજ પાછળ બચ્યું.

જે માણસ કર્તૃત્વ છોડી દે છે એની સાથે અસ્તિત્વ આવી લીલા કરી લે છે.

સ્વામીશ્રી લીલાશાહજી મહારાજ

મારા સદ્દગુરુદેવ પ. પૂ. લીલાશાહ બાપુનું મૂળ નામ લીલારામ હતું. નાનપણમાં જ એમનાં માતાપિતા દેવલોક પામ્યાં. લીલારામ કાકા સાથે રહેતા, તેમની દુકાને કામ કરતા.

એકવાર કાકાએ પૈસા આપીને લીલારામને ખરીદી કરવા મોકલ્યા. લીલારામ ખરીદી કરી, માલનાં બે બળદગાડાં ભરી પોતાને ગામ પાછા ફરી રહ્યા હતા. ગાડામાં લોટ, દાળ, ચોખા, ગોળ, ઘી, ખાંડ વગેરે કરીયાણાનો માલ સામાન હતો.

રસ્તામાં લીલારામે જોયું કે દુકાળગ્રસ્ત ભૂખ્યા તરસ્યા લોકોનાં ટોળાનાં ટોળાં બેઠાં છે. એમને વિચાર આવ્યો :

"આ માલ હું કાકાની દુકાને લઈ જઈશ. ત્યાંથી ખરીદીને લોકો જ ખાશેને ! આ બધાં પણ માણસો જ છે. બાકી વાત

રહી પૈસાની લેવડ દેવડ. પ્રભુના નામે આ લોકો જ ભલે ખાય."

તેમણે ગાડાં ઊભાં રખાવ્યાં. ભૂખ્યા લોકોને કહ્યું : "અહીં બધો સામાન છે. તમે તેમાંથી ભોજન બનાવીને ખાઓ." ભૂખથી ટળવળતા લોકોએ બંને ગાડાં ખાલી કરી નાખ્યાં.

લીલારામ પછી ડરતા ધ્રૂજતા પોતાને ગામ પહોંચ્યા. ખાલી બારદાન ગોદામમાં મૂકી દીધાં. ચાવીઓ કાકાને આપી. કાકાએ પૂછ્યું :

"માલ લાવ્યો ?"

"હા."

"ક્યાં છે ?"

"ગોદામમાં."

"સારું બેટા, જા. તું થાકયો હોઇશ. કાલે માલની નોંધણી કરી લઇશું."

બીજે દિવસે લીલારામ દુકાને ગયા જ નહિ. એમને ખબર હતી કે ગોદામમાં શું માલ મૂક્યો છે. ગભરાયા. કંપવા લાગ્યા. કાકાએ કહ્યું : "અરે તને તાવ આવી ગયો ? જા, આરામ કર."

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ. લીલારામ તાવના બહાને દિવસો વીતાવી રહ્યા છે. ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે :

"હે ભગવાન ! હવે તો તું જાણ. હું કંઇ જાણતો નથી.

કરણ કરાવણહાર સ્વામી ! તું જ બધું કરાવે છે. તેં જ ભૂખ્યા લોકોને ખવડાવવાની સ્ફુરણા આપી. હવે બધું તારે હાથ મારા પ્રભુ ! હું કંઈ નથી. તું જ સર્વ કંઇ છે....!"

એક દિવસે સાંજે કાકા એકદમ લીલારામ પાસે આવ્યા ને બોલ્યા :

"લીલા....લીલા ! તું આટલો શ્રેષ્ઠ માલ લાવ્યો છે !"

લીલારામ ગભરાયા, ધ્રૂજી ઊઠયા. શ્રેષ્ઠ માલ...શ્રેષ્ઠ માલ કહીને કાકા હમણાં જ કાન પકડશે અને પીટશે. તેઓ હાથ જોડીને બોલ્યા :

"કાકા ! ભૂલ થઇ ગઈ."

"ના બેટા ! ભૂલ નથી થઇ. મને થતું હતું કે વેપારીઓ તને ઠગી લેશે. ઊંચા ભાવે હલકો માલ પકડાવશે. પણ બધી જ ચીજો સરસ છે. પૈસા તો ખૂટયા નથી ને ?"

"ના કાકા, પૈસા તો પૂરા થઇ ગયા અને માલ પણ પૂરો થઇ ગયો."

કાકા ચમક્યા : "માલ કેવી રીતે પૂરો થઇ ગયો ?"

લીલારામ ગલ્લાં તલ્લાં કરવા લાગ્યા તો કાકાએ કહ્યુ : "નહિ બેટા ! બધું બરાબર છે. ચાલ તને બતાવું."

એમ કહીને કાકા લીલારામનો હાથ પકડીને ગોદામમાં લઈ ગયા. લીલારામે ત્યાં જઇને જોયુ તો બધાં ખાલી બારદાન માલથી ભરપૂર ભરેલાં છે. હૈયું ભાવથી ભરાઈ આવ્યું. હૃદય ગદ્ગદ થઈ ગયું. એમણે તરત જ નિશ્ચય કર્યો કે જે

પરમાત્માએ મારી લાજ રાખી છે, ગોદામ બહાર તાળું હોવા છતાં અંદરનાં ખાલી બારદાન ભરી દેવાની જેમાં સત્તા છે એ પરમાત્માને હવે હું જોઇશ, એ અસ્તિત્વને હું ઓળખીશ.

લીલારામે દુકાન છોડી, ઘર છોડયું અને ચાલી નીકળ્યા પરમાત્માની શોધમાં. તેમણે ખૂબ સાધના કરી અને સદ્ગુરુદેવની કૃપા થતાં લીલારામમાંથી સ્વામી શ્રી લીલાશાહજી મહારાજ બની ગયા.

તત્ત્વમસિ

કહેવાનું તાત્પર્ય એ નથી કે લીલાશાહ બાપુ મોટા છે અને તમે નાના છો. મારા સદ્ગુરુદેવ હતા તેથી તેઓ મોટા છે એમ હું નથી કહેતો. હું કહું છું કે હું અને તમે પણ એમનાથી એક તલમાત્ર નાના નથી. આ એમનાં જ વચન છે. લીલાશાહ બાપુ કહેતા :

"હું ગીતા માથે મૂકીને કહું છું આશારામ ! કે તું અમારાથી જરા પણ નાનો નથી. પરંતુ તું વિશ્વાસ નથી કરતો."

મારા મનમાં થતું કે બાપુ તો બાપુ છે. આપણે એવા ક્યાંથી ? આ સંદેહ, આ લઘુતાગ્રંથિ મારામાં ઘૂસેલી હતી. એકવાર સવારે ચાર વાગ્યે સત્સંગ સંભળાવતાં સંભળાવતાં તેઓ મોજમાં આવી ગયા ને બોલ્યા :

"ઘણા લોકોને થાય છે કે છું તો બ્રહ્મ, છું તો આત્મા પરંતુ સાંઇ મોટા છે, હું નાનો છું. ભાઈ! હવે હું શું કરું ? હવે લીલાશાહ શું કરે? હું ગીતા માથે મૂકું છું,

કરણ કરાવણહાર સ્વામી ! તું જ બધું કરાવે છે. તે જ ભૂખ્યા લોકોને ખવડાવવાની સ્ફુરણા આપી. હવે બધું તારે હાથ મારા પ્રભુ ! હું કંઈ નથી. તું જ સર્વ કંઇ છે....!"

એક દિવસે સાંજે કાકા એકદમ લીલારામ પાસે આવ્યા ને બોલ્યા :

"લીલા....લીલા ! તું આટલો શ્રેષ્ઠ માલ લાવ્યો છે !"

લીલારામ ગભરાયા, ધ્રૂજી ઊઠયા. શ્રેષ્ઠ માલ...શ્રેષ્ઠ માલ કહીને કાકા હમણાં જ કાન પકડશે અને પીટશે. તેઓ હાથ જોડીને બોલ્યા :

"કાકા ! ભૂલ થઇ ગઈ."

"ના બેટા ! ભૂલ નથી થઇ. મને થતું હતું કે વેપારીઓ તને ઠગી લેશે. ઊંચા ભાવે હલકો માલ પકડાવશે. પણ બધી જ ચીજો સરસ છે. પૈસા તો ખૂટયા નથી ને ?"

"ના કાકા, પૈસા તો પૂરા થઇ ગયા અને માલ પણ પૂરો થઇ ગયો."

કાકા ચમક્યા : "માલ કેવી રીતે પૂરો થઇ ગયો ?"

લીલારામ ગલ્લાં તલ્લાં કરવા લાગ્યા તો કાકાએ કહ્યુ : "નહિ બેટા ! બધું બરાબર છે. ચાલ તને બતાવું."

એમ કહીને કાકા લીલારામનો હાથ પકડીને ગોદામમાં લઈ ગયા. લીલારામે ત્યાં જઇને જોયું તો બધાં ખાલી બારદાન માલથી ભરપૂર ભરેલાં છે. હૈયું ભાવથી ભરાઇ આવ્યું. હૃદય ગદ્‌ગદ થઈ ગયું. એમણે તરત જ નિશ્ચય કર્યો કે જે

પરમાત્માએ મારી લાજ રાખી છે, ગોદામ બહાર તાળું હોવા છતાં અંદરનાં ખાલી બારદાન ભરી દેવાની જેમાં સત્તા છે એ પરમાત્માને હવે હું જોઇશ, એ અસ્તિત્વને હું ઓળખીશ.

લીલારામે દુકાન છોડી, ઘર છોડયું અને ચાલી નીકળ્યા પરમાત્માની શોધમાં. તેમણે ખૂબ સાધના કરી અને સદ્‌ગુરુદેવની કૃપા થતાં લીલારામમાંથી સ્વામી શ્રી લીલાશાહજી મહારાજ બની ગયા.

તત્ત્વમસિ

કહેવાનું તાત્પર્ય એ નથી કે લીલાશાહ બાપુ મોટા છે અને તમે નાના છો. મારા સદ્‌ગુરુદેવ હતા તેથી તેઓ મોટા છે એમ હું નથી કહેતો. હું કહું છું કે હું અને તમે પણ એમનાથી એક તલમાત્ર નાના નથી. આ એમનાં જ વચન છે. લીલાશાહ બાપુ કહેતા :

"હું ગીતા માથે મૂકીને કહું છું આશારામ ! કે તું અમારાથી જરા પણ નાનો નથી. પરંતુ તું વિશ્વાસ નથી કરતો."

મારા મનમાં થતું કે બાપુ તો બાપુ છે. આપણે એવા ક્યાંથી ? આ સંદેહ, આ લઘુતાગ્રંથિ મારામાં ઘૂસેલી હતી. એકવાર સવારે ચાર વાગ્યે સત્સંગ સંભળાવતાં સંભળાવતાં તેઓ મોજમાં આવી ગયા ને બોલ્યા :

"ઘણા લોકોને થાય છે કે હું તો બ્રહ્મ, હું તો આત્મા પરંતુ સાંઇ મોટા છે, હું નાનો છું. ભાઈ! હવે હું શું કરું ? હવે લીલાશાહ શું કરે? હું ગીતા માથે મૂકું છું,

સોગંદ ખાઉં છું આશારામ! કે જે લીલાશાહ છે એ જ આશારામ છે, અને જે આશારામ છે એ જ લીલાશાહ છે, આખું વિશ્વ એ જ છે."

અસીમની ઉપલબ્ધિ કેવી રીતે?

આપણી અંદર કર્તાપણું, ભોક્તાપણું, દેહની અસક્તિ થઈ ગઈ જ્યારે એ મહાપુરુષોમાંથી આ બધું ગાયબ થઈ ગયું. તેથી તેઓ મહાન દેખાય છે અને આપણે નાના દેખાઇએ છીએ. આપણી અણસમજણે આપણને નાના કરી દીધા ને એમની સમજણે એમને મહાન કરી દીધા. ૐ....ૐ....!

તમારી અંદરથી કર્તૃત્વ ચાલ્યું જાય, ભોક્તૃત્વ ચાલ્યું જાય તો તમે અસીમ તત્ત્વ સાથે જોડાઈ જાઓ. ખરેખર તો તમે અસીમ સાથે જોડાયલા જ છો, અસીમ જ છો. પરંતુ તમારી માન્યતાઓ અને ધારણાઓને કારણે વિખરાઈ ગયા છો. તમારી બુદ્ધિ અને વૃત્તિમાં જેટલું આવે છે તેને કહો છો 'મારું' અને તમારી બુદ્ધિમાં ને વૃત્તિમાં નથી આવતું તેને કહો છો 'બીજા કોઈકનું.'

સંત જ્ઞાનેશ્વર અને નામદેવ

માત્ર લીલાશાહ બાપુના જીવનમાં ચમત્કાર થયા છે એવી વાત નથી. જ્ઞાનેશ્વર મહારાજ રિદ્ધિ સિદ્ધિઓ સાથે જન્મ્યા હતા.

ભક્તિ વિના, પ્રેમ વિના સિદ્ધિઓ જીવનમાં મજા નથી આપતી.

એકવાર નામદેવ પાસે ગયા જ્ઞાનેશ્વર અને કહ્યું: "ચાલો તીર્થયાત્રાએ જઇએ."

નામદેવે કહ્યું: "તીર્થયાત્રાએ ભલે જઇએ પરંતુ હું મારા મિત્રને પૂછી જોઉં, પ્રભુને પૂછી જોઉં."

પ્રાર્થનાનું રહસ્ય

નામદેવ ગયા મંદિરમાં અને પૂછ્યું: "પ્રભુ! જાઉં તીર્થયાત્રાએ જ્ઞાનેશ્વર સાથે?"

જ્ઞાનેશ્વર વિચારવા લાગ્યા કે આ મૂર્તિ આગળ શું બોલે છે? પ્રાર્થનામાં નિમિત્ત મૂર્તિ હોય છે પરંતુ હૃદય આપણું પીગળે છે. હૃદય પીગળે છે ત્યારે અહંકાર પીગળે છે. અહંકાર પીગળે છે ત્યારે અંદરના મિત્રનો અવાજ સંભળાય છે. ભકત વિચારે છે કે તે ઈશ્વર બોલ્યો પરંતુ આ હૃદયસ્થ આત્મદેવ જ બોલે છે આ આત્મદેવે જ એ ઈશ્વરને બનાવ્યો છે આ સમજાતું નથી તેથી એ ઇશ્વરને પૂછીને અવાજ આ આત્મદેવનો જ સાંભળે છે.

નામદેવે પૂછ્યું ભગવાનને. હૃદય પીગળી ગયું. આદેશ મળી ગયો. નામદેવ અને જ્ઞાનેશ્વર ઉપડયા યાત્રા કરવા.

અસીમની લીલા

એકવાર મારવાડ જેવો કોઈ સૂકો પ્રદેશ આવ્યો. બંનેને ખૂબ તરસ લાગી. એ જમાનામાં લોકો પાણી કાઢવા માટે કૂવામાં દોરડું નાખતા. તપાસ કરતાં કરતાં જંગલમાં એક કૂવો મળી આવ્યો. પાણી ખૂબ ઊંડે હતું. સાથે દોરડું હતું નહિ.

ખૂબ તરસ લાગી છે. ગળું સૂકાઈ રહ્યું છે. પાસે કોઈ સાધન નથી. આસપાસમાં કોઈ વસ્તી નથી. હવે? શું ઉપાય કરવો?

આખરે જ્ઞાનેશ્વર મહારાજ સિદ્ધિઓના બળથી કૂવામાં ઊતર્યા અને પાણીનું કમંડલ ભરીને બહાર આવ્યા. નામદેવે કહ્યું :

"હું સિદ્ધિઓના બળથી મળેલું પાણી નહિ પીઉં. મને તરસ લાગી છે તો મારા પ્રભુને પણ તરસ લાગી હશે. મારા પ્રભુને હું સિદ્ધિઓનું એઠું પાણી નહિ પાઉં. મારા પ્રભુ શું નાના છે કે સિદ્ધિઓના હાથનું પાણી પીએ? એમને પાણી પીવું હોય, આપણને પીવડાવવું હોય તો કૃપા કરે. એ મારો વહાલો સમર્થ છે....!"

આવા ભાવપૂર્ણ ઉદ્ગારો સાથે નામદેવની આંખોમાંથી આંસુ ટપકીને કૂવામાં પડ્યાં અને કૂવો પાણીથી છલોછલ ભરાઈ ગયો. નામદેવે એમાંથી ખોબો ભરીને ભગવાનને ભોગ ધરાવ્યો અને પછી પોતે પીધું.

જ્યારે આપણી અંદર કર્તૃત્વ નથી હોતું, કર્તાપણાનો અહં નથી હોતો અને આપણું હૃદય અહોભાવથી, પ્રેમથી છલકાઈ ઊઠે છે ત્યારે જે ઘટના બની જાય છે તે ભગવાનની લીલા હોય છે.

અકર્તાનું સામર્થ્ય

તમે ધારો તો પોતાના શરીરનું એક ગૂમડું પણ નથી મટાડી શકતા. જ્યારે તમે કર્તાભાવમાંથી હટી જાઓ ત્યારે અસ્તિત્વ ઇચ્છે તો મડદું જીવાડી શકે છે. તમે મડદું જીવાડી

ન શકો પરંતુ જ્યારે તમે ખોવાઈ જાઓ ત્યારે પરમાત્મા લીલા કરી લે છે. તમને પ્રસિદ્ધ કરવાની, લોકોની સેવા કરવામાં તમને નિમિત્ત બનાવવાની એક લીલા થઈ જાય છે. અસ્તિત્વની મરજી હોય ત્યારે મૂંગો પણ પંચમસ્વરમાં ગાવા લાગે છે.

આપણે જેટલા જેટલા અંદરવાળા મિત્ર સાથે વફાદાર રહીએ છીએ, જેટલા જેટલા અહંશૂન્ય થઈએ છીએ એટલો અંદરના મિત્રનો અવાજ સંભળાય છે.

આત્મવંચનાથી સાવધાન

નિષ્કામ કર્મ કરતી વખતે લોકોને તો એ નિષ્કામ દેખાય પરંતુ તમે અંદર તપાસતા રહેજો કે ખરેખર આ નિષ્કામ કર્મ છે કે અહંને પોષવા માટે કર્મ કરી રહ્યા છો. ખરેખર નિષ્કામ છો કે કોઈ નશ્વર ચીજની કામના છે? તમારું જીવન પ્રભુને પ્યાર કરવા માટે છે કે હાડમાંસને પ્યાર કરવા માટે છે?

જ્યાં સુધી તમે પોતે પોતાના પરીક્ષક નહિ બનો ત્યાં સુધી તેત્રીસ કરોડ દેવતા આવી જાય, કૃષ્ણ, ક્રાઈસ્ટ, મહમદ, બુદ્ધ, મહાવીર, રામ, રહેમાન બધા આવી જાય છતાં તમારી ગાડી ત્યાં જ ફરશે કે જ્યાં સદીઓથી ફરતી આવી છે. તમે જો સતર્ક હશો તો એક સદ્ગુરુનું એક વચન પણ પૂરતું થઈ પડશે મુક્ત થવા માટે.

સાધકની સંધ્યા

સતર્ક થવા માટે વારંવાર સત્સંગ કરો. જો સત્સંગ

નથી કરતો તે કુસંગ જરૂર કરે છે. જે અંદર નથી ડૂબતો તે બહારના સંસારસાગરમાં જરૂર ડૂબે છે. માટે બને તેટલા વધારે આત્મસ્વરૂપમાં ડૂબકી મારો. સવારે, બપોરે, સાંજે, કામ કરતાં કરતાં વચ્ચે અંદર ડૂબકી મારી લો.

બ્રાહ્મણો ત્રિકાળ સંધ્યા કરે છે: સવાર, બપોર અને સાંજ. સાધક માત્ર ત્રિકાળ સંધ્યામાં જ અટકી જાય એ કેમ ચાલે? એટલું તો બધા લોકો કરતા આવ્યા છે. સાધકે હજારો જન્મોનું કામ આ એક જ જન્મમાં પૂરું કરી લેવાનું છે. સાધકે બ્રહ્મસંધ્યા કરવી જોઈએ. એક કલાક વીતે એટલે એક મિનિટની સંધ્યા કરી લો. દરેક બે કલાકના સંધિકાળમાં આ સંધ્યા કરી લો. આ સંધ્યામાં શું કરવાનું?

જુઓ કે જે કંઈ થઈ ગયું તે પાંચ ભૂતોનાં પૂતળાં દ્વારા, શરીર દ્વારા થયું. અસ્તિત્વની સત્તાથી થયું. હું કોણ છું તે મને જ ખબર નથી તો હું મને કર્તા કેવી રીતે માની શકું? ૐ....ૐ....!

અપમાન થયું તો આ હાડમાંસનું થયું, શરીરનું થયું. માન મળ્યું તોય એને જ મળ્યું. અનુકૂળતા મળી તો શરીરને મળી અને પ્રતિકૂળતા મળી તોય એને જ મળી.

એવો કોઈ માનવ નથી કે જેને સદાય માટે અનુકૂળતા જ મળતી રહે અથવા પ્રતિકૂળતા જ મળતી રહે. એવો કોઈ માનવ નથી કે જેને સદાય માટે યશ મળતો રહે અથવા અપયશ મળતો રહે.

સુખ-દુઃખ, માન-અપમાન, અનુકૂળતા – પ્રતિકૂળતા, યશ-અપયશ આ બધી બાજીગરની બાજી છે, જાદુગરનો ખેલ

છે. આ ખેલને ખેલ સમજી લો. જીવનને અહોભાવથી ભરી દો. તેરી મરજી પૂરણ હો।

ગુરુઓનો ગુરુ તમારો આત્મા છે. વાહ ગુરુ વાહ! કોઈ ગાળ આપે તો વાહ ગુરુ! કોઈ ધન્યવાદ આપે તો વાહ ગુરુ! કોઈ ધક્કો મારે તો વાહ ગુરુ!

રાજા અને ફકીર

એક રાજાનો નિયમ હતો કે દરરોજ સાધુને જમાડયા વગર નહિ જમું. આ તેની પ્રતિજ્ઞા હતી. નગરમાં કોઈ અતિથિ સાધુ સંત આવી જાય એમને વજીરો શોધી લાવતા. એમને જમાડીને પછી રાજા જમતો.

એક વાર બપોરના ૧૨ થયા, ૧ થયો પણ કોઈ સાધુ મળ્યા નહિ. રાજાનું વ્રત હતું. એ કેમ તૂટે? સાધુ અતિથિને ખવડાવ્યા વિના ન ખવાય.

પાપ તો પાપ છે જ પરંતુ પુણ્ય પણ પોતાની અંદર ગાંઠ બાંધી લે છે. પાપ કરવાની મનાઈ છે, પુણ્ય કરવાની મનાઈ નથી પરંતુ પુણ્યમાં કર્તાપણું રાખવાની મનાઈ છે.

ઘણી તપાસના અંતે એક તાજો-માજો, તગડો, અલમસ્ત સાધુ મળી આવ્યો. આવ્યો હશે નેપાળ તરફથી. વજીરો તેને લઈ આવ્યા રાજા પાસે. રાજાએ સ્વાગત કર્યું ને સાધુ જમવા બેસી ગયા.

રાજાએ જોયું કે સાધુના પગ મેલા છે, કપડાં ગંદાં છે, હાથ ધોયા નથી. રાજાએ કહ્યું:

"મહારાજ! આપ હાથ પગ ધોઈ લો, સ્નાન કરી લો, સ્વચ્છ થઈ જાઓ. પછી ભોજન કરો."

રાજાનાં પુણ્યકર્મોને પરિપક્વ કરવા માટે જાણે ભગવાને જ આ ફકીરને મોકલ્યા હતા. ફકીર બોલ્યા :

"તેં મને ભોજન કરવા બોલાવ્યો છે કે હાથ–પગ ધોવા ને સ્નાન કરવા બોલાવ્યો છે? હાથ–પગ ધોવા ન ધોવા એ મારી મરજીની વાત છે. સ્નાન કરવું ન કરવું એ મારી મરજીની વાત છે. તું મારા ઉપર હુકમ ચલાવે છે? તારો હુકમ લોકો ઉપર ચાલે, ફકીરો ઉપર થોડો જ ચાલે. હું તારા રાજ્યનો નાગરિક નથી. હું અહીં ભોજન કરવા આવ્યો છું, નહાવા માટે નહીં."

રાજાએ વિચાર્યું : કેવો ગંદો સાધુ છે? હાથ પગ મેલા છે. આને ભોજન આપવું? કહી દીધું :

"ચાલો મહારાજ! પધારો અહીંથી. શૂદ્ર...."

ફકીર રાજાને શું કહે?

"ઠીક છે. હું જાઉં છું. શૂદ્ર હું છું કે તું છે તે પછી ખબર પડશે. લે આ ચાલ્યો."

ફકીર ચાલ્યા ગયા. કથા કહે છે કે એટલામાં રાજાને આકાશવાણી સંભળાઈ.

"હે રાજન્! એ સાધુ કેટલી ઉંમરનો હતો?"

"ભગવન્! આશરે ૩૫–૩૬ વર્ષનો."

"આજ સુધી એ સાધુ નહાયા વગર રહેતો, હાથ પગ ધોયા વિના ખાતો. હું એને ૩૫ વર્ષ સુધી ખવડાવતો રહ્યો

અને તું એને એક દિવસ ન સંભાળી શક્યો? હું યુગોથી આવા અસંખ્ય માનવીઓને સંભાળતો આવ્યો છું અને તું એક માનવને એક દિવસ પણ સંભાળી ન શક્યો ને ઉપરથી માને છે કે હું દાની છું, હું પુણ્યાત્મા છું?"

પહેલાં પોતાને સાચવો

પોતાના હૃદયને સંભાળો, વિશાળ રાખો. કોઈ પડતુ હોય તો તેને સાચવી લો.

આપણે બીજાને તો નથી સાચવતા પરંતુ પોતાના કુટુંબીજનોને પણ નથી સાચવી શકતા. ખરું પૂછો તો પોતાની જાતને પણ નથી સાચવી શકતા. જેણે પોતાની જાતને સાચવી લીધી છે તે જ બીજા કોઈને સાચવી શકે છે. જે પોતાને નથી સાચવતો તે બીજાને સાચવવાનો દાવો કરી શકે છે પરંતુ સાચવી શકતો નથી.

ઓછામાં ઓછા પોતાની જાતને તો સાચવો? બીજાને નહિ સાચવો તો વાંધો નથી. પોતાને જો સાચવી લેશો તો બીજા આપોઆપ સચવાઇ જશે. નહિ તો બીજાને સાચવવાની ભ્રાંતિ થશે.

માબાપ માને છે કે 'અમે સંતાનોને સાચવીએ છીએ.' પરંતુ તેઓ પોતાનાં સંતાનોને સાચવતા નથી, આંધળો પ્રેમ આપે છે. જે પ્રેમમાં અનુશાસન નથી તે પ્રેમ નથી પણ મોહ છે. જે અનુશાસનમાં પ્રેમ નથી તે અનુશાસન નથી પણ લડાઈ છે. હું ઘણીવાર બે ચોપાઈઓ ગાયા કરું છું :

उमा संतकी यही बड़ाई। मंदकरत तेही करत भलाई ॥

આ પ્રાચીન ચોપાઈ છે, પુરાણી ચોપાઈ છે. હવે નવી ચોપાઇ આવી છે:

उमा कलिकी यही बड़ाई । खावहिं रोटी करहिं लड़ाई ॥

પહેલાં અન્ન ખાઇને તેનો બ્રહ્મરસ બનાવવામાં આવતો. કોઈ બૂરાઈ કરે તો તેના પર પણ ભલાઈ કરવામાં આવતી હતી. આજકાલ લોકો અન્ન ખાઇને લડાઈ કરે છે. કોઈ ભલાઈ કરે છે તો તેના ઉપર બૂરાઈ કરવા તૈયાર થઈ જાય છે. જે હાથોએ હજાર હજાર વાર આપણી સંભાળ લીધી તે હાથને આપણે બાળવા તૈયાર થઈ જઈએ છીએ. જે હૃદયે આપણને વારંવાર શીતળતા આપી, પતનથી બચાવ્યા એ હૃદયને આપણે ઠોકર મારવા તૈયાર થઈ જઈએ છીએ, કારણ કે આપણી અંદર એવો રજોગુણ, એવો અહંકાર આવી જાય છે કે આપણને ખબર જ નથી પડતી કે જે ડાળી ઉપર આપણે બેઠા છીએ તે જ ડાળીને આપણે કાપી રહ્યા છીએ.

આટલા માટે અન્ન ગ્રહણ કરતાં પહેલાં પ્રાર્થના કરવામાં આવે છે કે:

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

'જે યજ્ઞમાં અર્પણ વગેરે પણ બ્રહ્મ છે અને હવન કરવામાં આવનાર દ્રવ્ય પણ બ્રહ્મ છે તથા બ્રહ્મરૂપ કર્તા દ્વારા બ્રહ્મરૂપ અગ્નિમાં આહુતિ આપવા રૂપી ક્રિયા પણ બ્રહ્મ છે, એ બ્રહ્મકર્મમાં સ્થિત રહેનાર યોગી દ્વારા પ્રાપ્ત થનાર ફળ પણ બ્રહ્મ જ છે.'

(ગીતા : ૪.૨૪)

વ્યવહાર કરતી વખતે અંદર તપાસ કરો કે કંઈ ખોટું તો નથી કરતા? જેની સાથે વ્યવહાર કરો છો તેની સાથે કંઈ અનુચિત તો નથી થઈ રહ્યું? ઉચિત અનુચિતની સમજણ ન પડે તો અંદર પ્રાર્થના કરો કે:

"હે પરમ મિત્ર! હું ઉચિત અનુચિત નથી જાણતો. મારા દ્વારા તું જે કરાવવા ઇચ્છે તે કરાવી લે. આ સઘળું તારું જ છે. હું કશું જ નથી."

તરત એ પરમ મિત્ર અંતર્યામી પરમાત્મા તમને સાથ આપશે. પરંતુ આપણી પાસે ફુરસદ ક્યાં છે? સમય ક્યાં છે? એ મિત્રનો અવાજ કોણ સાંભળે? આપણે બાબાજી થોડા જ છીએ, નવરા થોડા જ છીએ, સાધારણ માણસ થોડા જ છીએ કે એ મિત્રનો અવાજ સાંભળીએ. આપણે તો ચતુર છીએ, હોંશિયાર છીએ.

આજનો માનવી જેટલો વધારે ચાલાક છે એટલો વધારે પરેશાન છે. ચાલાકે એટલી ચાલાકી કરી છે કે એણે પોતાની જાતને પરેશાન કરી નાખી છે.

ખેર! તમે બધા એટલા ચતુર નથી. કેમ કે ભર બપોરે આ જંગલમાં સત્સંગ સાંભળવા બેઠા છો. તમે જો વધારે ચતુર હોત તો શહેરમાં પોતાને ઘેર એરકન્ડીશન્ડ રૂમમાં બેઠા હોત.

બુદ્ધિમત્તાની કસોટી

તમારી બુદ્ધિ વિકસિત થઈ કે નહિ, તમારું હૃદય શુદ્ધ થયું કે નહિ? જરા અંદર ડોકિયું કરો. તમારું અંતઃકરણ

જેટલું શુદ્ધ હશે, હૃદય જેટલું પવિત્ર હશે, બુદ્ધિ જેટલી વિકસિત હશે એટલો તમારા જીવનમાં આગ્રહ નહિ હોય. बुद्धेः फलं अनाग्रहः । અત્યારે તો જ્યાં ત્યાં આગ્રહ રાખવાની જાહેરાતો થાય છે :

'હંમેશાં તાજછાપ પીવાનો આગ્રહ રાખો....હંમેશાં જે. કે. નું ટેરીકોટન પહેરવાનો આગ્રહ રાખો....'

કોઈ ચીજનો આગ્રહ ન રાખો. રોટલી મળી જાય તો વાહ વાહ! ખીચડી મળી જાય તો વાહ વાહ! ખાદી મળી જાય તો વાહ વાહ! માદરપાટ મળી જાય તો વાહ વાહ! જે કંઇ મળે તો વાહ વાહ!

પુનરાવર્તન નહિ પણ પાલન

રામ રાખે તેમ રહીએ ઓધવજી,
રામ રાખે તેમ રહીએ ....
કોઈ દિન ફરવાને બાગ બગીચા રામા,
કોઇ દિન જંગલ ફરીએ... ઓધવજી

આ બધું તમે જાણો છો, ગાઓ છો. પરંતુ એવા સંજોગો આવે ત્યારે પાલન કરી લો તો બેડો પાર થઈ જાય.

मन दिल मस्त सदा तुम रहना आन पड़े सो सहना ।
आतम नशे में देह भूलाकर साक्षी होकर रहना ॥

જગતની નાની નાની બાબતોમાં પોતાને વિખેરો નહિ. એનો અર્થ એવો પણ નહિ કે અદબ વાળીને બેસી જાઓ ને કૂતરું દૂધ પી જાય....રામ રાખે તેમ રહીએ....ના. એવું નહિ.

ખેર, એવું તો તમે કરશો પણ નહિ. ખૂબ હોશિયાર છો.

बहुत पसारा मत करो...

પોતાને બહુ વિખેરો નહિ. દરેક કલાકમાં ઓછામાં ઓછી એક બે મિનિટ પોતાને સમેટી લો. અંદર ડૂબકી મારો, અંતર્મુખ થઈ જાઓ. તમે જેટલા બહાર ફેલાઓ છો તેટલા નાના થઈ જાઓ છો. તમે જેટલા અંતર્મુખ થાઓ છો તેટલા મહાન થઈ જાઓ છો.

બહાર નહિ, અંદર ભાગો

એક મહાત્મા સત્સંગ કરી રહ્યા હતા. લોકો ધ્યાનથી સાંભળી રહ્યા હતા. એટલામાં આંધી આવી, છાપરા ઉપરનાં પતરાં ખડખડવા લાગ્યાં. સૂસવાટા મારતો પવન વાવા લાગ્યો. તોફાન મચી ગયું. લોકો બધા ભાગી ગયા. પાકા મકાનમાં ઘૂસી ગયા. મહાત્મા ત્યાં જ બેસી રહ્યા. આંખ બંધ કરીને ધ્યાનસ્થ થઈ ગયા. તોફાન શાંત થઈ ગયું. આંધી ચાલી ગઈ.

લોકો પાછા આવ્યા. મહાત્માને કહેવા લાગ્યા :

"મહારાજ! તોફાન આવ્યું ને અમે ભાગી ગયા, સારા મકાનનો આશ્રય લીધો ને આપ બેસી જ રહ્યા?"

મહાત્મા : "એવું નથી. હું પણ ભાગ્યો હતો. તમે બહાર ભાગ્યા ને હું અંદર ભાગ્યો. એટલા માટે આ તોફાન શાંત થઈ ગયું. હું અંદર ભાગ્યો, ધ્યાનસ્થ થયો ને સંકલ્પ કર્યો તો આ તોફાન શમી ગયું. તમે બહાર ભાગતા રહ્યા."

હવે તો વિરમો !

ભાગે છે બધા. કોઈ અંદર ભાગે છે કોઈ બહાર ભાગે છે. અંદર ભાગે છે એનું ભાગવું બંધ થઈ જાય છે અને જે બહાર ભાગે છે તે સદા ભાગતા જ રહે છે. એક માના પેટમાંથી બીજી માના પેટમાં, બીજી માના પેટમાંથી ત્રીજી માના પેટમાં ભાગતા રહે છે. માતાઓ બદલે છે, પિતાઓ બદલે છે, દેશ બદલે છે, જાત બદલે છે, શરીર બદલે છે, નામ બદલે છે, રૂપ બદલે છે. તમે આજ સુધી થાક્યા નથી. કેટલા 'મહાન' છો? કેટલા 'શૂરવીર' છો? આટઆટલા ભાગ્યા છતાં રોકાતા નથી. કેટલા 'બળવાન' છો?

અમે તો બાબા! થાકી ગયા. તેથી અમે એવી જગ્યા પકડી લીધી કે હવે ભાગવું ન પડે, મા બદલવી ન પડે, બાપ બદલવા ન પડે, ગામ બદલવું ન પડે. હવે એવી જગ્યાએ પહોંચ્યા કે બસ....આરામ ! ઘણું ભટક્યા. અસંખ્ય માતાઓના પેટમાં વારંવાર શીર્ષાસન કર્યાં. એકલા મેં જ શીર્ષાસન કર્યાં છે એવું નથી. તમે બધા પણ કરીને આવ્યા છો. પરંતુ તમે મજબૂત છો અને અમે હારી ગયા, થાકી ગયા.

તમે પણ હવે સમજી જાઓ કે આ શીર્ષાસનો કરવામાં કોઈ સાર નથી, ગર્ભમાં ઊંધા માથે લટકવામાં કોઈ સાર નથી. માટે વિરમો.

કર્તૃત્વનાં કરતૂત

મહારાજ વસિષ્ઠ કેવું સુંદર કહે છે!

"હે રામજી! આ વૃક્ષો જે આંધી તોફાન સહી રહ્યાં છે, ટાઢ, તાપ ને વરસાદ સહી રહ્યાં છે, કુહાડાના ઘા સહી રહ્યાં છે તે આગલા જન્મોમાં કર્તૃત્વ ભોક્તૃત્વ ભાવથી કરેલાં કર્મોનાં ફળ જ ભોગવી રહ્યાં છે. જમીનની તિરાડમાં દબાયલાં, પથ્થરો વચ્ચે પીસાતાં જંતુઓ નથી મરી શકતાં ને નથી જીવી શકતાં તે આગલા જન્મોમાં અજ્ઞાનવશ કરેલાં કર્મોનાં ફળ જ ભોગવી રહ્યાં છે. આ પક્ષીઓ ઠંડીના દિવસોમાં ભૂખ્યાં તરસ્યાં માળામાં પડી રહે છે, તોફાનમાં માળા વીંખાઈ જાય છે ત્યારે પડે છે, મરે છે ને અપાર દુ:ખ સહે છે તે આગલા જન્મોમાં કર્તાપણા અને ભોક્તાપણાથી કરેલાં કર્મોનાં ફળો જ ભોગવે છે ને?

હે રામજી ! હું તમને હાથ જોડીને પ્રાર્થના કરું છું કે પોતાની અંદર કર્તૃત્વને પાંગરવા ન દેશો."

કર્તા કોણ છે ? શોધો

करन करावनहार स्वामी सकल घटाके अंतर्यामी ।

જરા વિચાર કરો કે કર્મ કોણે કર્યું ? પોતાને શોધો કે તમે કોણ છો અને કર્મ કોણે કર્યું ? સમ્યક્ અવલોકનથી ખબર પડશે કે તમે છો જ નહિ.

કર્મ કરવામાં કોની કોની મદદ લેવી પડે છે? તમારું શરીર સૂર્ય સાથે જોડાયેલું છે. સૂર્યમાં થોડુંક ઉષ્ણતામાન ઘટે તો તમે ગાયબ થઈ જાઓ, જીવી ન શકો. સૂર્ય ઠરી ગયો એમ કહેવા પણ ન રોકાઓ. તમે એનાથી પહેલા ઠરી જશો. વાતાવરણમાંથી ઓકિસજન ચાલ્યો જાય તો તમારું જીવન અશક્ય બની જાય. ઓકિસજન ઓછો થાય તોય તમે હાંફવા લાગો છો.

પૃથ્વીની મદદ લઈને, જળની મદદ લઈને, તેજની મદદ લઈને, વાયુની મદદ લઈને, કુટુંબની મદદ લઈને, સમાજની મદદ લઈને જરાક કામ કરો છો ને બોલો છો 'મેં કર્યું.'

એક ચકલું જોવું હોય તો નેત્ર જોઈએ, નેત્રના અધિષ્ઠાતા દેવ જોઈએ, બુદ્ધિવૃત્તિ જોઈએ, ચૈતન્યની સત્તા જોઈએ, ત્યારે એક ચકલું જોઈ શકાય. ને તમે કહો છો 'હું ચકલું જોઉં છું.'

'બાપુના જન્મ દિવસે મેં ૨૦૦ માણસો જમાડ્યા, ૨૦૦૦ માણસો જમાડ્યા, આટલા બ્રાહ્મણો જમાડ્યા, આટલી કન્યાઓ જમાડી....'

અરે ભાઈ! ૨૦૦ માણસો જમાડ્યા તેથી સંકોચાઓ નહિ ને ૨૦૦૦ માણસો જમાડ્યા તેથી ફુલાઓ નહિ. જે થઈ ગયું તે અસ્તિત્વ દ્વારા થઈ ગયું. વાહ વાહ!

લોકોને તમે શું જમાડવાના હતા? લોકોનાં અન્ન-જળ હતાં તે જમ્યા. મને ખાતરી છે કે આપણા સાધકોમાં એવો અહંકાર નહિ આવે. તેથી જ અહંકારને છેદવાની વાત સાંભળીને ખુશ થઈ રહ્યા છો. જેને અહંકાર હોય છે તેનો ચહેરો ઊતરી જાય છે કે 'આપણું પોલ ખોલ્યું.' જેમને અહંકાર નથી આવતો તે લોકો આ વાતો સાંભળીને ખુશ થાય છે કે અહંકાર આવતાં પહેલાં જ પોલ ખુલી જાય તો અહંકાર આવશે જ નહિ. વાહ વાહ!

વિવેકાનંદ પોતાના શિષ્યોને કહેતા :

"મિત્રો, તમે એવા છો તો નહિ પરંતુ સાધુ તરીકે

મારું કર્તવ્ય છે કે પહેલાંથી તમને ચેતવી દેવા. તમે અહંકારી છો તો નહિ અને હશો તો પણ ઠીક થઈ જશો. મારા સાધકો, શિષ્યો એવા છે નહિ છતાં સંન્યાસી તરીકે કહેવાનું મારું કર્તવ્ય છે કે તમારી અંદર કર્તાપણું ન ઘૂસે."

સાધનામાં ભિક્ષાનું રહસ્ય

પહેલાં સાધુઓ ભિક્ષા માગીને ખાતા. બુદ્ધે ભિક્ષા માગી, લીલાશાહ બાપુએ ભિક્ષા માગી, મેં ભિક્ષા માગી. ભિક્ષા માગીને ખાવાથી કંઈ સાક્ષાત્કાર નથી થતો. ભિક્ષા ખાવાથી કંઈ ભગવાનનાં દર્શન નથી થતાં. અને....થાય છે પણ ખરાં.

ભિક્ષાનું અન્ન ખાવાથી જો ભગવાનનાં દર્શન થતાં હોય તો ફૂટપાથ ઉપરના બધા ભિખારીઓ સાક્ષાત્કારી બુદ્ધ પુરુષ થઈ ગયા હોત. ભિક્ષાનું અન્ન ખાવું જો સાક્ષાત્કારમાં સહાયરૂપ ન થતું હોય તો બુદ્ધ જેવા, મહાવીર જેવા, શંકરાચાર્ય જેવા, લીલાશાહ બાપુ જેવા, ભિક્ષાન્ન ગ્રહણ ન કરત. કાશ્મીરથી કન્યાકુમારી સુધીના સામ્રાજ્યવાળા રાજા ભરથરી પોતાનું સામ્રાજ્ય છોડીને ભિક્ષા માગીને ભોજન કરતાં પોતાનો અહોભાવ વ્યક્ત કરતા હતા કે, 'હું મહેશયાગ કરું છું, ભિક્ષાન્ન ખાઈને તૃપ્ત થાઉં છું.' ભિક્ષાન્ન ગ્રહણ કરવામાં પોતાનું ગૌરવ બતાવ્યું છે.

અહંકારની દીવાલ

કાલે મારી પાસે એક સાધક આવ્યો હતો. મેં એને જરા ધમકાવ્યો. એને સાધક તો શું કહીએ? ભગત કહીએ, ભાવુક કહીએ. 'સાધક' શબ્દ ત્યાં શરમિંદો થઈ જાય છે.

મેં એને કહ્યું : "અરે તેં ત્રણ રૂપિયાનાં બિસ્કીટ મંગાવીને ખાધાં ?"

તેણે કહ્યું : "મેં નથી ખાધાં. પહેલાં લાવેલાં પડયાં હતાં તે ખીસકોલીઓને ખવડાવી રહ્યો હતો."

"બિસ્કીટ ખીસકોલીઓ માટે થોડાં જ હોય છે ? મનુષ્યનાં બાળકોને અન્ન નથી મળતું અને તું ખીસકોલીઓને બિસ્કીટ ખવડાવે છે ? આટલું નુકશાન કરે છે ?"

તે રડવા લાગ્યો. કહે : "મને શું ખબર કે બાપુ આ માટે ધમકાવશે. મને જો ખબર હોત તો પહેલાં હું મારા પોતાના પૈસા એકઠા કરીને પછી સાધના કરત. હું મારું પોતાનું ખાત અને મારા પોતાના પગ પર ઊભો રહેત."

અહીં ત્રણ રૂપિયાનો પ્રશ્ન નથી. પોતાના અને પારકાનો પ્રશ્ન નથી. તમારા અહંકારને જરાક રંદો અડે છે, આઘાત લાગે છે તો કેટલો ભડકે છે ! 'પોતાના પૈસા એકઠા કરત, પોતાની કમાણી ખાત અને આવીને ભજન કરત....'

એવું નથી કે પોતાના પૈસા લાવત, ખાત અને પછી આરામથી ભજન કરત તો ભગવાન મળત. ના. ભગવાન તેનાથી ન મળે. તમારું જે કંઈ છે તેની હોળી કરી દો. જ્યાં તમારા અહંકારને આઘાત થાય એવા ઘરના બારણે જઈને ભિક્ષાપાત્ર લઈને ઊભા રહો કે 'નારાયણ હરિ....!' અપમાન થાય ત્યારે જુઓ કે અપમાન કોનું થાય છે ? માન અપમાનના પ્રભાવથી પર થઈ જશો ત્યારે પરમાત્મા મળશે. પોતાની કમાણીનું ખાવાથી કે પારકી કમાણીનું ખાવાથી પરમાત્મા

નથી મળતા. અહંકારને અલવિદા કરવાથી પરમાત્મા મળે છે. તમારી અને પરમાત્માની વચ્ચે અહંકાર જ દીવાલ રૂપે છે.

જરાક કહ્યું એમાં રડવા લાગ્યો. કહે :

"બાપુ ! મને ખર્ચના વિષે આપ કહો છો ત્યારે ગુસ્સો આવે છે. આપની બીજી બધી વાત સહન થાય છે પણ આ વાત કદી સહન નથી થતી."

તને આ વાત કદી સહન નથી થતી તો મને તારાં જન્મ મરણ પણ કદી સહન નથી થતાં. હવે હું કરું શું ?

આચાર્યપદ કેવું છે ?

જુઓ, મીઠાધીશ બનવું સહેલું છે, મોટા વિદ્વાન બનવું સહેલું છે, શેઠ બનવું સહેલું છે, સાહેબ બનવું ઘણું સહેલું છે, સાક્ષાત્કાર કરવો પણ સહેલો છે પરંતુ આચાર્ય બનવું ઘણું કઠણ છે.

શિલ્પી પથ્થરને ઘડીને તેને ભગવાન (મૂર્તિ) બનાવી આપે. પથ્થર એમાં કોઈ વિરોધ નથી કરતો. સુથાર લાકડાંને રંદો મારીને ઉત્તમ ફર્નીચર બનાવી દે છે. લાકડું કોઈ વિરોધ નથી કરતું. માનવ પ્રાણી એવું છે કે હાથ જોડતું આવે, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે પરંતુ ઘડવા માટે જરાક રંદો ઉપાડયો તો બસ....મોં ચડી જાય. પોતાના અહંકારના રક્ષણ માટે હજાર ઉપાય વિચારશે પરંતુ સંતોની વાતને નહિ વિચારે.

સંસાર અને બુદ્ધ પુરુષો

વિરોધ જ્યારે જ્યારે થયો છે ત્યારે બુદ્ધુ અને બુદ્ધ પુરુષ વચ્ચે થયો છે. બે બુદ્ધ પુરુષો વચ્ચે કદી ઝગડો નથી થયો. કબીરજી દારૂ પીતા હતા એટલે બદનામી થઈ એવું નથી. તેઓ દારૂ નહોતા પીતા. એમણે જે ખરાબ કૃત્યો કર્યાં ન હતાં તે બધાં કૃત્યો બીજા લોકો કરતા હતા અને એ બધાંનો આરોપ લોકોએ એમના ઉપર ચઢાવ્યો. કારણ ? કારણ કે કબીર ખરાબમાં ખરાબ જે અહંકાર છે એની સાથે લડાઈ કરવા લાગ્યા હતા.

પંડિતોએ કબીરને કહ્યું કે તમે અમારા અહંકારને ઠોકર મારો છો તો અમે તમારા બુદ્ધત્વને ઠોકર મારી દઈશું. અમારો જૂનો અહંકાર છોડીએ કેમ ?

સંસારીઓ અને જ્ઞાની વચ્ચે આવું થતું જ આવ્યું છે. નાનક અને લોકો વચ્ચે થયું, મહાવીર અને લોકો વચ્ચે થયું, વસિષ્ઠ અને લોકો વચ્ચે થયું. એવું નથી કે વસિષ્ઠ કોઈ ખરાબ માણસ હતા. ભગવાન રામે એમને ગુરુ બનાવ્યા હતા. એવા વસિષ્ઠજી કહે છે :

"હે રામજી ! હું બજારમાંથી પસાર થાઉં છું ત્યારે મૂર્ખ લોકો શું શું અફવાઓ ઉડાડે છે તે બધું હું જાણું છું. પરંતુ મારો દયાળુ સ્વભાવ છે તેથી એમને માફ કરી દઉં છું."

કરુણાની તલવાર

આપણી અને પરમાત્માની વચ્ચે જે અહંકાર છે એને ભગાડવા માટે જ્યારે બુદ્ધ પુરુષ આપણા પર પ્રહાર કરે છે ત્યારે આપણી અંદર રહેલી શ્રદ્ધા આપણને બચાવે છે. બુદ્ધ પુરુષની કરુણા આ શ્રદ્ધાનું રક્ષણ કરે છે. નહિ તો આપણી માન્યતા અને એમની માન્યતામાં ઘણો સંઘર્ષ થાય છે. જ્ઞાની અને અજ્ઞાનીની માન્યતાઓ વચ્ચે મોટો વિરોધ હોય છે. આપણે જેને સંભાળવા ઇચ્છીએ છીએ એને જ્ઞાની આગ લગાડવા માગતા હોય છે. આપણે જેમને સદીઓથી 'હું' અને 'મારું' માનતા આવ્યા છીએ, જેમને સંભાળતા આવ્યા છીએ, પોષતા આવ્યા છીએ એ મોહ, મમતા ને અહંકારને તેઓ ઉખેડવા માગે છે. છતાં પણ મજા આવે છે કારણ કે એમનો સ્નેહ અને આપણી શ્રદ્ધા બચાવે છે. નહિ તો ભાઈ ! પથ્થરને ભગવાન બનાવવો સહેલો છે પરંતુ માનવને ભગવાન બનાવવો કઠણ છે.

વિવેકાનંદ કહેતા : "સાક્ષાત્કાર કરીને જીવનમુક્ત થઈ બેસી જવું સરળ છે પરંતુ બીજાઓને એ પદે પહોંચાડવા ઘણા કઠણ છે."

ધન્ય છે એ સાહસવીરોને !

આ કામ જેમણે કર્યું છે એમને શૂળીએ ચડવું પડ્યું છે. છતાં પણ એમનામાં એટલું સાહસ અને ધૈર્ય છે કે હજાર હજાર દુઃખો વેઠીને, શૂળીએ ચડવાની તૈયારી કરીને પણ તેઓ સમાજમાં આવે છે અને ફરીથી એ જ કામ કરે છે કે જે સોક્રેટીસે કર્યું ને સોક્રેટીસને ઝેર મળ્યું, કબીરે કર્યું ને કબીરને ગંદા આરોપ મળ્યા, નાનકે કર્યું ને નાનકને ગામમાંથી ભગાડવામાં આવ્યા, ઈસુએ કર્યું ને ઈસુને ક્રોસ

પર ચડાવવામાં આવ્યા, મન્સૂરે કર્યું ને મન્સૂરને શૂળીએ ચડાવવામાં આવ્યા.

એ જ કામ બધા બુદ્ધ પુરુષો આવી આવીને કરે છે. કેટલું ધૈર્ય છે! કેટલું સાહસ છે! અંતઃકરણમાં કેટલી કરુણા છે!

કોટિ કોટિ પ્રણામ હોજો એ સાહસવીરોનાં ચરણોમાં!

બુદ્ધ પુરુષોનું મૌન

એ બુદ્ધત્વ કેવું હશે? અનુભવગમ્ય ચીજ છે, ચર્મ ચક્ષુથી એ નથી દેખાતું. તમે બુદ્ધત્વને ઉપલબ્ધ થઈ જશો ત્યારે એનું વર્ણન કરવા ઉત્સુક નહીં થાઓ. કેટલાય મહાપુરુષો થઈ ગયા છે કે જેઓ બુદ્ધત્વને ઉપલબ્ધ થઈને મૌન થઈ ગયા, પાગલના જેવો વેશ બનાવી લીધો, કેમ કે બોલે તો લોકો અર્થ ન સમજે. જે અધિકારી સાધક હોય તે મૌનથી પણ સમજી જાય. આવો અધિકારી સાધક તો લાખોમાં કોઈક જ મળે છે.

ચાર પ્રકારના માનવી

માનવી ચાર પ્રકારના છે: પામર, વિષયી, જિજ્ઞાસુ અને જ્ઞાની.

પામર : પામર કેવા હોય? પામરને સારાં કાર્યોમાં, સત્કાર્યોમાં આળસ આવે. તેઓ કહેશે: ઈશ્વરના માર્ગે જઈશું કોઈવાર. આજે તો ખાઓ પીઓ ને મજા કરો.

यावत् जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पीवेत्।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

'આ દેહ બળીને ખાખ થઈ જવાનો છે. ફરીથી પાછા આવવાનું નથી, માટે જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખેથી જીવો, ઉધારું લઈને પણ ઘી પીઓ. આ જન્મમાં લહેર કરો'—પામરોના આવા ખ્યાલ હોય છે.

शुभ कर्म न में आलसी विषयन में अति प्रीत।
अशुभ कर्म छोड़े नहीं यही पामर की रीत ॥

બુદ્ધ પુરુષ જ્યારે સમાજમાં આવે છે ત્યારે પામર લોકોને ધીરે ધીરે વિષયી બનાવે છે. ભગવાનની કૃપાથી, રિદ્ધિસિદ્ધિઓના બળથી, ઉપદેશથી, આશીર્વાદથી પામરોને સંસારની અનુકૂળતા કરી આપે છે. જેવી રીતે બાળકોને કે.જી.માં, બાલમંદિરમાં દાખલ કરવામાં આવે છે ત્યારે એમને ચોકલેટ, લોલીપોપ, ચવાણું વગેરે બધું આપવામાં આવે છે. એ જ પ્રમાણે પામરોને સંતો, મહાપુરુષો કંઈને કંઈ રમકડાં આપી દે છે.

વિષયી : પામરોમાંથી વિષયી બને છે. 'સારું, ચાલો ઇશ્વરના માર્ગે જઈએ. કંઈક આશીર્વાદ થશે, નોકરી મળી જશે, ધંધામાં બરકત પડી જશે, ઇજ્જત આબરૂ વધી જશે. ફલાણા ગયા તો લાભ થયો, ઢીકડા ગયા તો ધંધામાં ફાવી ગયા. આપણે પણ જઈએ.' એમ વિચારીને આવા લોકો ઈશ્વરના માર્ગે વળે છે.

પામર લોકો ઇશ્વરના માર્ગે ભયથી આવે, તાડનથી

આવે, પ્રલોભનથી આવે. જિજ્ઞાસુ લોકો વિવેકથી આવે. જ્ઞાની આવવા જવાથી પર છે.

વિષયીના ખ્યાલો કેવા હોય છે? વિષયી કહેશે : અહીં અત્યારે સુખ મળે ને ભવિષ્યમાં પરલોકમાંય સુખ મળે, અત્યારે માન મરતબો જળવાય, આબરૂ વધે ને મર્યા પછી પણ આબરૂ ટકી રહે.

વિષયી પાસે જો સત્કાર્ય કરાવવામાં આવે, એ સત્કાર્યમાં નિષ્કામતા લાવવામાં આવે તો એ વિષયી જિજ્ઞાસુ બની જાય. પામર જિજ્ઞાસુ ન બને.

પામરમાં ત્રણ પ્રકાર: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. તેજ પ્રમાણે વિષયી અને જિજ્ઞાસુમાં પણ ત્રણ ત્રણ પ્રકાર છે.

ઉત્તમ પામર જલ્દી વિષયી બની જાય છે. મધ્યમ પામર કંઈક કર્યા વિના વિષયી નહિ બને. કનિષ્ઠ પામરને વિષયી બનાવવા માટે તાડન, ભય વગેરેનો ઉપયોગ કરવો પડે, વધારે પરિશ્રમ કરવો પડે, ત્યારે માંડ તેનો ગીયર બદલે છે.

બ્રહ્મવેત્તાનો કીમતી સમય આવા કનિષ્ઠ પામરો માટે નથી. તેઓ કંઈક અટકળ યુક્તિ કરીને એમને દૂર કરી દે છે. મધ્યમ પામરો છે તેમનું પોષણ બ્રહ્મવેત્તા પોતાના સાધકો દ્વારા કરાવી દે છે. ઉત્તમ પામરને બ્રહ્મવેત્તા પોતે થોડું ઘણું કંઈક આપીને વિષયી બનાવી દે છે.

જિજ્ઞાસુ: ઉત્તમ વિષયી બુદ્ધ પુરુષનાં વચન સાંભળીને પોતાનો વિષય છોડીને જિજ્ઞાસુ બની જશે. આવા ઉત્તમ

વિષયી માટે ગીતાનાં વચન છે. ગીતાના શ્લોકો કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ પામર માટે નથી, કનિષ્ઠ અને મધ્યમ વિષયી માટે પણ નથી, માત્ર ઉત્તમ વિષયી માટે છે. આવો માણસ વિષયોમાં રહે છે છતાં માણસ ઉત્તમ છે. ખાય છે, પીએ છે, ધન કમાય છે, યશ મેળવે છે, આ લોકમાં સુખી રહેવા ને પરલોકમાં સુખી થવા ઇચ્છે છે પરંતુ બહારની ચીજોથી સુખી રહેવા ઇચ્છે છે. આવા માણસો માટે કબીરજીનો આ દોહો છે:

बहुत पसारा मत करो कर थोड़े की आश ।
बहुत पसारा जिन किया वे भी गये निराश ॥

વધારે વિસ્તાર ન કરો, સ્વરૂપની આકાંક્ષા સેવો. વિષયી જ્યારે બુદ્ધ પુરુષનાં આ વચનો આદરથી સાંભળે છે ત્યારે અહીં સુખી થવાની, પરલોકમાં સુખી થવાની અને વિષયોમાં સુખ શોધવાની ઇચ્છા દૂર થાય છે. તેને સ્વરૂપમાં સુખી થવાની જિજ્ઞાસા જાગે છે. પછી એ ઉત્તમ વિષયીમાંથી બની જાય છે જિજ્ઞાસુ.

જિજ્ઞાસુ પણ ત્રણ પ્રકારના હોય છે: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ.

કનિષ્ઠ જિજ્ઞાસુ ખૂબ તર્ક વિતર્ક કરે છે. પોતાના સ્વરૂપ વિષે અસંભાવના અને વિપરીત ભાવનાથી એની બુદ્ધિ આક્રાંત રહે છે. એના ચિત્તમાં ખૂબ તર્ક વિતર્ક ઉભરાય છે.

મધ્યમ જિજ્ઞાસુમાં થોડો ઘણો તર્ક ઊઠે છે અને ઉત્તમ જિજ્ઞાસુ ઉપદેશ માત્રથી પાર થઈ જાય છે.

જે ઉત્તમ જિજ્ઞાસુ છે તેને સીધો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ

આપવામાં આવે છે. ઉત્તમ જિજ્ઞાસુ જનક હતા ને અષ્ટાવક્રની મુલાકાત થઈ તો જનકને સાક્ષાત્કાર થઈ ગયો. ઉત્તમ જિજ્ઞાસુ પરીક્ષિત હતા ને શુકદેવજીની મુલાકાત થઈ તો પાર થઈ ગયા. કથામાં બીજા શ્રોતાઓ પણ હતા. તેઓ ઉત્તમ જિજ્ઞાસુ ન હતા તેથી થોડા ઘણા આગળ વધ્યા પરંતુ પાર ન થયા. ઉત્તમ જિજ્ઞાસુ બુદ્ધ પુરુષનાં વચન સાંભળીને તરત પાર થઈ જાય છે. મધ્યમ જિજ્ઞાસુને થોડો સમય લાગે છે. કનિષ્ઠ જિજ્ઞાસુ માટે થોડો વધારે પરિશ્રમ કરવો પડે છે, તેને વધારે સમય લાગે છે. આમ છતાં આ બધાય મોક્ષની ગાડીમાં તો છે જ. બધાની મુસાફરી ચાલુ છે.

જ્ઞાની : ચોથા પ્રકારના માનવી છે જ્ઞાની. એમને માનવીનો એક પ્રકાર નહિ કહીએ પરંતુ અલૌકિક અસ્તિત્વ કહીશું. કેમ કે માનવતાથી તેઓ કેટલાય ઊંચે ઊઠી ગયા છે. એમનો મહિમા ગાતાં વેદો પણ થાકયા છે. આવા ગુણાતીત પદમાં આરૂઢ થવું એ જ સર્વ સાધનાઓનું અંતિમ લક્ષ્ય છે.

સત્સંગ રૂપી જહાજ

સત્સંગ એક એવું સાધન છે કે એમાં કનિષ્ઠ સાધક હોય, મધ્યમ સાધક હોય કે ઉત્તમ સાધક હોય, બધાને લાભ મળે છે. નાનામાં નાની પામર વ્યક્તિમાં પણ તીવ્ર ઉત્તમ સંસ્કાર પડતા રહે છે. સાધનાઓ બધાને માટે અલગ અલગ હોય છે જ્યારે સત્સંગમાં, સમૂહ ધ્યાનમાં સર્વેને સારો લાભ મળી જાય છે. કનિષ્ઠ સાધકો વધારે ફાવે છે કેમકે ઉત્તમ સાધકોનાં આધ્યાત્મિક આંદોલનોનો લાભ અનાયાસે મળતો રહે છે.

આ લાભને પરિપકવ કરવા માટે જગતનો વિસ્તાર અટકાવી આત્મામાં વિશ્રાંતિ પામવી જોઈએ. માટે જ કબીરજીએ કહ્યું છે :

> बहुत पसारा मत करो कर थोड़े की आश ।
> बहुत पसारा जिन किया वे भी गये निराश ॥

◈

શાબાશ! હિંમત કરો. આત્મદેવને ઓળખો. આત્મ–વિશ્રાંતિ મેળવવા માટે, અવિનાશી આરામ પામવા માટે, આત્માભિમુખ થવા માટે કેટલાક પ્રયોગો છે તે અપનાવીને, અભ્યાસ અને વૈરાગ્ય રૂપી હલેસાં મારીને તમારી જીવન–નૈયાને અવિનાશી આરામના ઓવારે પહોંચાડી દો.

આત્માભિમુખ થવા માટેના પ્રયોગો

વહેલી સવારે સ્નાન શૌચાદિથી પરવારીને ધ્યાન જપ કરવાનો નિયમિત અભ્યાસ કરો. આનંદ માણતાં માણતાં સાથે વિવેક વિચારને પણ સતેજ રાખો. 'હું કોણ છું' એની શોધ તીવ્રતાથી કર્યા કરો. સાત્ત્વિકતાના એ ઉત્કર્ષ કાળમાં શુદ્ધ બુદ્ધિ દ્વારા આત્મ સ્વરૂપ અંગે જે નિર્ણયો મળે તે તમારા જીવનની અતિશય મૂલ્યવાન મૂડી છે. એને સાચવી રાખો. દિવસની પ્રવૃત્તિમાં જાઓ ત્યારે પણ એ કમાણીને તાજી કરતા રહો, નહિ તો આ ધન એવું છે કે ચિત્તની

ચંચળતામાં ક્યારે ખોવાઈ જાય તેનું ભાન પણ ન રહે. માટે સાવધાન! રજોગુણ તમોગુણ જોર કરે ત્યારે પણ સત્ત્વગુણના પ્રાબલ્ય વખતે બુદ્ધિએ આપેલા નિર્ણયનું સ્મરણ કરો. વારંવાર એ નિર્ણય મુજબ આત્મસ્થ થતા રહો, 'સ્વ'માં વારંવાર 'સેટ' થતા રહો. સાધક માટે આ જ ખરી કમાણી છે. એ આધ્યાત્મિક ધનસંચય કરતાં કરતાં બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુની કરુણાનો ધક્કો લાગતાં આખરી ધ્યેયને ઉપલબ્ધ થઈ જશો. આત્માનંદના ખજાનાના કાયમ માટે માલિક બની જશો. નિજ ઘરમાં અવિનાશી આરામ કરવા સદ્ભાગી થઈ જશો.

જીવનના વ્યવહારો કરતાં સાધકને ઘણીવાર વિક્ષેપો આવતા હોય છે. સુખ અને દુઃખની થપ્પડો વાગતી હોય છે, ઇર્ષ્યા અને દ્વેષની આગ બાળતી હોય છે, દ્વૈતરૂપી ડાકણ માથે સવાર થઈ જતી હોય છે.

સંસારમાંથી આવાં વિઘ્નો ઊભાં થવાં સ્વાભાવિક છે. આવા પ્રસંગે સાધકે આત્મસ્વરૂપ તરફ વળી જવું. તમે સુવર્ણ અક્ષરે હૈયાની ડાયરીમાં લખી રાખો કે પ્રકૃતિમાં જે કંઈ ઘટના બને છે તે જીવને તેના શિવ સ્વરૂપ તરફ લઈ જવા માટે જ બને છે. પોતાને યાદ દેવડાવો કે આત્મ સ્વરૂપ છોડીને સંસાર પ્રત્યે ભાગ્યા તેનું આ ફળ છે. માટે બધો પ્રપંચ છોડીને પરમાત્મમય થવા ચિત્તને આદત પાડો.

'જે ભાવે શુભ ભાવના તે પામે ભવ પાર.'

કાર્યમાં હતાશ ન થાઓ. સુખ દુઃખમાં વિચલિત ન થાઓ. મનરૂપી સોયને આત્મસ્વરૂપ તરફ સતત વળેલી રાખો.

આમાં બધું આવી જશે. આ જ ભક્તિ છે, આ જ યોગ છે, આ જ જ્ઞાન છે, આ જ વેદાંત છે.

આપણો આ આત્મયોગ કોઈને બતાવવા માટે નથી, બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે છે.

ब्राह्मी स्थिति प्राप्त कर कार्य रहे ना शेष ।
मोह कभी ना ठग सके इच्छा नहीं लवलेश ॥

કોઈ વાર મધ્યરાત્રિએ જાગી જાઓ. પથારીમાં જ સ્વસ્થ થઈ પદ્માસન કે સુખાસનમાં બેસી જાઓ. સુસ્તી, તંદ્રા, નિદ્રા ન ઊડે તો ઊઠીને હાથ મોં ધોઈને તાજા થઈ જાઓ.

મધ્યરાત્રિના પ્રહરે તમામ ચંચળ જીવો પ્રકૃતિમાં લીન થયેલા હોય છે. રાત્રિના એ સન્નાટામાં તમે આત્મ સ્વરૂપમાં જાગવાનો પુરુષાર્થ કરો.

વિચાર કરો કે તમે જ્યારે સ્વપ્ન જુઓ છો ત્યારે સ્વપ્નનાં માણસો, મકાનો, નદી, નાળાં, પહાડો, તારા, ચાંદો, સૂરજ, બાગબગીચા, બસ, ટ્રેન એ બધું કોણ બનાવે છે? તમારું મન જ એ બધું બનાવે છે. તમે એ બધા પ્રપંચથી વાસ્તવમાં નિરાળા છો. છતાં પ્રમાદથી સ્વપ્નનું એક પાત્ર

બની જઈને પોતે જ સર્જેલા સ્વપ્નના લોકોથી સુખી દુઃખી થાઓ છો. જો એ સ્વપ્નમાંથી જાગી જાઓ તો તે વખતે ભાસતા, સાચા સચોટ જેવા જગતનું પોલ ખુલી જાય. આ જગત પણ તેમ જ છે.

વહાલા વીરા! અત્યારે તમે જે જાગ્રત જોઈ રહ્યા છો એ પણ વાસ્તવિકતા નથી, સ્વપ્ન જ છે. તીવ્ર વિવેકની આંખને ઉઘાડો. બુદ્ધિને સતેજ કરો અને જુઓ કે : "તમે અત્યારે એક સ્વપ્ન જોઈ રહ્યા છો. એ સ્વપ્નમાં તમે છગનભાઈ છનાભાઈ (તમારું જે નામ હોય તે) બની ગયા છો, અમુક માતા પિતાના પુત્ર છો, અમુક ઉંમરના છો, અમુક નોકરી ધંધો કરો છો, અમુક ગુરુના શિષ્ય છો, અમુક દેવના દાસ છો, અને અત્યારે પથારીમાં જાગ્રત થઈને ધ્યાન કરી રહ્યા છો. ધ્યાનમાં અમુક વિચારો કરી રહ્યા છો."

ખૂબ સતર્ક થઈને તમે આ સ્વપ્નને નિહાળો. જેને તમે સત્ય જાગ્રત જગત માનીને જીવન જીવી રહ્યા છો તે ખરેખર સ્વપ્ન જ છે, તમે પોતાને છગનભાઈ છનાભાઈ (તમારું જે નામ હોય તે) માનીને જીવી રહ્યા છો તે છગનભાઈ છનાભાઈ સ્વપ્નનું જ એક પાત્ર છે એ વાસ્તવિકતા તમારી પ્રજ્ઞામાં પ્રગટ થવા લાગશે.

પોતાના દેહ, મન, બુદ્ધિ, વિચારો સહિત આ આખું જગત જ્યારે તમારી પ્રજ્ઞામાં સ્વપ્નમય સિદ્ધ થશે ત્યારે તમારાં તમામ દુઃખોનો અંત આવશે.

સ્વપ્નમાં ઊતરીને સ્વપ્નનાં દુઃખોનો સામનો કરતાં કરતાં યુગો વીતી ગયા. હજી એનો અંત નથી આવ્યો. અત્યારે પણ છગનભાઈ (તમારું જે નામ હોય તે) બનીને જીવન સાથે ઝઝૂમી રહ્યા છો. હવે એ મિથ્યા પ્રયાસો છોડીને જાગી જાઓ. સ્વપ્નને સ્વપ્ન સમજી લો, વાત પૂરી થઈ ગઈ. આ તમામ પ્રપંચને સ્વપ્ન સમજ્યા પછી જે બાકી રહેશે તે તમારું આત્મસ્વરૂપ છે. એમાં કંઈ પણ ગ્રહણ કર્યા વિના કે કંઈ પણ ત્યાગ્યા વિના તમે આનંદમય જ હશો. એ અવસ્થામાં કોઈ કર્તવ્ય બાકી નથી.

તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે :

सपनेहु सिर काटे कोई बिन जागे दुःख दूर न होई ।

માટે પ્યારા! રાત્રિના જે અંધકાર અને તમસમાં સંસારના અન્ય જીવો અવિદ્યાની ગોદમાં લપાઈને ઘોરી રહ્યા હોય ત્યારે તમે આત્મસ્વરૂપના પ્રકાશ-પુંજ તરફ ડગ માંડો. પરમાત્મા અને બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુઓની કૃપા-વૃષ્ટિ આવા સમયમાં સાધકોનાં હૈયાંઓને શોધી રહી હોય છે, અગમ નિગમના પ્રવાસીઓને ખોળી રહી હોય છે. એ સર્વવ્યાપક, સર્વાન્તર્યામી પ્રભુના આત્મિક પ્યારના હડસેલાથી તમારી મંજીલ નજીક આવતી જશે.

જાગો પ્યારા! જાગો!!

રાત્રિના એકાંતના આવા સઘન પુરુષાર્થથી એકવાર આંતરપ્રજ્ઞા ખુલી જશે પછી હરતાં ફરતાં, કામ ધંધો કરતાં

પણ વિચાર માત્રથી તમે આત્મસ્વરૂપમાં રમમાણ રહી શકશો. સાધના તમારે માટે ખેલ બની જશે.

કેમ કરશોને હિંમત ? તમે બધું જ કરી શકો છો. પોતાને દુર્બળ અને લાચાર માનશો નહિ.


❋

એક જ જગ્યાએ, એક જ આસન પર, એક જ માળા લઈને એક જ મંત્રનો જપ કરવાથી સાધનામાં ઝડપી પ્રગતિ થાય છે. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ દ્વારા આધ્યાત્મિક ચિનગારી સમાન મળેલ ગુરુમંત્રનો નિયમિત જપ કરો. અંતર ચક્ષુથી નિહાળો કે તમારા લલાટમાં આ ગુરુમંત્ર લાલ અક્ષરે લખાયલો છે. મંત્ર જપ કરતી વખતે આ મંત્ર લલાટમાં બંધ આંખે વાંચવાની સ્ફુરણા કરો. આ અભ્યાસથી સંકલ્પ–વિકલ્પનો વેગ હળવો થશે. ચિત્ત સ્થિર થશે. ચંચળતાનો અભાવ થતાં અંદરથી આનંદ ઉભરાવા લાગશે.

એક જ સમય, આસન, માળાનો આગ્રહ રાખો. પ્રથમ બે માસ પા કલાક, પછી અડધો કલાક, પછી પોણો કલાક એમ અભ્યાસ વધારતા જાઓ. જપ કરતાં કરતાં ચિત્ત સ્થિર થવા લાગે, આનંદ આવવા લાગે, ધ્યાનસ્થ અવસ્થા આવવા લાગે તો માળાના મણકા ફેરવવાનો આગ્રહ ન રાખવો. પણ સાવધાન રહેજો કે તંદ્રા, નિદ્રા, સુસ્તીમાં તો લીન થઈ જતા નથી ને ! બને તેટલા સંકલ્પ–વિકલ્પ વિનાની નિશ્ચળ અને આનંદમય સ્થિતિમાં રહો. આ અભ્યાસથી તમારાં પૂર્વનાં સંચિત કર્મો બળીને ભસ્મ થઈ જશે. દિવ્ય જ્ઞાનનાં ચક્ષુ ઉઘડશે.

❋

કોઈ એકાંત રમણીય, શુદ્ધ સ્થાનમાં એકલા બેસો. પોતાની વૃત્તિઓને નિહાળો, મનમાં શું વિચારો ચાલે છે તેને જોતા રહો. મનને રોકવાની કે કોઈ જપ તપમાં મનને લગાડવાની ચેષ્ટા ન કરો. મન જે કરી રહ્યું છે તેને માત્ર સતર્કતાથી જોતા રહો. બધા વિચારો આપોઆપ શાંત થવા લાગશે. શરીર, મન અને મનના વિચારોથી તમે જુદા છો, નિર્મળ અને આનંદ સ્વરૂપ છો. એવો અનુભવ અંદરથી આપોઆપ ખુલવા લાગશે.



✻ ગુરુભક્ત સંદીપક ✻

પ્રાચીન કાળમાં ગોદાવરી નદીના કિનારે વેદધર્મ મુનિના આશ્રમમાં અનેક શિષ્યો વેદ શાસ્ત્રાદિનું અધ્યયન કરતા હતા. એક દિવસ ગુરુએ પોતાના શિષ્યોની ગુરુભક્તિની પરીક્ષા લેવાનો મનસુબો કર્યો. સત્ શિષ્યોમાં ગુરુ પ્રત્યે એટલી અતૂટ શ્રદ્ધા હોય છે કે એની શ્રદ્ધા માપવા માટે ગુરુએ યોગબળ બતાવવું પડે છે.

વેદધર્મ મુનિએ પોતાના શિષ્યોને એકઠા કરીને કહ્યું :

"હે શિષ્યો! પૂર્વજન્મમાં મેં કેટલાંક પાપકર્મ કર્યાં છે. એમાંનાં કેટલાંક મેં જપ, તપ, અનુષ્ઠાન, સાક્ષાત્કાર કરીને ભોગવી લીધાં છે. હજી થોડું પ્રારબ્ધ બાકી છે. એનું ફળ આ જન્મમાં જ ભોગવી લેવું જરૂરી છે. એ કર્મનું ફળ ભોગવવા માટે બીમાર થવું પડશે. એ માટે હું કાશી જઈને રહીશ. ત્યાં મને કોઢ નીકળશે. આંખે અંધાપો આવશે. એ સમય દરમિયાન મારી સાથે કાશી આવીને મારી સેવા કરવા કોણ તૈયાર છે? છે કોઈ હરીનો લાલ! કે જે મારી સાથે રહેવા તૈયાર થાય?"

શિષ્યો પહેલાં તો કહી રહ્યા હતા : "ગુરુદેવ! તમારા પર વારી જાઉં મારા પ્રભુ!" ગુરુનો જયઘોષ થાય છે, માલ-મીઠાઇઓ આવે છે, ફળફૂલના ઢગલા થાય છે, રૂપિયાની

થપ્પીઓ થાય છે ત્યારે ઘણા શિષ્યો હોય છે પરંતુ આપત્તિ-કાળ આવે ત્યારે કેટલા શિષ્યો ટકે છે?

વેદધર્મ મુનિએ પરીક્ષા લીધી. બધા ચેલા ચૂપ થઇ ગયા. એ બધામાં સંદીપક નામનો શિષ્ય ખૂબ ગુરુસેવાપરાયણ, ગુરુભક્ત અને કુશાગ્ર બુદ્ધિવાળો હતો. તેણે કહ્યું :

"ગુરુદેવ! આ દાસ આપની સેવામાં રહેશે."

"૨૧ વર્ષ સુધી સેવા કરવા રહેવું પડશે."

"પ્રભો! ૨૧ વર્ષ શું આખું જીવન રહેવું પડે તોયે જન્મારો સાર્થક થશે."

મુનિ એ શિષ્યને લઈને કાશી નગરીમાં ચાલ્યા ગયા. ત્યાં મણિકર્ણિકા ઘાટથી થોડે દૂર એક ઝૂંપડી બાંધીને રહ્યા. સંદીપક ગુરુની સેવામાં લાગી ગયો. વહેલી સવારથી ગુરુની આવશ્યકતા મુજબ દાતણ-પાણી, સ્નાન, પૂજન, વસ્ત્રપરિધાન વગેરેની તૈયારી અગાઉથી કરી રાખતો. સમય થતાં ભિક્ષા માગી લાવતો અને ગુરુદેવને જમાડતો.

થોડા જ દિવસોમાં શિષ્યની અગ્નિ પરીક્ષા શરૂ થઈ ગઈ. ગુરુના આખા શરીરે કોઢ નીકળ્યો. થોડા વખત પછી અંધાપો આવ્યો. શરીર કદરૂપું થઈ ગયું. ગુરુનો સ્વભાવ પાગલના જેવો થઈ ગયો. પરંતુ સંદીપકના મનમાં જરા પણ ક્ષોભ ન થયો. તે દિન રાત ગુરુની સેવામાં તત્પર રહેવા લાગ્યો. કોઢના ઘાને ધોતો, સાફ કરતો, દવા લગાડતો, ગુરુને સ્નાન કરાવતો, કપડાં ધોતો, આંગણું વાળતો, ભિક્ષા માગી લાવીને ગુરુને ભોજન કરાવતો.

ગુરુનો મિજાજ ક્રોધી થઈ ગયો. તેઓ અશાંત થઈને સંદીપકને ગાળો ભાંડતા, ધમકાવતા, કોઈવાર તમાચા મારી દેતા ને વિવિધ રીતે તેને પરેશાન કરતા. પરંતુ સંદીપક ખૂબ શાંતિથી, ધૈર્યથી એ બધું સહન કરી લેતો. એની શ્રદ્ધાની જ્યોત કદી ઝંખવાતી નહિ. દિન–પ્રતિદિન વધારે ને વધારે કાળજીથી ગુરુની સેવામાં તે મગ્ન રહેવા લાગ્યો. તેના હૃદયમાં ગુરુ પ્રત્યેનો ભાવ વધુ ઊંડો ને ગાઢ બનવા લાગ્યો.

સંદીપકની આવી અનન્ય ગુરુનિષ્ઠા જોઈને કાશીના દેવ ભગવાન વિશ્વનાથ શિવ તેની આગળ પ્રગટ થયા અને કહ્યું :

"બેટા ! તારી ગુરુભક્તિ જોઈને હું પ્રસન્ન થયો છું. તેં ખરેખર ગુરુની સારી સેવા કરી છે. 'ગુરુ' શબ્દ મને ખૂબ પ્યારો છે. જે ગુરુની સેવા કરે છે તે જાણે મારી જ સેવા કરે છે. ગુરુને જે સંતુષ્ટ કરે છે તે મને જ સંતુષ્ટ કરે છે. હું તારા પર ખૂબ ખૂબ સંતુષ્ટ છું. જગતના લોકો મને પોકારે છે પણ હું ત્યાં નથી જતો. તેં મને પોકાર્યો નથી, માત્ર ગુરુને પ્રસન્ન કર્યા છે, ઈમાનદારીથી ગુરુની સેવા કરી છે તેથી હું તારી આગળ પ્રગટ થયો છું. તેં ગુરુત્વને બરાબર જાણ્યું છે. બેટા ! કંઈક વરદાન માગી લે."

સંદીપકે શિવજીને પ્રણામ કરતાં કહ્યું : "હે દેવાધિદેવ ! મારા ગુરુદેવની આજ્ઞા વિના આપની પાસે કશું જ નહિ માગું."

"બેટા ! ગુરુસેવા તો તેં કરી છે. ગુરુ કોઢી છે, આંધળા છે, ક્રોધી છે, પાગલ છે. એમની આજ્ઞા શું લેવાની છે ! તને તો તારી સેવાનું ફળ મળે છે."

"એવું ન કહો દેવ ! ગુરુ ગમે તેવા હોય પણ મારા માટે તેઓ સર્વસ્વ છે."

"તો જા. પૂછી આવ ગુરુને."

સંદીપક ગુરુ પાસે પહોંચ્યો. હાથ જોડીને નિવેદન કર્યું : "ગુરુદેવ ! ભગવાન શંકર વરદાન આપવા આવ્યા છે. આપ આજ્ઞા આપો તો વરદાન માગી લઉં કે જેથી આપનો રોગ, આપનો અંધાપો, આપનું પ્રારબ્ધ એ બધું ખતમ થઈ જાય."

ગુરુએ સંદીપકને ધમકાવ્યો : "નાલાયક ! ગધેડા ! સેવા કરતાં કરતાં થાક્યો છે એટલે વરદાન માગવું છે કે હું સારો થઈ જાઉં અને તારી જાન છૂટે ? અરે મૂર્ખ ! એ તો જરા વિચાર કે શિવજી મને અત્યારે રોગમુક્ત કરી દે તો પણ ક્યારેક ને ક્યારેક મારે મારાં કર્મોનું ફળ ભોગવવું જ પડશે. એ માટે મારે બીજો જન્મ લેવો પડશે. આ જન્મમાં જ મારી મુક્તિ નહિ થાય. હવે તું જ વિચાર કે તારે શું કરવું જોઈએ."

આ જગ્યાએ આધુનિક શિષ્ય હોત તો ગુરુને છેલ્લા નમસ્કાર કરીને જોડા પહેરીને પોતાને રસ્તે પડત. કહેત : 'આ તે કંઈ ગુરુ છે ? એમના ભલા માટે જ કહ્યું તેમાં મને નાલાયક કહ્યો.'

સંદીપક તો સંદીપક જ હતો. તે ગયો શિવજી પાસે ને કહ્યું : "ભગવન્ ! મને આપના વરદાની જરૂર નથી. મને તો મારો 'વર' મળી ગયેલ છે. એ જ મને દાન આપશે આત્મજ્ઞાનનું. મને બીજા કોઈ વરદાનની જરૂર નથી."

શિવજીને આશ્ચર્ય થયું કે લોકો મારા માટે બૂમો પાડે છે, પોકારે છે, ભજનો ગાય છે, ધૂનો કરે છે, તપ કરે છે, શિવરાત્રિઓ ઉજવે છે, છતાં હું તેમની પાસે પ્રગટ નથી થતો. પ્રગટ થાઉં તો વરદાન માટે આગ્રહ નથી કરતો. માત્ર દર્શન આપીને અંતર્ધાન થઈ જાઉં છું. સંદીપકે મને બોલાવ્યો નથી છતાં પ્રસન્ન થઈને સ્વયં પ્રગટ થયો અને એ વરદાન પાછું ઠેલે છે? કેવો અદ્‌ભુત અલૌકિક માનવ છે!

શિવજી ગયા વિષ્ણુલોકમાં ને ભગવાન વિષ્ણુને કહ્યું:

"કાશીમાં એક છોકરો છે મણિકર્ણિકા ઘાટની પાસે. પોતાના ગુરુની સેવામાં મગ્ન છે. હું પ્રસન્ન થઈને વરદાન આપવા ગયો તો એ બાળકે વરદાન પાછું ઠેલી દીધું. કહે કે મારે વરદાનની જરૂર નથી."

વિષ્ણુ: "એમ? આવો માણસ કાશીમાં? એવા ગુરુ-ભક્તનાં દર્શન કરવાં જોઈએ."

વિષ્ણુ પહોંચ્યા સંદીપક પાસે ને બોલ્યા: "બેટા! તારી ગુરુભક્તિ, તારી ગુરુ–ઉપાસના જોઈને અમે લોકો ખૂબ પ્રસન્ન થયા છીએ. જ્યાં સુધી ગુરુનું હૃદય શિષ્ય પર સંતુષ્ટ નથી થતું ત્યાં સુધી શિષ્યમાં જ્ઞાન પણ પ્રગટ નથી થતું, તેના હૃદયમાં ગુરુનો જ્ઞાનોપદેશ પચતો નથી. ગુરુનો સંતોષ એ જ શિષ્યની પરમ ઉપાસના છે, પરમ સાધના છે. તેં તનમનથી ગુરુની ઉપાસના સેવા કરી છે. અમે તારા પર સંતુષ્ટ થયા છીએ.

ગુરુને જે સંતુષ્ટ કરે છે, પ્રસન્ન કરે છે તેના પર તેત્રીસ

કરોડ દેવતા આપોઆપ સંતુષ્ટ થઈ જાય છે. પોતાના ગુરુને જે નારાજ કરે છે તેના પર આખું વિશ્વ આપોઆપ નારાજ થઈ જાય છે. કહે બેટા! તને શું વરદાન આપવામાં આવે?"

"પ્રભુ! મને વરદાનની જરૂર નથી. ગુરુદેવની પ્રસન્નતા જ મારા માટે પરમ વરદાન છે."

"છતાં કંઈક વરદાન માગી લે."

"હું ગુરુદેવને પૂછી આવું."

સંદીપક પહોંચ્યો ગુરુ પાસે. વિષ્ણુના આગમનની વાત કરી. ગુરુ બોલ્યા:

"અચ્છા! વિષ્ણુજી આવ્યા છે? સારું સારું. તારી જે મરજી હોય તે માગી લે જા."

સંદીપકે આવીને વિષ્ણુને કહ્યું: "પ્રભુ! બીજું તો હું શું માગું? ગુરુજી નિરોગી થઇ જાય એવું માગીશ તો ગુરુજી કહેશે કે સેવાથી થાક્યો છે. માટે આપ મને એવું વરદાન આપો કે ગુરુમાં મારી અટલ શ્રદ્ધા ટકી રહે, ગુરુની સેવામાં નિરંતર પ્રીતિ રહે, ગુરુચરણોમાં દિનોદિન ભક્તિ દૃઢ થતી રહે. એ સિવાય મને બીજું કશું ન જોઈએ."

વિષ્ણુએ સંદીપકને આલિંગન આપતાં કહ્યું:

"બેટા! તું ધન્ય છે, ધન્ય છે તારી ગુરુભક્તિને. જા, હું તને વરદાન આપું છું કે ગુરુ પર તારી શ્રદ્ધા અચળ રહેશે. એટલું જ નહિ, તારી આ કથા જે સાંભળશે એનાં પાપ નિવૃત્ત થશે, અશ્રદ્ધા નિવૃત્ત થશે ને શ્રદ્ધાની જ્યોત

પ્રગટશે. તારી કથાને લોકો ગાયા કરશે. જા બેટા ! ગુરુનાં દર્શન કર."

આજે લોકો આવા શિષ્યોની ગાથા ગાઈ રહ્યા છે. એવા સત્ શિષ્યો થઈ ગયા છે કે જેમનું વિવેચન ગુરુઓને કરવું પડે છે. ધન્ય છે એવા સત્ શિષ્યોને !

વિષ્ણુ અંતર્ધાન થયા. સંદીપક ઝૂંપડીમાં જઈને જુએ છે તો વેદધર્મ મુનિ તદ્દન સ્વસ્થ અને દિવ્ય કાંતિમાન શરીર વાળા થઈ ગયા હતા. એમને વળી કોઢ કેવો ને અંધાપો કેવો ? શિષ્યોનો સમુદાય વધી ગયો હતો, ગુરુ માટે જીવન કુરબાન કરવાવાળા વધી પડયા હતા તેથી પરીક્ષા કરવા માટે ગુરુએ યોગબળથી કોઢ અને અંધાપો સ્વીકાર્યો હતો. એ મહાપુરુષે કદી પાપ કર્યું જ ન હતું તો તેના ફળભોગની વાત ક્યાં રહી ?

ગુરુને જ્યારે સાક્ષાત્કાર થયો હતો ત્યારે જ બધી ઇચ્છાઓ વિલીન થઈ ગઈ હતી, જન્મ મરણનું ચક્ર છેદાઈ ગયું હતું, પ્રારબ્ધ ખતમ થયું હતું. શાસ્ત્ર કહે છે : 'प्रजहाति यदा कामान् सर्वान्...।' જ્યારે તમામ કામનાઓ નષ્ટ થઈ જાય છે ત્યારે જ્ઞાન થાય છે. જ્યાં જ્ઞાન થયું ત્યાં કર્મોનું બંધન ક્યાંથી રહે ? જ્ઞાનીને કર્મોનું ફળ ભોગવવા માટે કોઢી થવાની જરૂર નથી. શિષ્યોની કસોટી કરવા માટે યોગબળથી કોઢ અને અંધાપાને બોલાવ્યો હતો. યોગબળનો સંકલ્પ સમેટી લીધો એટલે કાયા એવી જ કંચનવર્ણી થઈ ગઈ. એ જ તેજસ્વી પ્રભાવશાળી નેત્રો ચમકવા લાગ્યાં.

સંદીપક ભાવોન્માદમાં આવીને કહેવા લાગ્યો :

"ગુરુદેવ ! આપ આવા ! આપનું તન મહાન સુંદર ને નિરોગી થઈ ગયું !"

"બેટા ! હું જ્યારે કોઢી હતો ત્યારે પણ એ જ હતો, પરીક્ષા કરી રહ્યો હતો ત્યારે પણ એ જ હતો ને અત્યારે સુંદર છું ત્યારે પણ એ જ છું. હું પૃથ્વી નથી, જળ નથી, તેજ નથી, વાયુ નથી, આકાશ નથી પણ ચિદાનંદસ્વરૂપ છું. તું જ્યારે ચર્મચક્ષુથી જુએ છે ત્યારે બદલાયલો દેખાઉં છું પણ કદી બદલાતો નથી....અને સોગંદપૂર્વક કહું છું કે તુંય બદલાતો નથી, તું પણ એ જ છે....ૐ ૐ ૐ !"

જ્યારે કંઈ બદલાય છે ત્યારે મન બદલાય છે, શરીર બદલાય છે, ચહેરો બદલાય છે. આ બધા પરિવર્તનમાં જે અપરિવર્તનશીલ રહે છે એને આત્મા કહે છે. એ જ આપણો વાસ્તવિક 'હું' છે.

ગુરુ આ આત્મામાં અચલ હોય છે, સ્વરૂપમાં અચલ હોય છે. જેઓ આપણને સંસાર સમુદ્રમાંથી તારીને પરમાત્મામાં મેળવી દે, જેમનો એક હાથ પરમાત્મામાં હોય અને બીજો હાથ જીવની પરિસ્થિતિઓમાં હોય એ મહાપુરુષનું નામ ગુરુ છે.

सत्गुरु मेरा शूरमा करे शब्द की चोट ।
मारे गोला प्रेम का हरे भरम की कोट ॥

गुरु गोविन्द दोनों खड़े किसको लागूं पाय ।
बलिहारी गुरुदेवकी जो गोविन्द दियो दिखाय ॥

આસુમલને જો ગુરુ મળ્યા ન હોત તો આસુમલ ખાંડની ગુણીઓ અથવા તેલના ડબ્બા વેચતા હોત. જેવી રીતે સંસારી લોકો હાય હાય કરીને પોતાનું જીવન ખોઈ નાખે છે તેમ ગુરુની મુલાકાત વિના આસુમલ પણ પોતાનું જીવન સંસારનાં રમકડાંમાં વ્યર્થ ગુમાવી રહ્યા હોત.

નરેન્દ્રને ગુરુ ન મળ્યા હોત તો નરેન્દ્ર કોઈ કોલેજમાં પ્રોફેસર હોત. રામતીર્થને ગુરુ ન મળ્યા હોત તો તેઓ પણ પ્રોફેસર જ રહેત.

માતા પિતા કામથી પ્રેરિત થઈને જીવને જન્મ આપે છે મોહથી પ્રેરિત થઈને તેને પાળે પોષે છે. કોઈ કોઈ મા એવી હશે કે જે પ્રેમથી સંતાનને પાળતી હોય. મા પણ ઇચ્છે છે કે છોકરો મોટો થઈને મારી સંભાળ લેશે. બાપ પણ ઇચ્છે છે કે દીકરો મોટો થઈને મારા ઘડપણનો બોજો વહન કરે. પરંતુ ગુરુ કદી નથી વિચારતા કે શિષ્યને સાક્ષાત્કાર થાય ને મારો બોજો વહન કરે, મારું પાલન–પોષણ કરે, શિષ્ય હોંશિયાર થઈ જાય ને મારી સેવા કરે, શિષ્ય પરમાત્માને પામી લે ને પરમાત્મા પાસેથી કંઈક લઈને મને આપે. ના, કદાપિ નહિ.

ઇશ્વર જન્મ આપે છે જીવના રૂપમાં, માબાપ જન્મ આપે છે દેહના રૂપમાં, પરંતુ ગુરુ જ્યારે જન્મ આપે છે ત્યારે બ્રહ્મના રૂપમાં જ જન્મ આપે છે. શિષ્યના હૃદયમાં પરમાત્માને જ ઠાંસી ઠાંસીને ભરે છે.

જનકને કેટલાય જન્મોમાં મા મળી હશે, કેટલાય જન્મોમાં બાપ મળ્યા હશે, કેટલાય જન્મોમાં રાણીઓ મળી હશે,

કેટલાય જન્મોમાં સંતાનો મળ્યાં હશે, કેટલાય જન્મોમાં વજીરો મળ્યા હશે. પરંતુ જનકને એકવાર અષ્ટાવક્ર મળી ગયા તો જનક અમર થઈ ગયા. આનું નામ છે ગુરુ.

અષ્ટાવક્ર જેવા ગુરુ હોય અને જનક જેવા શિષ્ય હોય તો ઉપદેશ માત્રથી બોધ થઈ જાય છે. જેમની યોગ્યતા ખીલી નથી, વિકસી નથી તેમને સાધના કરવી પડે છે, યોગ્યતા કેળવવી પડે છે.

જેમની યોગ્યતા કેળવાઈ ગઈ છે એમને श्रवणमात्रेण જ્ઞાન થઈ જાય છે, ઉપદેશ માત્રથી બોધ થઈ જાય છે.

સંદીપકે અનન્ય નિષ્ઠાથી, પૂર્ણ અહોભાવથી ગુરુની સેવા કરીને યોગ્યતા વિકસાવી તો ગુરુના સંતુષ્ટ હૃદયમાંથી પ્યારા શિષ્ય પર આશીર્વાદનાં અમી વર્ષી રહ્યાં. એ અમીવર્ષાથી પરિતૃપ્ત થઈને સંદીપકનું જીવનપુષ્પ પૂર્ણપણે ખીલી ઊઠ્યું, આત્મજ્ઞાનની સુવાસથી મહેંકતું થઈ ગયું. એનું ચિત્ત બ્રહ્મજ્ઞાનના અવિનાશી આરામમાં મહાલવા લાગ્યું.

❖

૧૩. આ જગત એક પર્વત સમાન છે અને તમારાં કર્મ ધ્વનિ સમાન છે. તમારો ધ્વનિ જ પ્રતિધ્વનિ થઈને તમારા તરફ પાછો આવે છે.

૧૪. સામાન્ય માણસ જમે છે તો મળ ઉત્પન્ન કરે છે પણ જ્ઞાની મહાપુરુષ જમે છે તો તે અન્ન બ્રહ્મજ્યોતિમાં રૂપાંતર પામે છે.

સામાન્ય માણસનું ભોજન ઇર્ષ્યા અને કૃપણતાને ઉત્પન્ન કરે છે, જ્ઞાનીના ભોજનથી અદ્વૈતજ્યોતિનો આવિર્ભાવ થાય છે.

૧૫. આ લોકની ઇન્દ્રિયોથી આ લોકનું જ્ઞાન થાય છે, પર-લોકની ઇન્દ્રિય ઉચ્ચ દશા પ્રાપ્ત કરાવે છે.

આ લોકની ઇન્દ્રિયોનું આરોગ્ય જોઈએ તો વૈદ્યને પૂછો. પરલોકની ઇન્દ્રિયનું સ્વાસ્થ્ય જોઈએ તો પ્રિયતમને શોધો.

૧૬. ધન્ય છે એ પુરુષને કે જેણે ભગવાનના પ્રેમના સોદા માટે પોતાનાં ઘરબાર, અધિકાર અને ધન લગાવી દીધાં છે.

૧૭. પ્રાણેશ્વર આ ધનના ભંડારને એટલા માટે ખાલી કરાવે છે કે જેથી તેમાં વધારે ભરી શકાય. નળને એટલા માટે ખાલી અને સાફ કરે છે કે જેથી તેમાં સ્વચ્છ જળનો પ્રવાહ ચાલ્યા કરે.

૧૮. દરેક રાત્રે જીવ દેહના પાંજરામાંથી છૂટી જાય છે, તેથી ન કોઈ શાસક રહે છે કે ન કોઈ શાસિત. કેદીઓને પોતાની કેદનું ભાન રહેતું નથી, રાજાઓને રાજ્યનું ભાન રહેતું નથી, હાનિની ચિંતા રહેતી નથી, આ પુરુષ કે તે પુરુષનો ખ્યાલ આવતો નથી. જ્ઞાની જાગ્રત રહેવા છતાં સંસારને ભૂલી જાય છે. લેખક જેમ કલમનો ઉપયોગ કરે છે તેમ ભગવાનની શક્તિ જ્ઞાની દ્વારા કામ કરે છે. લેખકના હાથને જે નથી દેખતા તેમને એમ લાગે છે કે કલમ જ લખે છે.

આવા અનેક તત્ત્વજ્ઞાની તારી આસપાસ, સામે હાલ વિદ્યમાન છે. તે તારા પરમ ઇષ્ટ મિત્ર છે અને તારી સાથે મળીને ગાયન કરી રહેલ છે, પણ તારી આંખ અને કાન તારા અભિમાનથી ઢંકાઈ ગયેલ છે તેથી તને લાભ મળતો નથી.

૧૯. જે સંસારની તરફ જાગે છે તે મોટી નિદ્રામાં છે તેથી તેનું જાગવું એ તેની નિદ્રાથી પણ વધારે મંદ દશા છે. જ્યારે જીવ પરમાત્માની તરફ સૂતો રહેલ છે ત્યારે તેનું જાગવું એ તેને માટે કેદ છે. બંદીખાનામાં જાગવું એ કંઈ સાચું જાગવું છે? તેનાથી તો નિદ્રા શ્રેષ્ઠ છે, કારણ કે વિવિધ પ્રકારના સંકલ્પ-વિકલ્પની ઠોકર અને લાભ હાનિની ચિંતાથી, ભયથી આત્મા પોતાની પ્રાથમિક શુદ્ધતા, સૂક્ષ્મતા અને પોતાના તેજને ખોઈ બેઠો છે તથા નિજ દેશનો માર્ગ ભૂલી ગયો છે.

૨૦. તે જ પુરુષ ખરેખર નિદ્રિત છે કે જે પોતાના પ્રત્યેક સંકલ્પની પછવાડે દોડે છે અને તેની સાથે વાત કરવા લાગી જાય છે.

૨૧. જ્યાં સુધી તું દ્વંદ્વથી ઉપર નહિ જા ત્યાં સુધી તને એકત્વના બાગની સુગંધ મળી શકશે નહિ.

૨૨. કામક્રોધ દૃષ્ટિને દૂષિત કરીને એકમાં અનેકની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે અને આત્માને સ્વસ્થપદથી પાડી દે છે. માટે સાધકે મનની ચાલાકીને અતિ સૂક્ષ્મ ભાવથી જોયા કરવી અને ઘાસ તથા ફૂલને જુદાં કરવાં.

૨૩. પક્ષી તો આકાશમાં ઊડે છે, પૃથ્વી ઉપર તેની છાયાની પાછળ દોડતાં દોડતાં અજ્ઞાની પોતાનાં તીર નકામાં વાપરી નાખે છે.

૨૪. શ્રદ્ધાના કાનથી તત્ત્વ ઉપદેશ ગ્રહણ કરવાથી પ્રજ્ઞાચક્ષુ ખૂલી જાય છે.

૨૫. આત્માની સત્તાની સામે જીવના અસ્તિત્વનો લોપ કરવો એ જ ઉચિત છે. તેની સામે આપણી સત્તા શોકવાળી અને અંધ છે. જો આપણી સત્તા અંધ ન હોય તો તેને સૂર્યના તેજનો પરિચય મળ્યો હોત અને જો તે શોકથી છવાઈ ગઈ ન હોત તો હિમના જેવી ઠંડી અને નિરુત્સાહ ન થાત.

૨૬. **જો કે તને આ જગત વિશાળ અને મહાન પ્રતીત થાય છે પરંતુ દિવ્ય શકિતની તુલનામાં તે એક પરમાણું જેટલું પણ નથી.**

૨૭. આ જગત તારા આત્મા માટે એક બંદીખાનું છે. તું એમાંથી નીકળી ખુદાઈ જંગલ તરફ જા. આ જગત હદવાળું છે, તે જંગલ હદ વગરનું છે. રૂપ અને ચિત્ર પરમાર્થમાં બાધક છે.

૨૮. બાહ્ય શ્રવણ અંતર શ્રવણમાં બાધક છે. જ્યાં સુધી તું બહારથી બહેરો નહિ થા ત્યાં સુધી તું અંદરથી બહેરો રહીશ.

૨૯. ઇન્દ્રિય રહિત તથા ચિંતા રહિત થઈ જાઓ. ત્યારે જ તમે નિજ ઘરનો અવાજ સાંભળી શકશો.

૩૦. અમારી વાતચિત અને કામ એ બાહ્ય ભ્રમણ છે. અંતર વિચારણાનું સ્થાન આકાશથી પણ ઊંચું છે.

૩૧. શુષ્ક દેહનું ભ્રમણ શુષ્ક પૃથ્વી ઉપર જ થાય છે પરંતુ આત્માનું પદ સમુદ્રના હૃદયમાં પ્રવિષ્ટ થાય છે.

૩૨. તેં તારું આયુષ્ય શુષ્ક પૃથ્વી ઉપર જ ખોઈ નાખ્યું. કોઈ વખત પર્વત, કોઈ વખત નદી, કોઇ વખત જંગલમાં ઘૂમતો ફરીશ તો તને અમૃતની પ્રાપ્તિ કેવી રીતે થશે ? અને તું સમુદ્રના તરંગમાં કેમ પ્રવેશ કરી શકીશ ?

૩૩. અમારી મતિ, ચિંતા અને કલ્પના એ બધા જડ તરંગ છે. મગ્નતા, મસ્તપણું અને નિરભિમાનપણું એ અમૃત-સાગરના તરંગ છે.

૩૪. જ્યાં સુધી તું બહારના જડ નશામાં મસ્ત રહીશ ત્યાં સુધી તને અંદરનો નશો ચડશે નહિ. જ્યાં સુધી પાર્થિવ

પદાર્થમાં રુચિ રહેશે ત્યાં સુધી આત્માના પ્યાલા માટે રુચિ જન્મશે નહિ.

૩૫. બહારના આલાપ એ ધૂળ છે. થોડો વખત પણ ચુપ રહો....પ્રમાદ રાખ્યા વગર.

૩૬. સ્વર્ગમાં તો ઉચ્ચતાનું કેવળ રૂપ જ છે, આત્મામાં ખરી ઊંચાઈ વિદ્યમાન છે.

૩૭. ઊંચાઈ, રૂપ કેવળ શરીર માટે છે. આ શરીર આત્માની સામે નામ માત્ર જ છે.

૩૮. એક ક્ષણનો સાધુસંગ સો વર્ષની નિષ્કપટ ભક્તિથી શ્રેષ્ઠતર છે.

૩૯. જો તું આરસનો કે ચકમકનો પથ્થર હો તો પણ તું ભક્ત પુરુષના સંગથી રત્ન થઈ જઈશ.

૪૦. દિલ તને સત્સંગી પુરુષો તરફ ખેંચે છે અને શરીર તને અન્ન તથા જળ તરફ ખેંચે છે.

૪૧. માતા ! તારી કૂખે જન્મ લેવો એ મને મૃત્યુ જેવું લાગે છે પરંતુ તારા ગર્ભમાંથી બહાર આવ્યો એ સારું થયું. જન્મ લેતાં જ મને લાગ્યું કે હું એક કારાગ્રહથી મુક્ત થયો. હવે હું આ જગતને પણ ગર્ભાશય જાણું છું અને મને અગ્નિમાં કૂદી પડવામાં જરા પણ ભય નથી.

૪૨. આ સંસાર એક કારાગૃહ છે અને જીવ તેમાં કેદી છે. આ બંદીખાનાને તોડ અને પોતાને છોડાવી લે.

૪૩. ધન, રૂપ, સ્ત્રી, પુત્ર વગેરેનું નામ સંસાર નથી, કિન્તુ જગદીશ્વરને ભૂલી જવાનું નામ સંસાર છે.

૪૪. જે ધન ધર્મને માટે વપરાય છે તે અશુભ અને હેય નથી. નાકાની અંદરનું જળ તો નૌકાને ડૂબાડી દે છે પરંતુ તેની બહારનું જળ તેની રક્ષા કરે છે.

૪૫. જો બંધ કરેલ કળશને જળમાં ફેંકી દેવામાં આવે તો તે પોતાના વાયુપૂર્ણ હૃદયથી જળની ઉપર આવી જાય છે. તેવી જ રીતે જ્યારે હૃદય પ્રમાદ રહિત હોય ત્યારે સંસાર સાગરની ઉપર સ્થિત થઈ બિરાજે છે.

૪૬. જેનું હૃદય ભગવાનના સંબંધથી પ્રસન્ન છે તેને જળ ડુબાડી શકતું નથી. વિશ્વ ઉપર તેનો અધિકાર ચાલે છે. તોય તેની દૃષ્ટિમાં તે સિદ્ધિ તુચ્છ છે. માટે, તું હૃદયની બહાર જતી વૃત્તિ ઉપર સીલ લગાવી દે અને તેને ભગવાનના સાંનિધ્યના વાયુથી ભરી દે.

૪૭. તું રૂપ અને પૂજા વગેરેનો ત્યાગ ક્યારે કરીશ ? સ્વરૂપના અજ્ઞાનથી જ તું એક રૂપમાં કેદ થઈ ગયો છે.

૪૮. મનુષ્ય સ્વયં અરૂપ છે. જ્ઞાન તથા ન્યાય આધ્યાત્મિક ગુણ છે, તે સ્થૂળ પદાર્થ નથી. તે આગળ પાછળ ક્યાંય મળશે નહિ. આત્મ સૂર્ય દેશ રહિત ક્ષેત્રમાંથી દેહ ઉપર પોતાનાં કિરણો વરસાવી રહેલ છે. તેને કોઈ સમાવી શકતું નથી.

૪૯. જ્યાં સુધી લોભ પ્રબળ છે ત્યાં સુધી ધર્મ દુર્બળ છે. લોભ સિવાય આત્મા ઉપર બીજું કોઈ તાળું નથી.

૫૦. કોઈની જેટલી દૃષ્ટિ હશે તેટલી તેની સૃષ્ટિ થશે. ચક્ષુની અલ્પતા અથવા મહત્તા અનુસાર સમુદ્ર નાનો કે મોટો પ્રતીત થાય છે.

૫૧. આત્મા પોતાની અત્યંત નિકટતા અને પ્રગટતાના કારણથી અવ્યક્ત પ્રતીત થઈ રહેલ છે. જળથી પૂર્ણ અને બહાર શુષ્ક મુખવાળા કળશની જેમ.

૫૨. બહારનો પ્રકાશ તો સૂર્ય અથવા તારાથી છે પણ અંતર જ્યોતિ બ્રહ્મજ્યોતિનું પ્રતિફળ છે. ચક્ષુના પ્રકાશનો પ્રકાશક મનનો પ્રકાશક છે. અને તેવી જ રીતે મનને જે પ્રકાશિત કરે છે તે પ્રકાશને બ્રહ્મજ્યોતિ પ્રકાશે છે. તે ઇન્દ્રિય તથા બુદ્ધિના પ્રકાશથી વિલક્ષણ છે.

૫૩. આ જગત એક સ્વપ્ન છે અને તે આપણા સંકલ્પમાં છે. જો સ્વપ્નમાં કદાચ હાથ અથવા માથું કપાઈ જાય તો શાની બીક? જાગ્યા પછી જેવા હતા તેવા રહો છો. શિર, હાથ અને દીર્ઘાયુ યુક્ત જણાઓ છો. તમે કદાચ સ્વપ્નમાં તમારા ટુકડા થઈ ગયેલા જુઓ પણ જાગ્યા પછી તમે સ્વસ્થ અને નિરોગી છો. સ્વપ્નમાં ભલે તમારા બસો ટુકડા થઈ જાય તો પણ શી હાનિ છે ? આ જગત તો આપાતતઃ સ્થાયી દેખાય છે, તે નિદ્રિત પુરુષનું સ્વપ્ન છે. નિદ્રિત પુરુષ સમજે છે કે તે હમણાં સૂતો છે પણ તે નથી જાણતો કે પોતે બીજા સ્વપ્નમાં છે.

૫૪. ધીરજ અને મૌન ભગવાનના અનુગ્રહનું આકર્ષણ કરે છે. ફક્ત અનુગ્રહ માગ્યા કરવો અને ઉપરના બે ગુણ ન રાખવા એ અશાંતિનું ચિહ્ન છે.

❋ સંકલ્પબળના સિતારાઓ ❋

મહાકવિ કાલિદાસ

સંસ્કૃત સાહિત્યના ભાસ્કર મહાકવિ કાલિદાસ જેવી રીતે મહાકવિ બન્યા એ એક પ્રચંડ પુરુષાર્થ અને દૃઢ સંકલ્પબળની ગાથા છે.

વિદ્યોત્તમા નામની એક રાજકુંવરી બહુ વિદ્વાન હતી. એણે ઘોષણા કરી હતી કે મને જે પુરુષ શાસ્ત્રાર્થમાં હરાવી દેશે તેની સાથે જ લગ્ન કરીશ, અન્ય કોઈ સાથે નહિ. આ રૂપ–લાવણ્યવતી વિદ્વાન રાજકુમારીને મેળવવા માટે કેટલાય રાજકુમારો આવ્યા. હવે રાજકુમારો શું શાસ્ત્રાર્થ કરવાના હતા ? તેઓ ફિક્કા પડીને પાછા ફરતા હતા. કેટલાય વિદ્વાનોના યુવાન પુત્રો શાસ્ત્રાર્થ કરવા આવ્યા પણ રાજકુમારીએ બધાને હરાવી દીધા.

બધા થાક્યા. વિદ્વાન પંડિતોના પુત્રો પણ નામોશીભરી હાર ખાઈને આવ્યા તે જોઈને પંડિતોને પોતાનું અપમાન થયેલું લાગ્યું : 'એક કન્યાએ, એક અબળા સ્ત્રીએ અમારા પુત્રોને હરાવી દીધા ! એ અહંકારી નારીને અમે પાઠ ભણાવીશું.' પંડિતોને ગુસ્સો આવ્યો.

બધા પંડિતોએ મળીને એક કાવત્રું રચ્યું. નક્કી કર્યું કે એ ગર્વીલી રાજકુમારીને કોઈ મૂર્ખ સાથે પરણાવીએ ત્યારે આપણે પંડિત ખરા.

એમણે શોધી કાઢયો એક મૂર્ખ....મહા મૂર્ખ. ઝાડ પર ચડીને જે ડાળી ઉપર ઊભો હતો એ જ ડાળીને એ કાપી રહ્યો હતો. એનાથી મોટો બીજો કયો મૂર્ખ હોઈ શકે? પંડિતોએ વિચાર્યું કે આ મૂરતિયો બરાબર છે. રાજકુમારીનાં લગ્ન એની સાથે કરાવી દઈએ.

પંડિતો મૂર્ખને લઈ ગયા. એક વિદ્વાનને શોભે એવાં વસ્ત્રો પહેરાવી દીધાં. જે કંઈ વેશભૂષા કરવી હતી તે કરી દીધી, અને કહ્યું કે અમે તારાં લગ્ન રાજકુમારી સાથે કરાવી દઈએ, પરંતુ એક શરતે. તારે મૌન રહેવાનું. તું કશું જ બોલીશ નહિ. બાકીનું બધું અમે સંભાળી લઈશું.

વિદ્વાનોની સભામાં મૂર્ખાઓનું મૌન જ ઉચિત છે.... અને ભગવાનની ભક્તિ માટે બધાનું મૌન આવશ્યક છે.

પંડિતો તેને મોટા મૌની ગુરુ હોવાનો ડોળ કરાવીને લઈ ગયા રાજકુમારી પાસે અને કહ્યું:

"અમારા ગુરુજી આપની સાથે શાસ્ત્રાર્થ કરવા માગે છે, પરંતુ તેઓ મૌન રહે છે. આપનામાં હિંમત હોય તો મૌન ઈશારાથી પ્રશ્ન પૂછો અને ઈશારાથી અપાયલા ઉત્તર સમજો. એમની સાથે શાસ્ત્રાર્થ નહિ કરો તો અમે સમજીશું કે આપ કાયર છો."

રાજકુમારી માટે આ પડકાર હતો. તેણીને હા કહેવી પડી.

પંડિતોની સભા મળી. આ અભૂતપૂર્વ શાસ્ત્રાર્થ સાંભળવા જોવા મેદની ઊમટી પડી. પંડિતો પોતાના તૈયાર કરેલા ગુરુજીને આડંબર પૂર્વક સભામાં લઈ આવ્યા અને ઊંચા આસન પર ગોઠવી દીધા.

વાણી વિનાનો શાસ્ત્રાર્થ શરૂ થયો. રાજકુમારીએ ગુરુજીને એક આંગળી બતાવી. ગુરુજી સમજ્યા કે આ મારી એક આંખ ફોડી નાખવા માગે છે. તેમણે બે આંગળી બતાવીને ઈશારાથી કહ્યું કે તું મારી એક આંખ ફોડીશ તો હું તારી બે આંખ ફોડી નાખીશ.

પંડિતોએ પોતાના ગુરુજીની ભાષાનું અર્થઘટન કરતાં રાજકુમારીને કહ્યું : "આપ કહો છો કે ઈશ્વર એક છે. અમારા ગુરુજી કહે છે કે એક ઈશ્વરથી આ જગત નથી બનતું. ઈશ્વર અને ઈશ્વરની શક્તિ માયા, પુરુષ અને પ્રકૃતિ એમ બેથી જગત બન્યું છે."

વાત યુક્તિયુક્ત અને શાસ્ત્રસંમત હતી. રાજકુમારી કબૂલ થઈ. પછી તેણીએ બીજો પ્રશ્ન પૂછતાં પંજો દેખાડયો. મૂર્ખ સમજ્યો કે આ રાજકુમારી 'થપ્પડ મારીશ' એમ મને કહે છે. તેણે મૂઠી વાળીને ઠોંસો બતાવતાં ઈશારાથી જણાવ્યું કે તું જો મને થપ્પડ મારીશ તો હું તને ઠોંસો મારીશ, નાક ચીબી નાખીશ.

પંડિતોએ રાજકુમારીને કહ્યું : "આપ કહો છો કે પાંચ ઈન્દ્રિયો છે. અમારા ગુરુજી કહે છે કે એ પાંચેય ઈન્દ્રિયોનો સંયમ કરવાથી પરમાત્મા મળશે."

પછી રાજકુમારીએ સાત આંગળીઓ બતાવી. મૂર્ખે એ સંખ્યામાં વધારો કરીને નવ આંગળીઓ બતાવી. પ્રશ્ન કરતાં ઉત્તર સવાયો થવો જોઈએ ને!

પંડિતોએ રાજકુમારીને કહ્યું: "તમે સાત આંગળીઓ-દ્વારા પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, બુદ્ધિ એમ સાતની સંખ્યા જણાવો છો. અમારા ગુરુજી કહે છે કે એની સાથે ચિત્ત અને અહંકારને પણ ગણવા જોઈએ. એમ બધાં મળી નવ થાય."

રાજકુમારીએ જીભ બતાવી. મૂર્ખે મોં પર હાથ ધરી દીધો. જો તું જીભ બતાવીશ તો તારું મોં જ બંધ કરી દઈશ.

પંડિતોએ કહ્યું: "તમે કહો છો કે જિહ્વાથી બોલાય છે પરંતુ અમારા ગુરુજી કહે છે કે વાણીનો સંયમ કરવાથી શક્તિ વધે છે. બોલવાથી પરમાત્મા નથી મળતા. મૌનનો અભ્યાસ જોઈએ, અંતર્મુખ થવાનો અભ્યાસ જોઈએ. જીભને છુપાવવાનો અભ્યાસ જોઈએ. વ્યર્થ બોલનારને ખાસડાં ખાવાં પડે."

આ પ્રમાણે સંસ્કૃતના વિદ્વાનોની સભામાં શાસ્ત્રાર્થ થયો. પંડિતોએ પોતાના 'મહા વિદ્વાન' ગુરુજીના મૌન ઇશારાઓનું અર્થઘટન શાસ્ત્રોક્ત વિચારધારા મુજબ કરી બતાવ્યું. એમની શાસ્ત્રસંમત અને યુક્તિયુક્ત વાતોને રાજકુમારીએ માનવી પડી. એ મૂર્ખ સાથે એનાં લગ્ન થઈ ગયાં.

રાત પડી. બંને મહેલમાં ગયાં. રાજકુમારીએ બારીમાંથી

જોયું તો બહાર એક ઊંટ ઊભું હતું. તેણીએ પોતાના પતિ દેવને સંસ્કૃતમાં પૂછયું:

"આ શું છે?"

પતિદેવ કહે: "ઊંટ."

સંસ્કૃતમાં ઊંટને ઉષ્ટ્ર કહે છે. પતિદેવને એ શબ્દની ક્યાંથી ખબર હોય? રાજકુમારી સમજી ગઈ કે આ તો મૂર્ખ છે. ધક્કો મારીને ઘરની બહાર કાઢી મૂક્યો. બોલી:

"મૂર્ખ! તું મારો પતિ કેવી રીતે હોઈ શકે? જા. વિદ્વાન બનીને જ મને મોં બતાવજે. લગ્ન તો થઈ ગયાં તે થઈ ગયાં. હું બીજાં લગ્ન નથી કરી શકતી. પરંતુ વિદ્વાન થઈને આવીશ ત્યારે જ સ્વીકાર કરીશ."

યુવકને ચોટ લાગી ગઈ. તે જંગલમાં ચાલ્યો ગયો. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે હું સંસ્કૃતનો મહાન વિદ્વાન બનીને જ રહીશ.

અચલ સંકલ્પબળ આગળ પ્રતિકૂળતાઓ શું ટકી શકવાની હતી? ઉપાસના આરાધના કરીને એણે કાલીમાતાનાં દર્શન કર્યાં. ચિત્તમાં સાત્વિકતા ને સંકલ્પબળ હોય તો કાલીમાતા આવે ને કૃષ્ણ પણ આવે. જેના આધારે બધા આકર્ષાઇને આવે તે આત્મજ્ઞાન પામવું હોય તો પણ ચિત્તની શુદ્ધિ જોઇએ.

ચિત્ત શુદ્ધ થતાં દેવી પ્રગટ થયાં અને એ સંકલ્પવાન યુવકને વરદાન આપ્યું કે: "જા બેટા! તું મહાન વિદ્વાન થઈશ, મહાકવિ તરીકે પ્રસિદ્ધ થઈશ."

મા શારદા પ્રસન્ન થાય પછી શું બાકી રહે ? જે વાંચે તે યાદ રહી જાય. જેવી રીતે જ્ઞાનીને જે દેખાય તે બ્રહ્મ. અજ્ઞાનીને જે દેખાય તે 'તારું....મારું....પારકું' અને જ્ઞાનીને જે દેખાય તે બ્રહ્મસ્વરૂપ. તે જ રીતે એ યુવકને જે જોવામાં આવે, વાંચવામાં આવે, તે પોતાનું થઈ જાય. એના ઉપર પોતાનો અધિકાર થઈ જાય.

એમ કરતાં કરતાં એ યુવક મહાન વિદ્વાન થઈ ગયો. એટલો મહાન વિદ્વાન થયો કે તેણે સંસ્કૃતમાં 'रघुवंश' મહાકાવ્ય લખ્યું. મહાકવિ કાલિદાસ એનું નામ પડ્યું. એમણે 'शाकुन्तल' નાટક લખ્યું. બીજી પણ અનેક સંસ્કૃત રચનાઓ એમણે લખી છે. દેશી વિદેશી ભાષામાં એના અનુવાદો થયા.

જર્મનીના ગેટે નામના એક વિશ્વવિખ્યાત કવિએ જ્યારે મહાકવિ કાલિદાસનું 'शाकुन्तल' નાટક વાંચ્યું ત્યારે એટલો પ્રસન્ન થઈ ગયો કે નાટકને માથા ઉપર મૂકીને સડકો ઉપર નાચ્યો હતો. આવું 'शाकुन्तल' નાટક મહામૂર્ખમાંથી મહાવિદ્વાન, મહાકવિ બનેલા કાલિદાસ દ્વારા લખાઈ ગયું.

મહામૂર્ખ વ્યક્તિને પણ જ્યારે દિલમાં ચોટ લાગી જાય છે અને કમર કસીને પુરુષાર્થ કરવા માંડે છે ત્યારે એની સંપૂર્ણ ચેતના એ દિશા તરફ વળી જાય છે. પ્રયત્નશીલ અને દૃઢ સંકલ્પવાનને મહામૂર્ખમાંથી મહાકવિ બનાવી દે છે.

સાધક પણ જો પૂર્ણ ઉત્સાહ સાથે પોતાની પૂરી ચેતના-ને આત્મ સ્વરૂપ જાણવા માટે લગાડી દે તો જેમાં હજારો

કાલિદાસો જેવા ઉત્પન્ન થઈ થઈને વિલીન થઈ ગયા તે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે.

चातक मीन पतंग जब पिय बिन नहीं रह पाय ।
साध्यको पाये बिना साधक क्यों रह जाय ?

કાલિદાસે પત્નીનાં મેણાંથી વિદ્વાન થવાનો પ્રયત્ન કર્યો પરંતુ જો તેમને કોઈ સંતપુરુષનું મેણું વાગી ગયું હોત તો જેમ તુલસીદાસ પત્નીનાં મેણાંથી ઈશ્વર પ્રાપ્તિ માટે લાગી ગયા ને સંતકવિ બની ગયા તેમ તેઓ પણ મહાકવિ કાલિદાસ નહિ પણ સંતકવિ, ભક્તકવિ કાલિદાસ તરીકે ઈતિહાસમાં પ્રસિદ્ધ થાત.

જીવન ઘડાવા માટે જ છે. તેને ઢાંચામાં ઢાળનાર કોઈ સદ્ગુરુ મળી જાય ! બસ, પછી તો તમારે મીણ જેવા નરમ બનવાનું. સદ્ગુરુ પોતાનું કાર્ય કરીને જ રહે છે. એમની કૃપા કોઈથી બાધ પામતી નથી. એમનાથી અનુશાસિત થવાનો ઉત્સાહ આપણામાં હોવો જોઈએ.

વેલિંટન

કોઈ વસ્તુ કે સ્થિતિ એવી નથી કે જે સંકલ્પબળ અને પુરુષાર્થથી પ્રાપ્ત ન થાય.

લંડનની ગલીઓમાંથી વેલિંટન નામનો એક કિશોર પસાર થઈ રહ્યો હતો. એવામાં ઊંચા ટાવરના ઘડિયાળમાં ડંકા વાગ્યા : 'ટન...ટન...ટન....!' એ કિશોર ટાવરના એ

નાદ સાથે તાલ મેળવીને ગાવા લાગ્યો કે: 'ટન....ટન.... વેલિંગ્ટન...લોર્ડ મેયર ઓફ લંડન....!' સ્વાભાવિક મસ્તીમાં જ ગાતો હતો. અચાનક એને ખ્યાલ આવ્યો કે: 'હું ગલીઓમાં શેરીઓમાં રખડતો, અજાણ્યો, કોઈથી પરિચિત નહિ એવો છોકરો શું આટલા મોટા લંડન શહેરનો મેયર? કેવી રીતે સંભવ છે?'

તરત જ તેના આંતર મનમાંથી દૃઢતાનો સૂર સંભળાયો: Why not? શા માટે નહિ? જંગલની ઝાડીઓમાં જન્મ લેનાર લિંકન જો અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ બની શકે તો હું આ નાનકડા લંડન શહેરનો મેયર કેમ ન બની શકું? મેયર થવા માટે જે સદ્દગુણો જોઈએ, જે શક્તિ જોઈએ, જે યોગ્યતા જોઈએ, જે કાર્યક્ષમતા જોઈએ, જે પરદુઃખકાતરતા જોઈએ તે બધું જ હું કેળવીશ. એ બધા ગુણો મારા જીવનમાં વણી લઈશ અને જરૂર મેયર થઈશ.

તેણે સંકલ્પ અને પુરુષાર્થનો સુમેળ સાધ્યો. આખરે તે લંડનનો મેયર બનીને જ રહ્યો.

વેલિંગ્ટન લંડનનો મેયર બની શક્યો, તીવ્ર સંકલ્પ બળના આધારે. એના સંકલ્પબળની શક્તિ એને કોઈ પણ પરિસ્થિતિને યોગ્ય બનાવી શકે તેમ હતી. જો તેને ટાવરના ટકોરામાં 'ટન....ટન....વેલિંગ્ટન...લોર્ડ મેયર ઓફ લંડન'ને બદલે 'ટન.... ટન .... વેલિંગ્ટન ... એન્જલ ઓફ ગોડ.... (ભગવાનનો દૂત)' એમ સંભળાયું હોત તો એ માત્ર લંડનનો મેયર નાહ પરંતુ આખા વિશ્વનો પ્રેમાળ અને બિનહરીફ મેયર બની શક્યો હોત?

મન એક મહાન કલ્પવૃક્ષ છે એ વાતનો ખ્યાલ જરૂર રાખજો.

❋

હેનરી કૈઝર

આવો જ એક બીજો કિશોર હેનરી કૈઝર જ્યારે તેર વર્ષની ઉંમરે નોકરીની શોધમાં નીકળ્યો ત્યારે તેને કોઈ નોકરીએ ન રાખે. બધા તેને ધુત્કારી કાઢે, તેને નકામો ગણે. ત્યારે તેણે મહાન ઉદ્યોગપતિ બનવાનો મનોમન સંકલ્પ કર્યો. પ્રચંડ હિંમત અને બેવડા પુરુષાર્થથી પોતાના લક્ષ્યને સિદ્ધ કરવા કમર કસી. એક દિવસ તે મહાન ઉદ્યોગપતિ બન્યો જ. ૮૫ વર્ષની ઉંમરે જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે તેનું ઔદ્યોગિક સામ્રાજ્ય ૫૦ દેશોમાં ફેલાયેલું હતું. એમાં ૯૦ હજાર માણસો કામ કરતા હતા અને રૂ. ૧૫ અબજ તેનું વાર્ષિક ઉત્પાદન હતું. આ છે સંકલ્પશક્તિ અને પુરુષાર્થનું જીવંત પ્રમાણ.

એ હેનરી કૈઝરને ૧૩ વર્ષની ઉંમરે નોકરીની ઠોકર લાગવાને બદલે કોઈ બ્રહ્મવેત્તા સદ્દગુરુનો આત્મજ્ઞાન પ્રાપ્તિનો ઈશારો મળી ગયો હોત તો તે કેવી ઉંચાઈએ પહોંચી જાત! આત્મજ્ઞાનના વિરલ પંથે જો તે ચાલ્યો હોત તો માત્ર ૫૦ દેશોમાં જ નહિ પરંતુ અનંત બ્રહ્માંડોમાં તેના આત્માનું સામ્રાજ્ય સ્થપાત. માત્ર ૯૦ હજાર જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના લોકો એના સામ્રાજ્યમાં, માત્ર આવક નહિ પરંતુ

આત્મશાંતિ મેળવત, અને રૂા. ૧૫ અબજનું નહિ પરંતુ વિશ્વના સમગ્ર ઉત્પાદન પર એની આત્મસત્તાની મહોર લાગત. જો પરિશ્રમ કરવો જ છે તો નશ્વર વસ્તુ અર્થે શા માટે કરીએ? આપણી પાસે રહેલી દૃઢ સંકલ્પશક્તિને સ્થૂળ જગતના નાશવંત ભોગો અને અહંકાર પોષાય તેવી સત્તાઓમાં નષ્ટ ન કરતાં પરમ સત્યનો સાક્ષાત્કાર કરવામાં લગાડીએ.

નેપોલિયન બોનાપાર્ટ

નેપોલિયન બોનાપાર્ટ એક ગરીબ કુટુંબમાં જન્મેલો હતો. એક સૈનિક તરીકે તેણે નોકરીની શરૂઆત કરી. દૃઢ સંકલ્પબળ અને પુરુષાર્થથી એક દિવસ તે ફ્રાંસનો શહેનશાહ બન્યો. એણે ૧૫ વર્ષ સુધી સમગ્ર યુરોપ પર ચક્રવર્તી શાસન ચલાવ્યું તે કયા બળને આધારે? તે બળ હતું પ્રબળ પુરુષાર્થ અને દૃઢ સંકલ્પ. દૃઢ સંકલ્પબળ એનો જીવનમંત્ર હતો. એ કહેતો :

"Nothing is impossible to a willing mind. ઇચ્છાશક્તિવાળા મન માટે કશું જ અસંભવ નથી."

"Impossible is a word to be found in the dictionary of fools. 'અસંભવ' શબ્દ મૂર્ખ લોકોના શબ્દકોશમાંથી મળે તેવો શબ્દ છે."

નેપોલિયન તો એટલે સુધી કહેતો :

"Impossible is not a French word. 'અસંભવ' એ ફ્રેન્ચ શબ્દ નથી."

નેપોલિયન પાસે દૃઢ સંકલ્પબળ અને અથાહ મનોબળ હતું. તેના બળે તે એક સૈનિકમાંથી નેપોલિયન બોનાપાર્ટ બન્યો. પરંતુ તેના જીવનની શરૂઆતમાં જ તેને કોઈ સંત મળ્યા હોત અને તેને અધ્યાત્મ માર્ગના શિખરે પહોંચવાનું ધ્યેય શીખવાડ્યું હોત તો શું તે સમગ્ર વિશ્વનો 'આત્મ–સમ્રાટ' ન બની શક્યો હોત? ચોક્કસ બની શક્યો હોત.

રણજીતસિંહ

પંજાબ કેસરી રણજીતસિંહના બાળપણની વાત છે. એમના પિતા મહાસિંહ પાસે એક ઝવેરી ઝવેરાત લઈને આવ્યો. રાજા, રાણી અને રાજકાર ઝવેરાત જોવા બેઠાં. ઝવેરી ઉત્સાહથી એક પછી એક ઘરેણાં બતાવતો હતો. એટલામાં બાળકુંવરનું આગમન થયું. કોડીલા કુંવરે કહ્યું :

"પિતાજી, મારા માટે પણ હીરાની વીંટી બનાવોને! મારી આ આંગળી ઉપર તે શોભી ઉઠશે."

પિતાનો પ્રેમ ઉભરાઈ આવ્યો. રણજિતસિંહને છાતી સરસો ચાંપતાં બોલ્યા :

"મારો પુત્ર તે કંઈ આવા મામુલી હીરા પહેરતો હશે? આ તો સામાન્ય છે."

રાજકોરે પૂછ્યું : "તો પછી તમારો એકનો એક પુત્ર કેવા હીરા પહેરશે?"

મહાસિંહે દઢ સ્વરે કહ્યું : "કોહીનૂર."

રાજકૌરે પૂછ્યું : "કોહીનૂર અત્યારે કોની પાસે છે એ ખબર છે?"

મહાસિંહ : "હા, અત્યારે એ અફઘાનિસ્તાનના એક અમીર પાસે છે. મારો બેટો તો એ જ હીરો પહેરશે. કેમ બેટા ! પહેરીશને?"

રણજિતસિંહે મસ્તક હલાવી કહ્યું : "હા પિતાજી ! આવા મામુલી હીરા કોણ પહેરે? હું તો કોહીનૂર જ પહેરીશ."

....અને આખરે રણજિતસિંહ કોહીનૂર પહેરીને જ રહ્યા.

જો આ બાળકના મનમાં પિતાએ સંત થવાના કે પરમાત્માને પામવાના ઉચ્ચ સંસ્કારો રેડ્યા હોત તો એ મહત્ત્વાકાંક્ષી અને પુરુષાર્થી બાળક માત્ર પંજાબનો સ્વામી જ નહિ પરંતુ લોકોના હૃદયનો સ્વામી બનત. લોકોના હૃદયનો તો બને કે ન બને, પોતાના હૃદયનો તો સ્વામી બને જ. અને હૃદયના સ્વામી બનવા જેવું, મનના સ્વામી બનવા જેવું મોટું કાર્ય જગતમાં કોઈ જ નથી. કારણ કે આ મન જ આપણને નાચ નચાવે છે. અહીં તહીં ફાવે ત્યાં ભટકાવે છે. માટે ઊઠો, જાગો. પોતાના મનના સ્વામી બનીને આત્મતત્ત્વ રૂપી કોહીનૂર પહેરવાની મહત્વાકાંક્ષા સાથે કૂદી પડો સંસાર સમુદ્રને પાર કરવા માટે.

❋

વિનોબા ભાવે

તમે જાણો છો કે વિનોબા ભાવે સંત કેવી રીતે બન્યા? એમના બાળપણનો એક પ્રસંગ છે.

શેરીનાં બાળકો ભેગાં થયાં હતાં. એમાં વાતો ચાલી કે આપણી પેઢીમાં કોણ કોણ સંત થઈ ગયા. દરેક બાળકે પોતાની પેઢીમાંથી કોઈ એકાદ પૂર્વજનું નામ સંત તરીકે બતાવ્યું. વિનોબાનો વારો આવ્યો. વિનોબા તો કાંઈ જ બોલી શક્યા નહિ. તેમણે મનોમન નક્કી કર્યું અને જાહેર કર્યું : "જો મારી પેઢીમાં કોઈ જ સંત નથી તો હું પોતે જ સંત થઈ બતાવીશ."

પોતાના એ સંકલ્પની સિદ્ધિ માટે તેમણે પ્રચંડ પુરુષાર્થ આરંભી દીધો. લાગી ગયા એની સિદ્ધિમાં અને આખરે એક મહાન સંત તરીકે પ્રસિદ્ધ થયા.

સંકલ્પશક્તિ શું નથી કરી શકતી? હંમેશાં ઉચ્ચ સંકલ્પ કરો અને તેને સિદ્ધ કરવા માટે પ્રબળ પુરુષાર્થમાં લાગી જાઓ. પોતાના સંકલ્પને ઢીલો ન થવા દો, નહિ તો બીજાના સંકલ્પ તમારા મન પર ચડી બેસશે અને કાર્યસિદ્ધિનો માર્ગ વચ્ચે જ રુંધાઈ જશે. તમે સિદ્ધિનો ખજાનો છો. સામર્થ્યની ચાવી તમારી પાસે જ છે. તમારા મનને મજબૂત બનાવો તો તમે પૂર્ણપણે મજબૂત છો. હિંમત, દઢ સંકલ્પ અને પ્રબળ પુરુષાર્થ એવો કોઈપણ ધ્યેય તમારા માટે બાકી નહિ રાખે કે જે સિદ્ધ ન થાય. નશ્વરની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરશો તો નશ્વર પ્રાપ્ત થશે અને શાશ્વતની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરશો તો શાશ્વત ફળ મળશે.

❋

✻ મધુસંચય ✻

મન પ્રારંભથી જ જાગે છે, જ્યારે બુદ્ધિ ધીરે ધીરે વિકાસ પામે છે. અને પ્રજ્ઞા તો કેટલાય જન્મો બાદ ભાગ્યવશાત્ ખુલે છે. યુગો યુગો સુધી એ ઢંકાયલી પડી હોય છે. આથી જ મન પ્રારંભથી જે કંઈ સાંભળે છે તેના સંસ્કાર તરત સ્વીકારી લે છે. બુદ્ધિના વિવેક વિચાર હજી જાગૃત હોતા નથી.

ઘણી લાંબી યાત્રા કર્યા બાદ જીવને ખબર પડે છે કે અરે ! આપણી અશાંતિ તથા જીવનના તમામ પ્રયત્નોને વ્યર્થ સાબિત કરનાર દુઃખ તો આપણી પોતાની જ ખોટી માન્યતાઓને કારણે છે. આપણે જે નથી અને આપણું જે નથી તેને જ આપણે 'હું' અને 'મારું' માની બેઠા છીએ. જન્મોથી અને આ જીવનના બાલ્યકાળથી જ એ ભ્રાંત સંસ્કારો મૂઢ અજ્ઞાનીઓના સંપર્કથી આપણામાં ઘર ઘાલી બેઠા છે.

પુણ્યો એકઠાં થાય, પ્રભુની કૃપા થાય તો જ્ઞાની મહાપુરુષોનો સંગ-સહવાસ પ્રાપ્ત થાય, એમનો સત્સંગ સાંભળવા મળે. આત્મનિષ્ઠ સંતોની અનુભવનિષ્ઠ વાણી સાંભળીને આપણને પણ આકાંક્ષા જાગે છે કે આપણને પણ એમના જેવી શાંતિ મળે, આનંદ મળે, પરમાત્મતત્વની મસ્તી મળે, મુક્તિ મળે. પરંતુ અહીં વળી પાછી આપણી મૂઢતા માથું ઊંચકે છે. આપણાં જ બનાવેલાં બંધનોને આપણે સમજી શકતા નથી અને જે વસ્તુઓ, વ્યક્તિઓની મમતાથી આપણે બંધાયલા છીએ એમની સુરક્ષા ઇચ્છતાં આપણે મુક્તિની આકાંક્ષા સેવીએ છીએ.

આપણને અનેકવાર જાણવા મળ્યું છે કે વિષય સેવન વિષ છે–ત્યાગ અને સંયમ અમૃત છે, ક્રોધ વિષ છે–ક્ષમા અમૃત છે, કુટિલતા વિષ છે–સરળતા અમૃત છે, ક્રૂરતા વિષ છે–કરુણા અમૃત છે, દેહાભિમાન વિષ છે–આત્મજ્ઞાન અમૃત છે.

આપણે વિષને છોડતા નથી ને અમૃતની લાલચ રાખીએ છીએ.

ૐ....! ૐ....!! ૐ....!!!

✻

તમે પરમ સ્વતંત્ર છો. પોતાના સંકલ્પથી જ પરતંત્ર થઈ રહ્યા છો. તમે જ્યારે ઇચ્છો ત્યારે પોતાને ભૂલી જાઓ, પોતાના મહિમાથી પતિત થઈ જાઓ અને ઇચ્છો ત્યારે પોતાના મહિમામાં જાગી જાઓ. આત્માની એ સ્વતંત્રતા છે કે વાસનાથી બંધનમાં પડવું કે વાસના છોડીને મુક્ત રહેવું. ગીતા કહે છે કે જે જિતેન્દ્રિય છે તે પોતે પોતાનો મિત્ર છે અને જે અજિતેન્દ્રિય છે તે પોતે પોતાનો શત્રુ છે. હવે ઇચ્છો તો પોતાનો ઉદ્ધાર કરો, ઇચ્છો તો અધોગતિની અંધારી ખીણમાં કૂદો. મરજી તમારી.

✻

લાખો કરોડો લોકો મંદિરોમાં નથી જતા, તીર્થોમાં નથી જતા, યજ્ઞ, દાન, જપ, તપ, વ્રત નથી કરતા, સાધુ, સંત, ભગવાનને નથી માનતા, સત્સંગ નથી કરતા, આત્મા પરમાત્માની ચર્ચા નથી સાંભળતા. એ લોકોને ધન, બળ, સુખદાયક પરિસ્થિતિની ખોટ સાલે છે, ઇચ્છાનુસાર સ્વાદિષ્ટ ભોજનની, સુંદર કીમતી વસ્ત્રોની, સોના–ચાંદીનાં આભૂષણોની, ભૂમિ, ભવન અને સત્તાની ઉણપ એમને દુઃખ આપે છે પરંતુ જીવનમાં સદ્ગુણોની, નિષ્કામ પ્રેમની અને આત્મજ્ઞાનની ઉણપનું એમને દુઃખ નથી.

કરોડો લોકો એવા છે કે જેમને પોતાનાથી વધારે બળવાન, વધારે ધનવાન, વધારે વિદ્વાન, રૂપવાન, કુળવાન, સત્તાવાન દેખાય છે પરંતુ એમને દેવી, દેવતા, ઈશ્વર, આત્મા, પરમાત્મા અને બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોની ખબર જ નથી. એમના હૃદયમાં શ્રદ્ધા, વિશ્વાસ, પૂજ્યભાવ, અહોભાવની જાગ્રતિ થતી નથી.

આવા કરોડો લોકોમાં એવા મનુષ્યો વિશેષ હૃદયવાન છે કે જેઓ મંદિરોમાં જાય છે, તીર્થસ્નાન કરે છે, શ્રદ્ધા, વિશ્વાસ અને આસ્થાથી દેવી દેવતાઓ આગળ મસ્તક નમાવે છે, પોતાના કલ્યાણની આકાંક્ષા સેવે છે.

આ લોકોથી જેઓ વિદ્વાનોના મુખે દેવ, દેવી, ઈશ્વરની કથાઓ સાંભળે છે તેઓ વધારે વિચારવાન છે.

એમના કરતાં પણ વધારે વિદ્યાવાન એ લોકો છે કે જેઓ સંતો–મહાત્માઓમાં શ્રદ્ધા રાખે છે, એમનાં દર્શન કરે છે, એમનો સત્સંગ સાંભળે છે. એમનાથી પણ એ લોકો વધુ પુણ્યવાન છે કે જેઓ જ્ઞાન પ્રાપ્તિ માટે એ સંત મહાત્મામાં ગુરુભાવ રાખીને, શિષ્ય થઈને સેવામાં તત્પર રહે છે.

આવા સાધકોમાં એ લોકો વધારે વિવેકી છે કે જેઓ સંસારના મોહ, લોભ, કામ, ક્રોધાદિ વિકારોથી મુક્ત થવા માગે છે.

એ વિવેકી સજ્જનોમાંથી કોઈ કોઈ ઉત્તમ અધિકારી સાધક ગુરુકૃપાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને, દેહાભિમાનથી છૂટીને, આત્મભાવમાં દૃઢ રહીને બ્રહ્માત્મ–ઐક્યના બોધથી નિરન્તર આનંદાનુભૂતિમાં તૃપ્ત રહે છે.

અત્યાર સુધી તમે મનની બધી વાતો માની છે, સત્સંગ દ્વારા મળતા વિવેકની વાત ક્યાં માની છે ? કુટુંબીઓ, મિત્રો, સાહેબો, નેતાઓની વાત માની છે, હવે કોઈ સાચા સાધુ સંતની વાત માની જુઓ, એમના જ્ઞાનોપદેશનો આદર કરી જુઓ, અમલ કરી જુઓ. પછી ખાત્રી કરો કે જીવનમાં પરમાનંદનો પરમ ખજાનો મળે છે કે નહિ ?

સેવા, દાન, પુણ્ય જો સકામ કરવામાં આવે તો તેનું ફળ સંસાર તરફથી મળતું હોય છે અને જો નિષ્કામપણે કરવામાં આવે તો તેનું ફળ ઈશ્વર તરફથી મળે છે. સંસાર તરફથી જે સંપદા મળે છે તે ભોગ અને બંધન વધારે છે

જ્યારે ઇશ્વર તરફથી જે દૈવી સંપદા મળે છે તે મોક્ષનું સાધન બને છે.

✻

અનેક સાધકો સુખ પાછળ દોડીને પોતાના ઇષ્ટ માર્ગેથી ગુમરાહ થઈ જાય છે. સૌભાગ્યવશાત્ સત્સંગમાં શ્રીગુરુમુખેથી જ્યારે તેઓ સાંભળે છે કે, 'બહારનું જે સુખ મળશે તે ટકશે નહિ, જે વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ કે અવસ્થા સુખદ જણાશે તે આખરે તમે નહિ ઇચ્છો તોય દુઃખદ બનશે. સુખ પાછળ દુઃખ અવશ્ય આવે જ છે. જીવનમાં જે કંઈ મળશે તે મૃત્યુ આવતાં બધું છૂટી જશે. માટે સંસારમાં સુખ મેળવવું અને સુખ ટકાવવું વ્યર્થ છે.'–ત્યારે તેઓ પ્રશ્ન કરે છે કે 'તો શું કરવું ?'

તેમના આ પ્રશ્નના ઉત્તરમાં મોટા ભાગે કહેવામાં આવે છે કે ભજન કરો, જપ કરો, તપ કરો, ત્યાગ કરો, તીર્થયાત્રા કરો, દેવ–દર્શન કરો, સત્સંગ કરો. આ સાંભળીને સેંકડો ને હજારો સાધકો પોતાની માન્યતા પ્રમાણે એ બધું કરતા રહે છે. છતાં પણ ભય, ચિંતા, અશાંતિ અને દુઃખનો અંત નથી આવતો.

આ જોઈને વળી પાછા તેઓ પ્રશ્ન કરે છે કે 'શું કરીએ ?' એ નથી પૂછતા કે 'શું ન કરીએ ?'

જો સંસારનું ઇચ્છશો તો કંઈક કર્યા વિના ચેન નહિ પડે. અને જો પરમાત્માને ઇચ્છશો, પરમાત્મ–પ્રાપ્તિની ચાહના રાખશો તો "કંઈ જ ન કરવું" એ જ સૌથી સરળ ઉપાય છે.

મજૂરીથી મળે તે માયા હશે, નશ્વર હશે, મજુરી વિના મળે તે મહેશ્વર હશે. પરમાત્માની પ્રાપ્તિ જ્ઞાન માત્રથી થાય છે.

✻

પરમાત્મા હૃદયમાં જ બિરાજમાન છે પરંતુ અહંકાર બરફના પડની જેમ આવરણ બનીને ઊભો છે. આવરણનો ભંગ થતાં ખબર પડે છે કે હું અને પરમાત્મા કદી બે ન હતા, જુદા ન હતા.

✻

વેદાંત સાંભળીને જો જપ, પાઠ, પૂજા, કીર્તન, ધ્યાનને વ્યર્થ માનતા હો અને લોભ, ક્રોધ, રાગ, દ્વેષ, મોહાદિ વિકારોને વ્યર્થ માનીને નિર્વિકાર ન બનતા હો તો સાવધાન થઈ જાઓ. તમે એક ભયંકર આત્મવંચનામાં સપડાયા છો. તમારા એ કહેવાતા બ્રહ્મજ્ઞાનથી તમારો ક્ષુદ્ર અહં જ પોષાઈને મજબૂત બને છે.

✻

શ્રદ્ધાવાન જ શાસ્ત્ર અને ગુરુની વાત સાંભળવા તત્પર થાય છે, શ્રદ્ધાવાન જ આંખ, કાન, વાણી, રસના વગેરે ઇન્દ્રિયોને સંયમમાં રાખે છે, વશમાં રાખે છે, માટે શ્રદ્ધાવાન જ જ્ઞાનને ઉપલબ્ધ થાય છે. એ જ્ઞાન દ્વારા જ તેનાં ભય, શોક, ચિન્તા, અશાંતિ, દુઃખ કાયમ માટે નાશ પામે છે.

✻

સમતા નિર્વિકાર મનનો પરિપાક છે.

❋

વિષમતાથી બચવા માટે ન કોઈની સ્તુતિ કરો, ન કોઈની નિંદા કરો. કોઈ તમારી નિંદા–સ્તુતિ કરે તો મૌન રહો, શાંત રહો, સમ રહો.

❋

જે સત્સંગ નથી કરતા તેઓ દેહના મોહી હોય છે. તેથી, કોઈનો વિયોગ થાય છે ત્યારે દુઃખી થઈ કૂકડાટ કરે છે, આક્રંદ કરે છે. પરંતુ જે પોતાને સત્સંગી કહેવડાવે છે, સદ્ગુરુ અને ઈશ્વર પર શ્રદ્ધા રાખે છે તેઓ પણ સંબંધ-વિચ્છેદના પ્રસંગે રડે છે. ત્યારે સમજવું જોઈએ કે તેઓ પણ અસત્સંગીની જેમ દેહના જ પૂજારી છે. શરીરની ગેર-હાજરીમાં તેમને ઉણપ ખટકે છે. જેઓ પોતાના દેહનું અભિમાન નથી છોડી શકતા તેઓ જ અન્યના શરીર માટે આસક્તિ રાખે છે, દેહમાં જ અટકી જાય છે. આને જ મૂઢતા કહેવાય છે.

❋

જ્યારે કર્મનો ભોક્તા અહંકાર નથી રહેતો ત્યારે કર્મયોગ સિદ્ધ થાય છે. જ્યારે ભાવ, પ્રેમનો ભોક્તા અહંકાર નથી રહેતો ત્યારે ભક્તિયોગમાં અખંડ આનંદાનુભૂતિ થાય છે. જ્યારે જ્ઞાનનો ભોક્તા અહંકાર નથી રહેતો ત્યારે જ્ઞાનયોગ પૂર્ણ થાય છે.

❋

લાખો શ્રદ્ધાળુઓ, ગુરુભક્તો ગુરુનાં દર્શન કરે છે પરંતુ કોઈ કોઈ વિરલા શ્રદ્ધાવાનને જ ગુરુતત્વ પામવાની ધગશ હોય છે.

❋

બધાં નર–નારી તનની ચિકિત્સા કરાવવા ઉત્સુક રહે છે પરંતુ દુર્ભાગ્યવશ મનની ચિકિત્સા તરફ તેમનું ધ્યાન જ નથી જતું. સાચો સાધક સત્‌શિષ્ય એ છે કે જે સંસારના સંગથી મહારોગી બનેલા મનથી દુઃખી થઈને મનની ચિકિત્સા કરાવવા તત્પર થાય.

જ્ઞાની ગુરુનો આશ્રય લઈને અનેક શ્રદ્ધાળુ જનો નાનાથી મોટા થઈ ગયા, ખોટામાંથી ખરા થઈ ગયા, કઠોરમાંથી કોમળ થઈ ગયા, ભયભીતમાંથી નિર્ભય થઈ ગયા, અવિવેકીમાંથી વિવેકી થઈ ગયા.

તમે પણ એવા ગુરુનો આશ્રય લઈને નિત્યપ્રાપ્ત પરમાત્માની ઉપાસના કરો, સ્તુતિ કરો, પ્રાર્થના કરો. પ્રાર્થના-માં મન ન લાગે તો મન લગાડવા પ્રાર્થના કરો. ગમે તેમ કરીને આત્મલાભ પામી લો, આત્માનંદ પામી લો, નિજ-ઘરમાં આરામ પામી લો.

❋

મન દ્વારા નહિ પણ પ્રજ્ઞા દ્વારા અનુભવાય છે કે અહંકારની અંદર બહાર સર્વત્ર પરમાત્મા છે. તરંગની અંદર બહાર બધે જ સાગર છે.

❋

❋ પુરુષાર્થ પરમ દેવ ❋

શાસ્ત્ર પ્રમાણે ચાલતા પુરુષોની પ્રવૃત્તિ જ સઘળા પુરુષાર્થોની સિદ્ધિમાં કારણરૂપ છે. મનથી કેવળ ઇચ્છા કરવામાં આવે પરંતુ શાસ્ત્ર પ્રમાણે પુરુષાર્થ કરીને સિદ્ધ કરવામાં ન આવે તો તે એક પ્રકારનું ગાંડપણ જ કહેવાય. એથી પુરુષાર્થ સિદ્ધ થતો નથી પરંતુ પોતાને દુર્બળ માનવાની ભ્રાંતિ આવી જાય છે અને નિરાશા ઉત્પન્ન થાય છે. જે જે રીતે કર્મ કરવામાં આવે છે તે તે રીતે મનુષ્યને ફળનો અનુભવ થાય છે.

પૂર્વ જન્મનાં કર્મો ભોગ આપવાને સજ્જ થયાં હોય, તેજ પ્રારબ્ધ કહેવાય છે. પ્રારબ્ધરૂપ કર્મોનું ખંડન આ જન્મનાં સત્કર્મો રૂપી પુરુષાર્થથી કરી શકાય છે. પુરુષાર્થ બે પ્રકારનો છે : શાસ્ત્રોને અનુસરતો અને શાસ્ત્રથી વિરુદ્ધ. શાસ્ત્ર વિરુદ્ધ પુરુષાર્થથી અનર્થ થાય છે અને શાસ્ત્રને અનુસરતા પુરુષાર્થથી ઉત્તમ ફળ મળે છે.

પૂર્વજન્મના અને આ જન્મના પુરુષાર્થમાં જે ઓછા બળવાળો હોય છે તે હારી જાય છે. આથી પુરુષે શાસ્ત્રના નિયમને અનુસરીને એવો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી આ જન્મનો પુરુષાર્થ પૂર્વજન્મના પુરુષાર્થને જીતી લે. જો શાસ્ત્ર પ્રમાણે પુરુષાર્થ કરવા છતાં અનર્થની પ્રાપ્તિ થાય

તો તે સમયે એ અનર્થ આપનારા પૂર્વજન્મના પુરુષાર્થને પ્રબળ સમજવો. આપણે પ્રબળ ઉત્સાહ રાખીને, દાંત પીસીને શુભ પુરુષાર્થ કરવામાં જ મંડ્યા રહેવું કે જેથી વિઘ્ન નાખવા સજ્જ થયેલો પૂર્વજન્મનો અશુભ પુરુષાર્થ હારી જાય.

'મને પૂર્વ જન્મનું પ્રારબ્ધ ચલાવે છે' એવા વિચારને તો બળપૂર્વક પગ તળે કચડી નાખવો જોઈએ. કારણ કે આ જન્મના પ્રત્યક્ષ પુરુષાર્થથી પૂર્વજન્મનો અપ્રત્યક્ષ પુરુષાર્થ કદી પણ પ્રબળ થશે નહિ. જ્યાં સુધી પૂર્વજન્મનો અશુભ પુરુષાર્થ પોતાની મેળે સંપૂર્ણ રીતે શાંત થાય નહિ ત્યાં સુધી અત્યંત પુરુષાર્થ કરવામાં પ્રયત્નપૂર્વક મંડ્યા જ રહેવું. જેમ ગઈ કાલનું અજીર્ણ આજે કરેલા ઉપવાસથી ટળી જાય છે, તેમ પૂર્વજન્મનો દોષ પણ આ જન્મમાં કરેલા શુભ પુરુષાર્થથી નિઃસંદેહ ટળી જાય છે.

હિંમત ભરેલી બુદ્ધિથી પૂર્વજન્મના દુષ્ટ પ્રારબ્ધનો તિરસ્કાર કરીને સંસારમાંથી પોતાનો ઉદ્ધાર કરવા માટે આત્માનું શ્રવણ, મનન આદિ સાધનો રૂપી ઉદ્યોગ કરવો, પણ નિરુદ્યોગ રહીને ગધેડા જેવા પુરુષોની પંક્તિમાં રહેવું નહિ.

શાસ્ત્રાનુસાર કરેલો ઉદ્યોગ જીવતાં અને મૂઆ પછી પણ હિતકારક છે. સિંહ જેમ માણસોએ બનાવેલા બંધનના પાંજરામાંથી પુરુષાર્થ કરીને બહાર નીકળી જાય છે તેમ સમજુ પુરુષે સંસાર રૂપી ગુફામાંથી બળપૂર્વક પુરુષાર્થ કરીને બહાર નીકળી જવું જોઈએ. પોતાનો દેહ નાશવંત છે એમ નિત્ય

દીનતા અને દરિદ્રતાથી પીડાયેલા નળ અને હરિશ્ચંદ્ર જેવા મોટા પુરુષો પુરુષાર્થથી જ ઇન્દ્ર સમાન થયા છે. બૃહસ્પતિ પુરુષાર્થથી જ દેવતાઓના ગુરુ થયા છે અને શુક્રાચાર્ય પણ પુરુષાર્થથી જ દૈત્યોના ગુરુ થયા છે.

જે માણસ પુરુષાર્થથી પ્રારબ્ધનો પરાભવ કરવા ઇચ્છે છે તે માણસના સઘળા મનોરથો આ લોકમાં અને પરલોકમાં પૂર્ણ થાય છે. પરંતુ જેઓ પુરુષાર્થને છોડીને પ્રારબ્ધને આધીન થઈ રહે છે તેઓ પોતે જ પોતાના શત્રુ છે. તેઓ પોતાના ધર્મ, અર્થ અને કામનો નાશ કરે છે. સદાય અને સર્વત્ર સઘળાં કાર્યો સંપૂર્ણ રીતે પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે. દૈવ તો ક્યાંય જોવામાં આવતું નથી. આથી જગતમાં પુરુષાર્થ જ સાચો છે.

સફળતાનાં સોપાનો

૧. કામ (Work)

૨. આત્મ-ત્યાગ (Self-Sacrifice)

૩. આત્મવિસ્મૃતિ (Self-forgetfulness)

૪. સાર્વભૌમ પ્રેમ (Universal Love)

૫. પ્રસન્નતા (Cheerfulness)

૬. નિર્ભયતા (Fearlessness)

૭. સ્વાવલંબન (Self-reliance)

❋ સૂચિપત્ર ❋

સુખ દુઃખ સે પરે....	(હિન્દી)	૧–૫૦
કૌન નારી	”	૨–૫૦
યોગ લીલા...	”	૬–૫૦
શ્રી ગુરુગીતા....	”	૪–૦૦
ફકીરી મૌત....	”	૧–૦૦
યોગ અમૃત....	”	૨–૦૦
ઈશ્વરકી ઓર...	”	૩–૦૦
નાનક કી ઝાંકી....	”	૨–૦૦
નિર્ભય યોગ....	”	૦–૭૫
બ્રહ્મચર્ય ક્યા ક્યોં કૈસે ?....	”	૨–૦૦
આત્મ–સાક્ષાત્કાર....	”	૨–૦૦
મહકે મુસાફિર...	”	૧–૫૦
મન કો સીખ...	”	૧–૦૦
સ્વાસ્થ્ય સમ્રાટ...	”	૧–૫૦
શ્રી આશારામાયણ (પદ્ય)....	”	૦–૩૦
શ્રી બ્રહ્મરામાયણ (પદ્ય)...	”	૦–૭૫
લીવિંગ ફ્રી થ્રૂ વેદાન્ત....	અંગ્રેજી	૨–૫૦
ધી ડેથ ઓફ ડેથ....	”	૩–૦૦
મનને શીખામણ....	ગુજરાતી	૧–૫૦
વ્યવહારમાં વેદાંત....	”	૨–૦૦
શ્રી ગુરુગીતા	”	૩–૦૦
બ્રહ્મચર્યનો મહિમા...	”	૧–૫૦
જીવનનું ટોનિક....	”	૧–૨૫
મંગલમય જીવન મૃત્યુ....	”	૦–૭૫
વિવેક અને વૈરાગ્ય...	”	૨–૦૦

"બહારની સત્તા અને સાધન સામગ્રીઓથી આપણે ભલે ગમે તેટલા સુખી દેખાતા હોઈએ પરંતુ જ્યાં સુધી આપણને આત્મજ્ઞાનમાં રુચિ નથી, જ્ઞાનીઓનું સાંનિધ્ય મેળવીને પોતાના સ્વરૂપમાં ગયા નથી ત્યાં સુધી આપણે ખરેખર નાદાન બાળકો છીએ. માટે ઊઠો... જાગો......ક્યાં સુધી બાળલીલા કરશો?"



"ધન તમને જે ન આપી શકે, સત્તા તમને જે ન આપી શકે, કુટુંબીજનો અને પડોશીઓ તમને જે ન આપી શકે, જીવનભર જેમને સાથે લઈને ફર્યા તે મિત્રો તમને જે ન આપી શકે તે સુખ, તે સામર્થ્ય, તે જ્ઞાન, તમારા નિજ ઘરનો ખજાનો ખોલવાની ચાવી યોગ તમને આપે છે. ઊઠો...... જાગો...... જલ્દી કરો, સમય વીતી રહ્યો છે.

આ કપોલ કલ્પનાઓ નથી, સચોટ સત્ય છે. તમે એનો અનુભવ કરી શકો છો."

—પ. પૂ. સંતશ્રી આશારામજી બાપુ

આવરણ · નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · અમદાવાદ-૧ · ફોન : ૩૬૧૪૩૪